॥ શ્રી ઉમિયા માતા પ્રસન્નોસ્તુ ॥

# કડવા પાટીદાર કેળવણી મંડળ

પ્રકાશિત

# ‘ઉમાવાણી’

## દ્વૈમાસિક મુખપત્ર

સમાજનો સર્વાંગી વિકાસ ઝંખતું સામયિક

નવેમ્બર - ૨૦૨૩ થી
જાન્યુઆરી - ૨૦૨૪

વર્ષ : ૩૯ - અંક : ૬
સળંગ અંક : ૨૧૮


:: તંત્રી ::
ડૉ. ચંદ્રકાંત પટેલ
અમરોલી (ઉમરા)

:: સહતંત્રી ::
શ્રીમતિ નીતા પટેલ ‘‘આત્મન’’
કામરેજ ચાર રસ્તા

## શ્રદ્ધાંજલિ

આત્મા કદી જન્મતો નથી કે
મૃત્યુ પામતો નથી
જે નાશ પામે છે તે શરીર છે
આત્મા આજીવન
શાશ્વત અને અમર છે. ઈશ્વર
આપના દિવ્ય
આત્માને પરમશાંતિ અર્પે એજ
પ્રાર્થના



### સ્વ. ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ
### ગામ : પરવટ, સુરત

જન્મ તારીખ : ૦૧-૦૧-૧૯૨૮ સ્વ. તા. ૩૦-૧૦-૨૦૨૩

આપનો અને રૂખીબાનો સખત (ખડક જેવો) પરિશ્રમ, શિક્ષણ, કુટુંબ, સગા-સંબંધી અને સમાજ માટેની જવાબદારી જેવા સંસ્કાર સાથે સુખ, સમૃદ્ધિ અને શિક્ષણ આપવા બદલ ચંદનની સુવાસ જેવું આપનું જીવન અમોને પ્રેરણા અને માર્ગદર્શન કરાવતુ રહેશે.

### લિ. સ્નેહિ કુટુંબીજનો

| | |
|---|---|
| શોભના અને ડૉ. રમેશચંદ્ર પટેલ | રશ્મિ અને ડૉ. જગદીશચંદ્ર પટેલ |
| રશ્મિ અને જયંતકુમાર પટેલ | પ્રિયા અને ડૉ. સ્વપ્નેશ પટેલ |
| ડૉ. સ્વસ્તિ અને ડૉ. વર્ધન પટેલ | ડૉ. જાનવી અને મોહક પટેલ |
| કંચનબેન નગીનભાઈ પટેલ | જશુબેન પ્રવિણભાઈ પટેલ |
| ગીતાબેન અને ડૉ. દિનેશચંદ્ર પટેલ | ડૉ. ક્રિના અને ડૉ. કૌશલ પટેલ |
| પ્રિયંકા અને ડૉ. દેવન પટેલ | ડૉ. સચી અને પુર્વગ પટેલ |
| શ્રેના અને રૂચિર પટેલ | કાયરા, માન્યા, જર્નવ, વિહાન, વાનિકા |

# ઉમાવાણી

## દ્વૈમાસિક મુખપત્ર




### પ્રકાશક

❋ શ્રી ભરતભાઈ ઉર્ફે સુનિલભાઈ દયારામભાઈ પટેલ ❋

કડવા પાટીદાર કેળવણી મંડળ

કૃષિમંગલ, જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

ફોન : ૨૪૭૫૫૨૫, મો. ૯૮૨૫૩ ૦૫૧૪૬

ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧   વિદ્યામંગલ : ૯૫૩૭૧ ૯૩૯૩૯

જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૪૯૪૯૯

### તંત્રી

❋ શ્રી ચંદ્રકાંત ભીખાભાઈ પટેલ ❋

હાલ અમરોલી (ઉમરા)

TEACHER   M.A.B.Ed.

સુરત. મો. : ૯૮૭૯૦ ૧૧૦૦૯

### સહતંત્રી

❋ શ્રીમતિ નીતાબેન રાજેન્દ્રકુમાર પટેલ ❋

“આત્મન”

મુળગામ : છાપરાભાઠા

હાલ કામરેજ ચાર રસ્તા (મો) ૯૮૭૯૨ ૬૦૩૫૯

### સંકલન સમિતિ

❋ શ્રી પરેશભાઈ કે. મહેતા ❋

કૃષિમંગલ - સુરત - મો. ૯૯૭૯૯ ૧૩૦૨૪

❋ શ્રી નિરવ પટેલ ❋

ઉધના, સુરત. મો. ૯૯૭૯૧ ૪૭૦૨૮

### સહ સંપાદક

❋ શ્રી કિશોરભાઈ મોતીભાઈ પટેલ ❋

મોરથાણા

❋ શ્રીમતિ મનીષાબેન મુકુંદભાઈ પટેલ ❋

અડાજણ, સુરત (મો) ૯૪૨૬૯ ૦૪૬૧૭

❋ શ્રી મનુભાઈ ઈશ્વરભાઈ પટેલ ❋

ઉંભેળ (મો). ૯૭૧૪૪ ૮૦૮૮૮


### :: નોંધ ::

- ઉમાવાણીમાં પ્રગટ થતાં વિચારો સાથે તંત્રીઓ સંમત છે એમ માની લેવું નહિ.
- લેખો ફુલસ્કેપ કાગળની એક બાજુ પર સુવાચ્ય અક્ષરે લખી કૃષિમંગલ મોકલવા.
- લેખો મૌલિક અને ટુંકા હોય એ ઈચ્છાનીય છે. ઉતારો/અનુવાદ હોય તો જણાવવું.
- લેખની જવાબદારી લેખકની છે પણ સ્વીકાર, અસ્વીકાર કે સંક્ષેપનો હક્ક તંત્રીનો રહેશે.
- જ્ઞાતિના સમાચાર આધારભૂત હોવા જરૂરી છે.
- લેખ સમાચાર પ્રકાશનના વીસ દિવસ પહેલાં મળી જવા જોઈએ.
- સામાજિક લેખોને અગ્રિમતા અપાશે.

### :: આટલું તો કરીએ જ ::

- ઘરમાં કુળદેવી ઉમિયા માતાની છબી રાખીએ.
- શુભ લગ્ન પ્રસંગે માતાજીને (ઊંઝા) ભેટ મોકલીએ.
- લગ્ન સાદાઈથી કે સમૂહમાં કરીએ.
- સમાજ ઉત્કર્ષની પ્રવૃતિમાં સહકાર આપીએ.
- કુરિવાજ નાબૂદીમાં આગળ રહીએ.
- ઉમાવાણી વાંચીએ અને વંચાવીએ.

### :: નિભાવ યોજના ::

- સ્વજન સ્મૃતિ અંદર આકું પાનું રૂા. ૨,૫૦૦/-
- જાહેરાત આખું પાનું રૂા. ૩,૦૦૦/-
  અડધું પાનું રૂા. ૧,૫૦૦/- (ફક્ત વ્યાપારી)
  રંગીન જાહેરાત ટાઈટલ-૨ પર ૧૦,૦૦૦/-
  રંગીન જાહેરાત ટાઈટલ-૩ પર ૭,૫૦૦/-
  ફોટાઓ આપવાના રહેશે.
- દર એક અંકના પ્રકાશનના છે.
- વર્ષ જાન્યુઆરી થી ડિસેમ્બર ગણાશે.
- છૂટક લવાજમ સ્વીકારતા નથી.
- કેળવણી મંડળ ના સભ્યને જ વિના મુલ્યે મળશે.
- પરદેશ માટે આજીવન લવાજમ રૂા. ૫,૦૦૦/-

કડવા પાટીદાર કેળવણી મંડળ - પ્રકાશિત



# ઉમાવાણી

વર્ષ : ૩૯ અંક : ૬
નવેમ્બર - ૨૦૨૩ થી
જાન્યુઆરી - ૨૦૨૪
સળંગ અંક : ૨૧૮

## આટલું જાણો

૧. 'ઉમાવાણી' અંગ્રેજી વર્ષના ૧-૩-૫-૭-૯-૧૧ માં માસમાં દર બે માસે પ્રગટ થાય છે.

૨. હાલમાં કેળવણી મંડળ નાં આજીવન સભ્યોને જ ઘર દીઠ એક નકલ મોકલવામાં આવે છે.

૩. અંક ન મળે તો કૃષિમંગલ પર જ તપાસ કરવી.

૪. તમારું સરનામું બદલાય તો કૃષિમંગલ પર લેખિત જાણ કરો.

૫. 'ઉમાવાણી' આપણું છે, એ તમારા ઘરમાં હોવું જ જોઈએ.

૬. 'ઉમાવાણી' નો ઉદ્દેશ્ય શિષ્ટ, સંસ્કારલક્ષી, વિચારપ્રેરક સાહિત્ય પીરસી સમાજનાં સંતુલિત નવઘડતરનો છે.

૭. મરણનોંધ, વિચારપ્રેરક પ્રસંગો, સમાજ સુધારાના સમાચાર અને વિશિષ્ટ સિધ્ધિઓની આધારભૂત માહિતી અમને મોકલી આપો.

૮. અંક ૧-૩-૫ નું સંપાદન તંત્રી અને અંક ૨-૪-૬ નું સંપાદન સહતંત્રી સંભાળે છે.

## અનુક્રમણિકા

૧. સમાચાર દર્પણ
૨. કડવા પાટીદાર કેળવણી મંડળ પ્રવૃત્તિઓ - મંત્રીશ્રી વિકાસભાઈ
૩. વિદ્યામંગલ સમાચાર - મંત્રીશ્રી (વિકાસભાઈ પટેલ)
૪. **''મહિલા મંડળ''**
   ૧. સ્પોકન ઈંગ્લિશ કલાસ - ૨૦૨૩
૫. કર્મ એટલે જ કૃષ્ણ - સહતંત્રીશ્રી (નીતા રાજેન્દ્રકુમાર પટેલ)
૬. **''ચિંતન''**
   ૧. ચાલો વિચારોનું વાવેતર કરીએ. (નટવરલાલ એન. પટેલ)
   ૨. પીઝાની બીજી બાજુ (શારદાબેન પટેલ)
   ૩. ઈશ્વર મહાન ચિત્રકાર (મંજુલાબેન પટેલ)
   ૪. આજનું ગામડું અને પહેલાનું ગામડું (સીમા અમીત પટેલ)
   ૫. ઈચ્છા અને સંતોષ (મગનભાઈ લ. પટેલ)
   ૬. ચિંતન - સ્મરણ - મિલન (ધનસુખભાઈ પી. પટેલ)
૭. **''સમાજ''**
   ૧.માફ કરી દેને હવે...! (પન્ના પટેલ)(પ્રીતુ)
   ૨.વિશ્વાસ વિશે આત્મવિશ્વાસ (રાજુ એ. પટેલ)
   ૩.બાળ ઉછેર-સામાજિક સભાનતા સાથે (મોસમી નિરવ પટેલ
૮. **''શિક્ષણ''**
   ૧. આભાર માનવાની ટેવ પાડીએ (અનિતાબેન પટેલ)
   ૨. આંતરિક વિકાસ (જિજ્ઞાબેન પટેલ)
   ૩. વડીલોને પગે લાગવાથી (રાજેશ્રીબેન એમ. પટેલ)
   ૪. મા-બાપ થવું તે એક સાધના (પારૂલબેન પટેલ)
   ૫. જીવનનું જરૂરી અંગ સમય (મગનભાઈ લ. પટેલ)
   ૬. આશા રાખીને જીવો (કિશોરનાના)
   ૭. સમજણનું સુખ (અરવિંદભાઈ પટેલ)
૯. **''આરોગ્ય''**
   ૧. બીમારીને બાય બાય (ડૉ. હની પટેલ)
   ૨. ડાયાબિટીસ (ડૉ. સંજીવ)
   ૩. ક્રોધાગ્નિ શાંત કેવી રીતે થાય ? (જ્યોતિબેન એ. પટેલ)
૧૦.**''અન્ય લેખો''**
   ૧. શ્રી ઉમિયા દ્વારેથી
   ૨. પુષ્પાંજલિ કેવળ સદગતને (વિજયકુમાર પટેલ)
   ૩. ''આત્મન'' વિચારમાળા
   ૪. રામ એટલે શું ? (વિપુલ એમ. પટેલ)
   ૫. આજની વિડંબણા (મગનભાઈ લ. પટેલ)
   ૬. આ છે દોસ્તીની ઉદારતા.. (રસીકભાઈ ટી. પટેલ)
૧૧.શ્રધ્ધાંજલિ

# સમાચાર દર્પણ



ગામ જોખા હાલ સુરત ના શ્રી સ્નેહલકુમાર નારણભાઈ ની સુપુત્રી પિનલ એસ. પટેલે M.D. (Micro Biology) કરમસદ Bhaikaka University થી પ્રાપ્ત કરી ને સમગ્ર મોહલાત પરિવારનું ગૌરવ વધાર્યુ છે ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ જોખા હાલ સુરત ના શ્રી સ્નેહલકુમાર નારણભાઈ ના સુપુત્ર ધ્રુવિલ એસ. પટેલે (M.B.B.S.) ની ડીગ્રી સર જે.જે હોસ્પીટલ, ગ્રાન્ટ મેડીકલ કોલેજ, મુંબઈ થી પ્રાપ્ત કરી ને સમગ્ર મોહલાત પરિવારનું ગૌરવ વધાર્યુ છે. તે બદલ ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.



ગામ મોરથાણા હાલ U.S.A. ચિ. શ્રેયા જય પટેલ ને Daisy Award થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ બે દાયકાથી એ નર્સોને એનાયત કરવામાં આવે છે જે દર્દીઓ અને તેમના પરીવારોને કિલીનીકલ સંભાળમાં શ્રેષ્ઠતા ઉપરાંત કરુણા પ્રદાન કરે છે આ એવોર્ડના હેતું દર્દીઓ, પરિવારો અને સહકાર્યકરો પાસે થી નામાંકન એકત્રીત કરીને નર્સોને કૃતજ્ઞતા દર્શાવી તેમનું સન્માન કરવાનો છે. હાલમાં શ્રેયા Baylor Heart Hospital Dallas Texas ખાતે ICC Nurse ની ફરજ બજાવી રહ્યા છે. ઉમાવાણી શુભેચ્છા પાઠવે છે.



ગામ કન્યાસીના શ્રી સુનીલભાઈ નવનીતભાઈ ના સુપુત્ર ચિ. ધ્યેય પી.પી. સવાણી યુનિવર્સિટી માંથી B.Sc. I.T. ની ડિગ્રી 9.13 CGPA સાથે પ્રાપ્ત કરી છે વધુ અભ્યાસ માટે તેઓ કેનેડા જય રહ્યા છે ઉમાવાણી શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે.



ગામ નવાગામના શ્રી વિરલભાઈ સુરેશભાઈ પટેલની સુપુત્રી ચિ. દિયાએ B.S.C. નર્સીંગની ડીગ્રી બેલાગાવી (કર્ણાટક) યુનિ. માંથી 78% સાથે પાસ કરી છે. ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભચ્છા સહ અભિનંદન પાઠવે છે.



ગામ ધારૂઠા ના સંદિપકુમાર ખુશાલભાઈ પટેલ ની સુપુત્રી ચિ. હેનીએ B.S.C. Nursing ની ડીગ્રી VNSGU માંથી 68.20% સાથે પાસ કરી છે. ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભચ્છા સહ અભિનંદન પાઠવે છે.



ગામ અબ્રામા હાલ અડાજણ, સુરતના ડૉ. મનિષા પ્રમિતકુમાર પટેલના સુપુત્ર ચિ. પ્રયાગ પ્રમિતકુમાર પટેલ તા. ૨૨-૨-૨૦૨૨ ના રોજ લેવાયેલ પ્રખરતા શોધ કસોટી Talent Search Test (TST) માં સમગ્ર ગુજરાત રાજ્યમાં 99.81 Percentile Rank સાથે ૫૦ મો મેરીટ ક્રમ પ્રાપ્ત કરેલ છે. TST એ દર વર્ષે ધો-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ-ગાંધીનગર દ્વારા લેવાતી કસોટી છે. આ કસોટીમાં વર્ષ ૨૦૨૨ માં કુલ ૧૦૩૬ વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે પસંદગી થઈ છે. ચિ. પ્રયાગ ભવિષ્યમાં પણ આવી કસોટીમાં સફળતા પ્રાપ્ત કરી સમાજને ગૌરવ અપાવે તેવી ઉમાવાણી તરફથી શુભેચ્છા



ગામ કુડસદ ના શ્રી નિકુંજભાઈ નટવરભાઈ પટેલ ની સુપુત્રી ચિ. માનસી એ B.P.T. ની ડીગ્રી વુમન્સ યુનિ. મુંબઈ ખાતે થી A+ ગ્રેડ સાથે પ્રાપ્ત કરેલ છે. તે બદલ ઉમાવાણી તેમને વધુ પ્રગતિ માટે શુભેચ્છા સહ અભિનંદન પાઠવે છે.



માંકણા ગામના શ્રી કેયુરભાઈ મહેશભાઈ પટેલના ધર્મપત્ની શ્રીમતિ જેતલબેન પટેલ કે જેઓ હાલમાં માંકણા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા બજાવી રહ્યા છે. હાલમાં તેમની કામરેજ તાલુકા સરપંચ એસોસિયેશનના પ્રમુખ તરીકે બિનહરિફ વરણી કરવામાં આવી છે. જે માંકણા ગામ તથા લાલચુડા કડવા પાટીદાર સમાજ માટે ગૌરવ પ્રદ વાત છે. ઉમાવાણી બહેન શ્રી જેતલબેનને શુભેચ્છા સાથે લોકોપયોગી કાર્યો કરવા માટે અભિનંદન પાઠવે છે.



મૂળ ગામ કરજણ, હાલ નેસવીલ ટેનેશી, અમેરીકા ના શ્રી બાલુભાઈ ઝવેરભાઈ પટેલ (સાટિયા) સામજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે, હાલ ઉમિયાધામ નેસવિલ ટેનેશીમાં તેઓની ટ્રસ્ટી તરીકે નિમણૂંક થઈ છે, જે આપણા માટે ગૌરવ ની બાબત છે, માં ઉમિયાના આશીર્વાદથી તેઓ હજુ પણ સામાજિક સેવા અગ્રેસર રહી કરતા રહો તેવી પ્રભુ પ્રાર્થના. ઉમાવાણી તરફથી ખુબ ખુબ શુભેચ્છા



ગામ પીપોદરા ના શ્રી નિકુંજભાઈ મુળચંદભાઈ પટેલ ના સુપુત્ર ચિ. શીવમે માસ્ટર્સ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગની ડીગ્રી કેનેડા થી ગ્રેડ - ૪.૩૦ સાથે પ્રાપ્ત કરેલ છે. ઉમાવાણી શુભેચ્છાસહ અભિનંદન પાઠવે છે.

## પારિતોષિક વિતરણ સમારોહ

શ્રી વિકાસભાઈ પટેલ (મંત્રીશ્રી)

કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા તા. ૧૦-૧૧-૨૦૨૩ ના રોજ જ્ઞાતિના સ્નાતક, અનુસ્નાતક, એન્જનીયરીંગ, મેડીકલ-પેરા મેડીકલ, ડિપ્લોમાં તેમજ અન્ય અભ્યાસક્રમોમાં તેજસ્વી કારકીર્દી ધરાવતા વિદ્યાર્થીઓ માટે પારિતોષિક વિતરણ સમારોહ-૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય મહેમાન શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી - મેયર, સુરત મહાનગર પાલિકા, સંસ્થાના પ્રમુખશ્રી સુનિલભાઈ પટેલ, મંત્રીશ્રી વિકાસભાઈ પટેલ, સહમંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, ખજાનચી શ્રી અમીષભાઈ પટેલ, સલાહકાર સભ્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને આમંત્રિત સભ્યશ્રીઓ તથા સમગ્ર કડવા પાટીદાર કેળવણી મંડળ, શ્રી સુચેતનભાઈ પટેલ તથા સમગ્ર યુવક મંડળ, શ્રી નીતાબેન પટેલ તથા મહિલા મંડળ, વિદ્યામંગલના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ, જ્ઞાનગંગાના સહમંત્રીશ્રી સમીરભાઈ પટેલ તથા ટીમ ઉપસ્થિત રહી કાર્યક્રમની સફળતા માટે સહયોગી બન્યા હતા.

મા ઉમિયાની છડીથી કાર્યક્રમની શુભ શરૂઆત કરી સૌ પ્રથમ શ્રી વિકાસભાઈ પટેલ - મંત્રીશ્રીએ પોતાના શુભાષિશ સાથે વિદ્યાર્થીઓને આવકારી મંડળની તમામ પ્રવૃત્તિઓનો ચિતાર સૌ સમક્ષ રજૂ કર્યો હતો. મંડળે કરેલ ઉત્તરોત્તર પ્રગતિની ચર્ચા કરી આગામી સમયમાં સૌની સહભાગિતાની અપીલ કરી હતી. ત્યાર પછી શ્રી દક્ષેશભાઈ માવાણીનું બુકે અને સ્મૃતિ ભેટ આપી કેળવણી મંડળના હોદ્દેદારોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું.

શ્રી દક્ષેશભાઈ માવાણીએ પ્રસંગોચિત વક્તવ્યમાં સૌ સમક્ષ પ્રેરક વાતો રજૂ કરી પોતાના અનુભવો વિદ્યાર્થી સમક્ષ રાખ્યા હતા તથા સાથે જ સમાજના તેજસ્વી તારલાઓને પોતાના ક્ષેત્રથી ઉપજતી રકમમાંથી ૧ ટકા સમાજ માટે ખર્ચ કરવા અપીલ કરી હતી. જીવનમાં આવતી સમસ્યાનું તરત જ સમાધાન કરવા તથા પોતાના ક્ષેત્રમાં ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની વાત પ્રસંગ દ્વારા રજૂ કરી હતી. પોતાના પ્રેરણાદાયી ઉદબોધન થી ''ઓલ ઈઝ વેલ'' કહી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

ત્યાર બાદ ઈનામ વિતરણની શરૂઆત પ્રેરણાત્મક વાતાવરણમાં શરૂ કરવામાં આવી હતી. કુલ ૮૧ જેટલા પારિતોષિક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનું ડીગ્રી મુજબ વિવરણ નીચે મુજબ હતું.

| | |
|---|---|
| મેડિકલ - પેરા મેડિકલ - ૨૦ | સ્નાતક - ૨૪ |
| એન્જીનીયરીંગ - ૨૦ | અનુસ્નાતક - ૬ |
| ડિપ્લોમા - ૩ | રમત ગમત તથા અન્ય ક્ષેત્રે - ૮ |
| | કુલ - ૮૧ |

જે પૈકી અમુક વિદ્યાર્થીઓ વધુ અભ્યાસમાં જોડાયેલ જાણવા મળ્યાં, અમુક જોબ કરતા તથા અમુક વિદેશ અભ્યાસ કરવા ગયેલ જાણવા મળ્યા. વિદેશની ધરતી પર આપણા વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ નોંધપાત્ર છે એ આપણી સમાજ માટે ગૈરવની વાત છે.

કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ શ્રી સુનિલભાઈ પટેલે પોતાના પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી સમાજનું નામ રોશન કરો એવી અભિલાષા સાથે કારકીર્દીની શરૂઆત ખંત અને મહેનતથી કરી આગળ વધો એવા શુભાશિષ પાઠવ્યા હતા તથા મંડળના વિકાસ માટેની વાતો રજૂ કરી હતી.

તંદુરસ્ત વાતાવરણમાં અંતમા સહમંત્રીશ્રી યોગેશભાઈ પટેલે આભારદર્શનમાં પોતાના વિચારો શિક્ષણ ક્ષેત્રે પોતાના અનુભવ તથા આવનારા સમયમાં સૌ ખૂબ પ્રગતિ કરે એવી ભાવના વ્યક્ત કરી કાર્યક્રમ સફળતા સાથે સમાપન કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થીનીએ પોતાના વિચારો રજૂ કરી સમાજને ઉપયોગી કાર્યોમાં પોતાની ભાગીદારી બતાવી હતી.

કામરેજ ચાર રસ્તા કડવા પાટીદાર પરિવાર નામાવલીનું દરેક ગામ દીઠ એક પુસ્તિકાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું તથા શ્રી ભરતભાઈ પટેલ - લીંડીયાતે અમેરિકા ફાર્મ ડી કર્યુ હોય અને ઉચ્ચ અભ્યાસ માટે તથા ત્યાં ફાર્મસીમાં નોકરી માટે ઓફર લેટર તથા જરૂરી મદદ નિઃસ્વાર્થ ભાવે કરી આપવા જાહેરાત કરી હતી જરૂરિયાતમંદ એમનો સંપર્ક કરી શકો છો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નીતા રાજેન્દ્રકુમાર પટેલ - પ્રમુખશ્રી મહિલા મંડળે કર્યુ હતું.

સૌ તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાના ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મેળવી કારકીર્દિ બનાવી સમાજનું નામ દેશ - દુનિયામાં રોશન કરે એવી શુભેચ્છા પાઠવી મા ઉમિયાના જયકાર સાથે સૌ ભોજન કરી પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

"આત્મન"



## ઉમામંગલ કામરેજ ચાર રસ્તા
## સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિરમાં ૩૪૦ (ત્રણસો ચાલીસ) લાભાર્થી
## દર્દીઓને વિનામૂલ્યે સેવા સમ્પન્ન

શ્રી વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ
મંત્રીશ્રી કડવા પાટીદાર કેળવણી મંડળ

લાલચૂડા કડવા પાટીદાર સમાજ અને સનશાઈન ગ્લોબલ હોસ્પીટલ સુરતના સંયુકત આયોજન હેઠળ સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સનશાઈન હોસ્પીટલના FOH પ્રેસીડન્ટ અને તેમની ટીમના ભગીરથ પ્રયાસો, મહેનત દ્વારા સમાજના આશરે ૬૫ (પાસઠ) ગામોમાં પ્રચાર પ્રસાર અર્થે માર્ગદર્શન - માહીતી પૂરી પાડતી મિટીંગો રાખવામાં આવી હતી. મિટીંગોનું આયોજન કાર્યક્રમની તારીખ પહેલાના ૨૦ થી ૨૨ દિવસો આગળથી શરૂ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક ગામોમાં સફળ મિટીંગોનું વ્યવસ્થિત રીતે સંચાલન કરી સમાજના ભાઈ બહેનોને કાર્યક્રમની વિસ્તૃત માહિતીની સમજ આપી સૌને ૫મી નવેમ્બર, રવિવારે થનારા સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિર સ્થળ : ઉમામંગલ કામરેજ ચાર રસ્તા ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં સમાજ જાગૃતિ અને સ્વાસ્થ્યજાગૃતિને લક્ષમાં રાખી કાર્યક્રમના દિવસે ઉમામંગલ કામરેજ ચાર રસ્તા માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય ધ્યેય - આશય સમાજમાં આરોગ્ય ક્ષેત્રે જાગૃતિના પ્રયાસો અને સમાજમાં રોગો ન થાય અથવા પ્રમાણમાં ઘટાડો થાય તેના માટેની કાળજી સાવચેતીના પ્રયાસોનું માર્ગદર્શન હતું. સમાજ આરોગ્ય બાબતે જાગૃત થાય અને જીવનમાં તબીબી ક્ષેત્રે સભાનતા કેળવી તંદુરસ્ત જીવન બનાવી શકે એ કાર્યક્રમનું લક્ષ હતું.

સમાજની આ આરોગ્યલક્ષી જીવન યાત્રાની ક્ષણિક ઘડીઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ નિમિત્તે અને તેના પ્રયાસ સ્વરૂપે આશરે ૨૨૦૦ (બાવીસસો) વ્યકિતઓએ પોતાના નામ તથા મોબાઈલ નંબર સહિત રજીસ્ટ્રેશન કરાવી સહકારપ્રાર્થી બની સંકલિત થયા છે જેમાં સ્વાસ્થ્ય જાગૃતિ ચિંતન શિબિરમાં, પ્રદર્શીનીમાં મેગા કેમ્પમાં તેમજ FOH કાર્ડ લાભાન્વીત વિભાગમાં આયુષ્યમાન કાર્ડ વિભાગમાં એમ કોઈને કોઈ વિકલ્પથી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાન્વીત થયેલ છે. જે આ મહાશિબિરની મોટી સફળતાનું જવલંત ઉદાહરણ કહી શકાય.

મહાશિબિરની શરૂઆતમાં જ સ્વાસ્થ્ય જાગૃતિ ચિંતન શિબિરના સ્ટેજ પ્રોગામમાં ઉપરના હોલમાં છલોછલ માનવ મેદની ઉપસ્થિત રહી હતી. વિશેષ મહાનુભાવો, આગંતુક મહેમાનો, સમાજના શ્રેષ્ઠીગણો, ભાઈઓ-બહેનો, તથા વ્યકિત સમુદાયથી હોલ પૂરેપૂરો ભરપૂર થઈ ગયો હતો. કાર્યક્રમના મહાનુભાવોમાં ડાયસ્ક પર બિરાજમાન આપણા સમાજના હોદ્દેદારોમાં પ્રમુખશ્રી સુનીલભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમીષભાઈ એ કેળવણી મંડળના પ્રતિનિધિ હોદ્દેદારો તરીકે સ્થાન શોભાવ્યું હતું. યુવક મંડળના પ્રમુખશ્રી સુચેતનભાઈ તથા મહિલા મંડળના પ્રમુખશ્રી નિતાબેન પોતપોતાની સંસ્થાના અગ્રણી તરીકે સ્થાન શોભાવ્યું હતું. સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના ઉપરીગણોમાં ડૉ. બિરેન ચૌહાણ (સી.ઓ.ઓ), ડૉ. પ્રતિક માલી (સેન્ટર હેડ) અને કાર્યક્રમના મુખ્ય આયોજક, સમાજ અગ્રણી, હોસ્પીટલના FOH પ્રેસીડન્ટ ડૉ. સતિષભાઈ પટેલ ની ઉપસ્થિતિ સૌ માટે ગૌરવ સમાન કહી શકાય. કાર્યક્રમને આયોજીત કરનારી મેડીકલ સહાય સમિતિના શ્રી રાજેશભાઈ (રાજુભાઈ) પટેલ, ડૉ. હેમંતભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

દિપ પ્રાગટય વિધિ દ્વારા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું આ શુભવિધિમાં FOH પ્રેસીડેન્ટ ડૉ. સતિશભાઈ, પ્રમુખશ્રી સુનીલભાઈ, મંત્રીશ્રી વિકાસભાઈ, સહમંત્રીશ્રી યોગેશભાઈ, ખજાનચીશ્રી અમીષભાઈ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિતાબેન, યુવા પ્રમુખ સુચેતનભાઈ સમાજના માજી પ્રમુખશ્રી શાંતુભાઈ તથા સ્ટેજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. હોસ્પીટલના ઉપરીગણોમાં ડૉ. બિરેન ચૌહાણ તથા ડૉ. પ્રતિક માલી સહિત સમાજ અગ્રણીઓ સામેલ હતાં.

દિપ પ્રાગટય બાદ શ્રી વિકાસભાઈ પટેલે સ્વાગત પ્રવચન દ્વારા જનમેદનીનું શબ્દો દ્વારા સ્વાગત અભિવાદન કરતાં આનંદની લાગણી વ્યકત કરી હતી. ત્યાર બાદ સનશાઈન હોસ્પીટલના ડૉ. બિરેન ચૌહાણે કાર્યક્રમની સફળતામાં રહેલી ડૉ. સતિષભાઈની આગવી ભૂમિકાને બિરદાવતા તેઓ તથા તેમની ટીમની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. હોસ્પીટલની છેલ્લા ૯ (નવ) વર્ષની કારકીર્દિ તથા સફળ સેવાના સંસ્મરણોને યાદ કરી, સંસ્થાની યશગાથાની સ્મૃતિઓને વાગોળી તેને તાજી કરી હતી. હોસ્પીટલમાં દર્દીઓને મળતી સુવિધા, તેનેઆપવામાં આવતી ઈમરજન્સી વિભાગની સેવાઓ તથા હોસ્પીટલ દ્વારા સમાજની થતી સેવાકીય માહિતી આપવામાં આવી હતી. મહાશિબિરના મુખ્ય આયોજક ડૉ. સતિષભાઈ પટેલે કાર્યક્રમની શરૂઆતથી અંત સુધીની આયોજનની વાતો અને સૌ દ્વારા ગામે ગામથી મળેલ સહકાર - સહયોગને બિરદાવ્યો હતો. તેમની સાથી ટીમના નામોલ્લેખ સાથે તેઓની કામગીરીની પ્રશંસા કરી હતી. કાર્યક્રમની સફળતા માટે નામી-અનામી સૌ ભાઈ-બહેનો અને ખાસ કરીને સમાજના વ્યવસ્થાપક મંડળોમાં કેળવણી મંડળ તેના હોદ્દેદારો અને વ્યવસ્થાપક કમિટિ સભ્યો તથા આમંત્રિત મહેમાનો તથા તેનાં સલાહકાર મંડળના સભ્યો, મહિલા મંડળ, તેના હોદ્દેદારો તથા કમિટિ સભ્યો અને પ્રતિનિધિ આમંત્રિત બહેનો, યુવક મંડળ, તેના હોદ્દેદારો તથા કમિટિ સભ્યો તથા પેટા સમિતિઓના સભ્યો વિદ્યામંગલ સ્કૂલ તથા જ્ઞાનગંગાના હોદ્દેદારો તથા પેટા સમિતિઓના સભ્યો તથા સ્ટાફગણસૌ નામી અનામી વ્યકિતઓનું શાબ્દિક અભિવાદન કરી આનંદ વ્યકત કર્યો હતો. હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે વિતરણ થનાર FOH કાર્ડ વિષે માર્ગદર્શન માહિતી પુરી પાડી હતી. કાર્ડ દ્વારા મળનાર વિના ડિપોઝીટ ઈમરજન્સી સેવા માટે હોસ્પીટલની માનવતાલક્ષી સેવાને તાળીઓના ગડગડાટ દ્વારા બિરદાવી તેના ધન્યવાદ સમાજની આ સેવાકીય પ્રવૃતિને આપ્યા હતા.

ત્યાર બાદ સમાજમાં થતાં રોગોમાં મુખ્ય રોગોના તબીબ મિત્રોમાં ડૉ. પ્રિતેશ પારેખ કાર્ડિયોલોજીસ્ટ, ડૉ. અંકિત પટેલ કેન્સર રોગોના નિષ્ણાંત, ડૉ. યશ વૈદ યુરો-કીડની રોગોના નિષ્ણાંત, ડૉ. દક્ષેશ પટેલ જનરલ સર્જન તથા ડૉ. વિહાંગ શાલી ન્યૂરો ફિઝીશ્યન જેવા તજજ્ઞ તબીબોએ માનવ મેદનીને પોતપોતાની વિશેષતાને અનુલક્ષીને રોગો અંગેના પ્રશ્નોની માહિતી અને માર્ગદર્શન પુરુ પાડયું હતું. રોગો અંગેની ઉત્કાંઠા - ઉત્સુકતા યુકત પ્રશ્નોતરી સભાજનો માંથી આવતા તેના નિરાકરણ રૂપમાં પ્રત્યુતરો પણ ઉમંગ ઉત્સાહથી જ્ઞાનસભર રીતે આપ્યા હતાં. ત્યાર બાદ સભાજનોને ઓડીઓ વિડીયો તથા પ્રોજેકટર દ્વારા LED (એલઈડી) સ્ક્રીન દ્વારા હોસ્પીટલોમાં સારવાર લઈ ચૂકેલ દર્દીઓના અનુભવોની ફીડબેક તથા હોસ્પીટલની ટીમે લીધેલ સમાજના ગામોની મૂલાકાતની માહિતી - માર્ગદર્શનની મિટીંગોના ઓડીઓ-વિડિયો તથા સંવાદો સંભાળાવવામાં તથા બતાવવામાં આવ્યા હતા.

સર્વરોગ મેગા કેમ્પમાં આશરે ૩૦ જેટલા સ્પેશ્યાલીસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબો દ્વારા દર્દીઓની તપાસ અને નિદાન કરી સલાહ-સૂચન આપવામાં આવ્યું હતું. અલગ અલગ રોગો થકી રોગોની વિવિધતા સભર નિદાન અને નિવારણની માહિતી, હૃદય રોગોના હુમલામાં COLS/CPR

બેઝિક લાઈફ સેવિંગ ની પ્રત્યક્ષ પ્રેકટીકલી જાણકારી-માર્ગદર્શન માહિતી જનમેદની વચ્ચે બતાવવામાં આવી હતી. હોસ્પીટલ દ્વારા પ્રોગ્નોશીસ ફાઈલો બનાવી દર્દીઓની હાઈટ, વજન, ઉંમર, બ્લડ પ્રેશર, બ્લડ તથા યુરીન તપાસના ડેટાની નોંધ કરી આપવામાં આવી હતી. જે ભવિષ્યમાં કોઈક પ્રકારની ઈમરજન્સી સારવારમાં મદદરૂપ થઈ શકાય. સમાજમાંથી ઘણાં દર્દીઓએ આવી સેવાનો લાભ લીધો હતો. COLS/CPR બેઝિક લાઈફ સેવિંગ દ્વારા હૃદયરોગના હુમલામાં દર્દીનો બચાવ FOH (ફ્રેન્ડસ ઓફ હોસ્પીટલ) કાર્ડ વિતરણ વિભાગ, આયુષ્યમાન કાર્ડ વિભાગ, ન્યૂરો સાઈન્સ વિભાગ, યુરોલોજી-ડાયાલિસિસ વિભાગ, ઓર્થોપેડીક વિભાગ (હાડકાનો), કાર્ડિયોલોજી વિભાગ, વિગેરે આપણી સ્વાસ્થ્ય જાગૃતિ મહાશિબિરનું મુખ્ય આકર્ષણ હતું. જેના દ્વારા રોગો થવાના કારણો, લક્ષણો, નિવારણ માહિતી તથા તેના નિષ્ણાંત તબીબોની માહિતી પ્રાપ્ત થઈ હતી.

આ ઉપરાંત નિદાન કેમ્પમાં કિડની રોગોના નિષ્ણાંત, દાંતના રોગોના નિષ્ણાંત, રૂમેટોલોજીસ્ટ, ફિઝીયોથેરાપીસ્ટ, ડાયેટીશ્યન, કેન્સરના રોગોના નિષ્ણાંત, પથરીના રોગોના નિષ્ણાંત, ઘૂંટણના સાધાના નિષ્ણાંત, હૃદય રોગોના નિષ્ણાંત, નાક-કાન-ગળાના નિષ્ણાંત, આંખના રોગોના નિષ્ણાંત, રેડીયોલોજીસ્ટ, ફિઝીશ્યન વિભાગ, સ્ત્રી રોગોના નિષ્ણાંત, બાળ રોગોના નિષ્ણાંત, જનરલ સર્જન વિભાગ, મગજ રોગોના નિષ્ણાંત, આયુર્વેદિક વિભાગ, વિવિધ રોગોના તજજ્ઞ તબીબોએ તથા હોસ્પીટલના ૧૨૫ (એકસો પચીસ) કર્મચારીગણોએ સેવા પ્રદાન કરી હતી.

કાર્યક્રમના અંતિમ ભાગમાં સૌ સમાજ જનો દર્દીઓ તથા જનમેદનીએ પ્રીતી ભોજન સ્વીકારી કાર્યક્રમની પૂર્ણાહુતિ બપોરે ૩-૦૦ કલાકે કરવામાં આવી હતી. કાર્યક્રમની જવલંત સફળતા માટે અને કાર્યક્રમની શરૂઆતથી અંત સુધીની સુવ્યવસ્થા જાળવવા માટે આયોજકો દ્વારા સૌ નો અંતઃ કરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

આપના આરોગ્યલક્ષી કોઈ કામકાજ, કોઈ જરૂરીયાત અથવા માહિતી - માર્ગદર્શન માટે આપને કોઈ મદદની-સલાહની જરૂરીયાતમાં

**ડૉ. સતિશભાઈ (કુડસદ) FOH પ્રેસીડન્ટ**
**સનશાઈન ગ્લોબલ હોસ્પીટલ, સુરત.**
**(મો) ૯૮૨૫૬ ૯૫૯૮૫, ૭૫૭૪૮ ૪૯૪૭૩**

**નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.**

| :: કેમ્પની વિશષ માહિતી :: |
| --- |
| લાભાન્વીત ગોમાની સંખ્યા ૬૫ ગામો |
| ટોટલ લાભાન્વીત ૨૨૦૦ વ્યકિતઓનું રજીસ્ટ્રેશન |
| તબીબોની સંખ્યા ૩૦ થી વધુ |
| હોસ્પીટલ કર્મચારીઓ ૧૦૦ થી વધુ |
| લાભાન્વીત દર્દીઓ ૩૪૦ |
| FOH કાર્ડ લાભાર્થીઓ ૩૪૩ |
| આયુષ્યમાન કાર્ડ લાભાર્થીઓ ૮૮ |
















| Speciality Wise Patients | Patient |
|---|---|
| Eye check Up | 47 |
| General Check Up | 83 |
| ENT | 14 |
| Urology | 7 |
| Gynec | 21 |
| Cardiac | 30 |
| Orthopaedic | 135 |
| Neuro | 3 |
| Total Patients | 340 |







શ્રી વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ
મંત્રીશ્રી, કડવા પાટીદાર કેળવણી મંડળ

કડવા પાટીદાર કેળવણી મંડળ આયોજિત અને સ્વ. દૂર્ગા બા પરિવારના સૌજન્યથી ૧૫૩ મા સમૂહ લગ્નોત્સવનુ આયોજન ઉમા મંગલ, કામરેજ કરવામાં આવ્યું હતું જેમાં ૬ યુગલો જોડાતા કુલ સમૂહ લગ્ન ૧૦૬૪ થવા પામ્યા છે. વર કન્યાને આશીર્વાદ - શુભેચ્છા આપવા શ્રી સુનિલભાઈ પટેલ - પ્રમુખશ્રી, શ્રી સુરેશભાઈ પટેલ - ઉપપ્રમુખશ્રી, શ્રી જતીનભાઈ પટેલ - ખજાનચીશ્રી, શ્રી નીતાબેન પટેલ, શ્રી જ્યોતિબેન પટેલ તથા મહિલા મંડળની ટીમ, સ્વ. દૂર્ગા બા પરિવારમાંથી શ્રીમતિ શીલાબેન પટેલ, શ્રીમતિ નિરંજનાબેન પટેલ, શ્રીમતિ જયાબેન પટેલ, સમૂહ લગ્ન સમિતિ ના સભ્યશ્રીઓ, શ્રી સુનિલભાઈ પટેલ મંત્રીશ્રી વિદ્યામંગલ, શ્રી બકુલભાઈ પટેલ - ઈન્ચાર્જ સહમંત્રી વિદ્યામંગલ, પધારેલ સ્નેહીજનો, સમૂહ લગ્નોત્સવમાં પધારેલ સૌ આમંત્રિત મહેમાનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપ્યું હતુ

શ્રી વિકાસભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન દ્વારા મંડળની પ્રવૃત્તિનો ચિતાર તથા વર કન્યાઓને શુભેચ્છા પાઠવી હતી. સાથે જ લગ્ન સંસ્થા વિશે પણ પોતાના વિચાર રજૂ કર્યા હતા. લગ્ન એ માત્ર બે આત્માનું જ નહીં બલ્કે બે પરિવારનું મિલન છે. સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર છે. જેના થકી કુટુંબ વ્યવસ્થા ટકી રહી છે.

સમૂહ લગ્ન એ સાદગીને પરિપૂર્ણ કરે છે, એક સામાજિક વિચાર છે. હાલમાં જ પાટીદાર ધારા સભ્યશ્રીએ પોતાના દિકરાના લગ્ન સમૂહ લગ્નમાં કરાવી એક મિશાલ ઉભી કરી છે.

વર-કન્યાને ચાંદીની મુદ્રા, સન્માન પત્ર, દુર્ગા બા પરિવારની પત્રિકા તથા પ્રતિકરૂપે એક વાસણનું કન્યાદાન ઉપસ્થિત હોદ્દેદારોના હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી જ્યોતિબેન પટેલ, શ્રી હેમુબેન પટેલ તથા શ્રી દિપીકાબેન પટેલે વિદાય ગીત ગાઈ લોકોના મનમાં દિકરી વિદાયનો ભાવ જન્માવ્યો હતો.

અંતમાં શ્રી જતીનભાઈ નવીનભાઈ પટેલ - ખજાનચીશ્રીએ પ્રસ્તુત સમૂહ લગ્નમાં ઉપસ્થિત હોદ્દેદારો, મહિલા મંડળ, યુવક મંડળ, ખાસ ઉપસ્થિત દુર્ગા બા પરિવારના સ્નેહીજનો, આમંત્રિત મહેમાનો, વર-કન્યાના પરિવારજનો, લગ્ન સમિતિ, રસોડા સમિતિ, કર્મચારી ગણ, મજૂર વર્ગ તથા મદદરૂપ થનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમૂહ લગ્નના વિદાય-સન્માન સમારંભનું સફળ સંચાલન શ્રી ધનસુખભાઈ મૂળચંદભાઈ પટેલે કર્યું હતું.

અંતમાં ફોટોગ્રાફી કર્યા બાદ સમૂહ લગ્નોત્સવ સંપન્ન કર્યો હતો.



જ્ઞાન ગંગા ઈગ્લિંશ મિડિયમ સ્કૂલ આયોજિત

## વિદ્યામંગલ સમાચાર

વિકાસભાઈ પટેલ (જોખા)
મંત્રીશ્રી : કડવા પાટીદાર કેળવણી મંડળ

### Teacher's Day

**''સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગખંડમાં લઈ આવતા હોય છે.''**

ચાણક્ય એ કહ્યું છે કે - 'શિક્ષક કભી સાધારણ નહી હોતા.....' કારણકે ગણિત, વિજ્ઞાન, ભાષા, મનોરંજન કે રમત-ગમતમાં નિષ્ણાંત થવા માટે સારા શિક્ષકની જરૂર પડે છે. પોતાના મોટા પદ પર બિરાજમાન માણસો પણ એ ઊંચાઈ સુધી પહોંચાડનારા પોતાના વિચારોને જીવનભર યાદ રાખે છે.



૫ સપ્ટેમ્બર ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ દિવસ છે. તેઓ એક ઉમદા વિદ્યાર્થી અને શ્રેષ્ઠ શિક્ષક હતા. આપણા દેશમાં શિક્ષક દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ ૧૯૬૨ માં ડૉ. રાધાકૃષ્ણનના રાષ્ટ્રપતિ બનવા સાથે થઈ હતી. હકીકતમાં આ વર્ષે તેમના વિદ્યાર્થીઓએ એમનો જન્મદિવસ ઉજવવાની મંજૂરી માંગી હતી આ અંગે રાધાકૃષ્ણને કહ્યું કે, મારો જન્મ દિવસ ઉજવવાને બદલે તેઓ આ દિવસને સમગ્ર દેશમાં શિક્ષકોના સન્માનમાં શિક્ષક દિવસ તરીકે ઉજવે તો તે મારા માટે ગૌરવપૂર્ણ લ્હાવો હશે. આ રીતે દેશમાં પ્રથમ વખત ૫ સપ્ટેમ્બર ૧૯૬૨ ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દવિસની શરૂઆત કરવામાં આવી હતી.

૫ સપ્ટેમ્બર ના દિવસે અમારી શાળા જ્ઞાનગંગા ઈંગ્લીશ મીડીયમમાં પણ શિક્ષક દિનની ઉજવણીનું ઉમંગભેર આયોજન કરવામાં આવ્યું હતું. સવારની પ્રાર્થના સભાથી લઈને આખા દિવસના શિક્ષણ કાર્યની કામગીરી રસ રુચિ ધરાવતા ઉત્સાહી બાળકો દ્વારા કરવામાં આવી હતી. પોતે શિક્ષકના સ્થાન પર રહીને કઈ રીતે શિક્ષણ કાર્ય કરવું વર્ગને સ્વર્ગ કઈ રીતે બનાવવો, શિક્ષણ કાર્ય કરતી વખતે કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે અને ભવિષ્યમાં શિક્ષક થવા માટે પોતાનામાં કેટલી યોગ્યતા છે તેનું માપદંડ કાઢવા માટે બાળકો શિક્ષણ કાર્યમાં સહભાગી બન્યા હતા.

મધ્યાહ્ન સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણીને દરેક સંસ્કાર ભવન ગૃહમાં ગયા. ત્યાં મુખ્ય મહેમાનો કડવા પાટીદાર કેળવણી મંડળના મંત્રી વિકાસભાઈ પટેલ, સહમંત્રી શ્રી યોગેશભાઈ પટેલ, શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ, આચાર્યશ્રી આશિષ સર ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તમામ શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ દ્વારા સમસ્ત સંસ્કાર ભવન દીપી ઉઠ્યો હતો. શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે પંકજ સર દ્વારા સંસ્કાર ભવનના રંગમંચને ખૂબ જ મનમોહક રીતે શણગારવામાં આવ્યો હતો. એક તરફ ડૉકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનનું તૈલીચિત્ર મૂકવામાં આવ્યું હતું. તેમજ 'મા શારદા' ની પ્રતિમા પ્રાસ્થાપિત કરવામાં આવી હતી અમારી શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ તેમજ આચાર્યશ્રી આશિષ સર દ્વારા 'શુભમ કરોતુ કલ્યાણમ' શ્લોક ગાન સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને આગળ વધારતા શાળાની શોભા એવા બાળકો દ્વારા શિક્ષકનું મહત્વ સમજાવતા વક્તવ્યથી શરૂઆત થઈ. ''આ જીવન માટે મારા માતા-પિતાનો ઋણી છું પણ, મારા જીવનને સારું બનાવવા માટે મારા શિક્ષકોનો હું ઋણી છું.'' સત્ય અને ન્યાયના માર્ગ પર ચાલવુ શિક્ષક જ આપણને શીખવાડે છે. જીવનની કઠિનાઈઓ સાથે લડવું આપણને શિક્ષક જ શીખવાડે છે. આમ, શિક્ષકોનું શબ્દગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રંગમંચ ઉપર દરેક શિક્ષકોને ઉપસ્થિત કરી વિદ્યાર્થીઓ દ્વારા કુંકુ અને અક્ષત વડે શિક્ષકોનું તિલક વિધિ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંગીત શિક્ષક શ્રી આશિષ સર દ્વારા તૈયાર કરેલા બાળકો દ્વારા કલાત્મક નૃત્ય નિહાળ્યું હતું.

અમારી શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ દ્વારા શિક્ષકોની પ્રશંસાના રૂપમાં એમની શબ્દ વાણીની મહેકથી વાતાવરણને મધ મધતું કરી મૂક્યું હતું. એમની વાણી - ''એક શિક્ષક પાસે જ એવી કળા છે જે માટીને કંચનમાં બદલી શકે છે.'' શિક્ષક એટલે લાગણીઓનો મેળો પ્રલય અને નિર્માણનો એક માત્ર ઘડવૈયો.

ત્યારબાદ કડવા પાટીદાર કેળવણી મંડળના સહમંત્રી શ્રી યોગેશભાઈ પટેલ દ્વારા શિક્ષક કેવો હોવો જોઈએ ? તે વિશે શિક્ષકના જીવનનો હૃદય સ્પર્શી ચિતાર આપ્યો હતો. એમના શબ્દો - જો શિક્ષક સૂતો હોય તો વિદ્યાર્થી બેઠો રહે, જો શિક્ષક ઊભો હોય તો વિદ્યાર્થી ચાલતો રહે, જો શિક્ષક ચાલતો હોય તો વિદ્યાર્થી દોડતો રહે અને જો શિક્ષક દોડતો હોય તો વિદ્યાર્થી ઊંચેરી સિદ્ધિઓને સર કરતો રહે છે. આમ, આચાર્યશ્રી આશિષ સર તેમજ ધોરણ ૯ તેમજ ૧૧ સાયન્સ, કોમર્સના બાળકો દ્વારા પણ સમયને અનુરૂપ વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

શ્રીમતી પિંકલ મેડમના સહયોગથી જેનીસ સર દ્વારા એક નાની એવી રમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક શિક્ષકોના બાળપણના ફોટોગ્રાફને બાળકો આગળ પડદા પર ક્રમબદ્ધ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ શિક્ષકોને ઓળખવાના હતા. હર્ષોઉલ્લાસથી આખું ભવન ગુંજી ઉઠ્યું હતું.

અંતે ટ્રસ્ટી ગણ તરફથી શિક્ષકોના માનમાં શિક્ષકોને ખૂબ જ સુંદર ઉપહાર આપીને, તમામને સન્માનિત કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીઓએ શિક્ષક પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી અને અંતે રાષ્ટ્રગીતની ધૂન 'જન ગણ મન' ની સાથે શિક્ષક દિન પર્વની પૂર્ણાહુતિ કરી હતી.












All The
Can Do
s Within You,
Everything




TEACHER'S Day







## જ્ઞાન ગંગા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ આયોજિત

# Ganesh Mahotsav

वक्रतुंड महाकाय सूर्यकोटी समप्रभः।

निर्विघ्नं कुरूमे देव सर्वकार्येषु सर्वदा ॥



અમારી શાળામાં તારીખ ૧૯-૯-૨૦૨૩ ના રોજ ગણપતિ સ્થાપનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૧ સાયન્સ તેમજ કોમર્સના વિદ્યાર્થીઓ દ્વારા માટીની સુંદર કલાત્મક મૂર્તિ બનાવવામાં આવી હતી. તેમજ ૧૯-૯-૨૦૨૩ ના રોજ ની શુભ પ્રભાતે શિક્ષક ગણ તેમજ હોસ્ટેલના બાળકો દ્વારા પુરા વિધિ વિધાન સાથે ગણપતિ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી.

ત્યારબાદ દરેક ધોરણ પ્રમાણે રોજ સવારે ગણપતિજીની આરતીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં દરેક ધોરણ પ્રમાણે વિદ્યાર્થીઓએ તેમજ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો અને પ્રસાદી લીધા બાદ દૈનિક શિક્ષણ કાર્યમાં જોડાયા.

આમ, પાંચ દિવસ ખૂબ જ આનંદ ઉલ્લાસથી પૂરા ભક્તિભાવથી ગણપતિજીની સ્થાપનાનો સૌએ લ્હાવો લીધો

અમારીશાળા ના મંત્રી શ્રીમતી પિંકલબેન અને સહ મંત્રીશ્રી સમીરભાઈ ના હસ્તે ગણપતિજી ની આરતી ઉતારી વિદ્યાર્થીઓને ધાર્મિકતાનું મહત્વ સમજાવ્યું.

તારીખ ૨૯-૯-૨૦૨૩ ને શનિવારના રોજ ગણપતિ વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું. કુદરતના તત્વોને નુકસાન ન પહોંચાડવું, જેવાં સંદેશને સાર્થક કરવા ગણેશજીની માટીની મૂર્તિનું શાળાના મેદાનમાં જ પાણીના ટબમાં વિસર્જન કરવામાં આવ્યું.

બાળકોના ચહેરા પર ખૂબ જ ઉમંગ હતો તેમજ સાથે સાથે બાપ્પાની વિદાયનું દુઃખ પણ હતું પરંતુ જેનું સર્જન છે તેનું વિસર્જન પણ છે એનું મહત્વ સમજાવવા માટે તો ગણેશજીનું આગમન થાય છે. એ ભાવ બાળકોને સમજાવવામાં આવ્યો. ગણેશજીના નારાથી આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું. અંતે ભવ્ય ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આમ, આપણા ધાર્મિક તહેવારોનું મહત્વ તેમજ બાળકોમાં આધ્યાત્મિકતાના ગુણો વિકસે એ ભાવ અભિવ્યકત કરવામાં આવ્યો. આમ, આખું વાતાવરણ આનંદમય બની ગયું હતું.









## S.S.C. વિદ્યાર્થી



પ્રયાગ પ્રમિતકુમાર પટેલ
ગામ : અબ્રામા (હાલ સુરત)
ધોરણ : 10
ટકા : 93.50

## H.S.C. વિદ્યાર્થી



ક્રિશ મિતલકુમાર પટેલ
ગામ : વલણ (હાલ જામનગર)
ધોરણ : 12 Sci.
ટકા : 86.20 CBSC

**નોંધ :- ધો-૧૦ અને ધો-૧૨ માં A-1 અને A-2 ગ્રેડ હોયતો ઉમાવાણી માં છાપવામાં આવશે.**

## જ્ઞાન ગંગા ઈંગ્લિંશ મિડિયમ સ્કૂલ આયોજિત

### 'સ્વચ્છતા અભિયાન'

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' આ સૂત્ર ગાંધીજીએ આપ્યું છે તેઓ સ્વચ્છતાને ખૂબ જ મહત્વ આપતા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ નવી દિલ્હીમાં રાજપથ પર સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરતા કહ્યું હતું કે "૨૦૧૯ માં મહાત્માં ગાંધીની ૧૫૦ મી જયંતીના અવસરે ભારત તેમને સ્વચ્છ ભારતના રૂપમાં સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ આપી શકે." ૨ ઓકટોબર ૨૦૧૪ ના રોજ દેશભરમાં એક રાષ્ટ્રીય આંદોલનના રૂપમાં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત થઈ હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સંદેશને સાર્થક કરવા અમારી શાળામાં તારીખ ૨૯-૯-૨૦૨૩ ને શુક્રવારના રોજ મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ અને આચાર્યશ્રી આશિષ સરના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારની પ્રાર્થના સભામાં જ દરેક બાળકોને સ્વચ્છતા મહત્ત્વ સમજાવતા પોતાના વિચારો અભિવ્યકત કર્યા હતા. બાળકોમાં સ્વચ્છતાનો ગુણ વિકસે તેમજ તેઓ શ્રમદાનનું મહત્વ સમજે એ હેતુથી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ શાળાના પ્રાંગણમાં દરેક વિદ્યાર્થીઓને કતારબદ્ધ લઈ જવામાં આવ્યા હતા. રેલીમાં બાળકોએ બેનર સાથે રેલી પ્રદર્શન કર્યુ હતું. બાળકોએ 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત', 'અમારી શાળા સ્વચ્છ શાળા, સુંદર શાળા', 'ગંદકી ભગાવો, સ્વચ્છતા લાવો' જેવા અનેક લોક જાગૃતિ માટેના સૂત્રોનો સૂત્રોચ્ચાર કરી શાળાની આસપાસનું વાતાવરણ પણ ગુંજતું કર્યુ હતું.

ત્યારબાદ શાળાના મેદાનમાં આચાર્યશ્રી આશિષ સર દ્વારા બાળકોને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના 'મન કી બાત' ના માધ્યમથી દેશની જનતાને જે સંદેશો પહોંચાડ્યો હતો તેનાથી બાળકોને માહિતીગાર કર્યા હતા.

સ્વચ્છ ભારત આપણું, સ્વપ્ન એવું જોઈએ રોજનું, સ્વચ્છ રહે શેરી મહોલ્લા, ગંદકીરહિત પાનના ગલ્લા જાતે કરીએ ઘરની સફાઈ, રસ્તાઓ પણ સાથે ભાઈ, કચરો ના ફેંકીએ રસ્તા પર કચરા માટે કચરાપેટી વાપરીએ, એટલું તો ચોક્કસ જાતે જ કરીએ. ના ગંદકી કરીશું ના કોઈને ગંદકી કરવા દઈશું, જેવા ઉચ્ચ વિચારો બાળકોમાં જાગ્રત કરાવ્યા.

શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ દ્વારા પોતે હાથમાં ઝાડુ લઈને શાળાના મેદાનની સફાઈની શરૂઆત કરવામાં આવી હતી. તેમને જોઈને બાળકોમાં પણ

શ્રમદાન તેમજ સ્વચ્છતાનો ગુણ વિકસે એ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. શાળાના તમામ શિક્ષકોએ પણ શાળાની સફાઈ કરી હતી. સ્વચ્છતાની જવાબદારી કોની ? સરકારની કે આપણી ? ગામના ચોરે માવો ખાતા સરકારે શું કરવું જોઈએ તેની વાતો કરે એ જ માણસ બહાર જઈને પાનની પિચકારીઓ કરે, આવું કામ જો તે જાતે કરે તો, સરકાર બિચારી શું કરે ? સ્વચ્છતા સર્વને ગમે છે, તો શરૂઆત કેમ નથી કરતાં ? શું દેશને સ્વચ્છ રાખવો એ જવાબદારી બસ સરકારની જ ? જેવા વિચાર બીજ પિંકલ મેડમ દ્વારા બાળકોના મનમાં રોપવામાં આવ્યા હતાં.

ત્યાર પછી બાળકોને અલગ અલગ ટુકડીમાં વહેંચીને શાળાના ખૂણે ખૂણાને સ્વચ્છ અને સુંદર, કલાત્મક બનાવી. બાળકોએ પણ પૂરા મનથી તેમજ કોઈપણ પ્રકારના શરમ સંકોચ વિના ખૂબ જ ઉત્સાહપૂર્વક પોતાના શ્રમનું યોગદાન આપ્યું હતું. દરેક બાળકોને તારીખ ૧-૧૦-૨૦૨૩ ના રોજ સવારે ૧૦ વાગે મોદીજીની વાતને સમર્થન આપવા સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અને ઘરના તેમજ આસપાસના લોકોને પણ આ કાર્યક્રમમાં જોડાઈને ઘર, શેરી, ગામને સ્વચ્છ કરવાના અભિયાનમાં જોડાઈ પોતે પણ શ્રમદાન આપે એવી સૌને પ્રેરણા પૂરી પાડવામાં આવી. આમ, આખું વાતાવરણ સ્વચ્છતાના લીધે પ્રફુલ્લિત બની ગયું હતું.














रोजाना हो साफ़-
लेनी होगी नहीं दवाई
स्वच्छ भारत
स्वस्थ भारत

## Science Centre Visit

સ્થળ : નવી પારડી
તા. ૦૯-૧૦-૨૦૨૩

અમારી શાળા જ્ઞાન ગંગા અંગ્રેજી માધ્યમમાં તારીખ ૦૪-૧૦-૨૦૨૩ ના રોજ ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને સાયન્સ સીટીની મુલાકાત માટે લઈ ગયા હતા. સવારે ૮-૩૦ વાગ્યે પ્રભુની પ્રાર્થના કરી, હળવો નાસ્તો કરીને વિદ્યાર્થીઓ બસમાં બેસીને સુરત ખાતે આવેલ સાયન્સ સીટીની મુલાકાતે નીકળ્યા.

દરેક વિદ્યાર્થીઓના મુખ પર એક અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો હતો. આશરે ૧૦ વાગ્યાના સુમારે અમે સૌ સાયન્સ સીટી પહોચ્યાં. ત્યાં જઈને સૌપ્રથમ છોકરીઓ અને છોકરાઓનું અલગ-અલગ ગૃપ બનાવવામાં આવ્યું. છોકરીઓના ગૃપ સાથે તેજલ મેડમ, મોનાલી મેડમ તેમજ નિકિતા મેડમ હતા. અને છોકરાઓના ગૃપ સાખે હેમલ સર, કુલદીપ સર અને હેમાંગ સર હતા.

સૌથી પહેલા અમે સૌ ખોજ વિભાગમાં ગયા. ત્યાં વાઈરોલોજી (વાઈરસના જીવન આધારિત માહિતી આપતો વિભાગ) માં જુદા જુદા પ્રકારના વાઈરસ, તેમનો આકાર, તેમના દ્વારા થતાં રોગો વિશે રચના ત્રિપાઠી દ્વારા સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું. ત્યાં આપણા શરીરના વિવિધ કોષોનો સૂક્ષ્મદર્શક યંત્રમાં દેખાવ કેવો હોય છે તે પણ બતાવવામાં આવ્યું. તે ઉપરાંત ત્યાં સામાજિક રીતે વિજ્ઞાનનો આપણા રોજિંદા જીવનમાં કેવી રીતે વપરાશ થાય તે પણ ખૂબ સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું. જેમકે રોબોટનો વપરાશ કોરોનાકાળમાં દર્દીની સારવાર માટે કેવી રીતે કરવામાં આવ્યો, પ્લાસ્ટિકને ઓગાળીને વિવિધ આકાર આપી શકાય તે વિશે ખૂબ જ સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ બધા વિદ્યાર્થીઓ હીરા વિભાગમાં ગયા. ત્યાં વિવિધ પ્રકારના હીરાના નમૂના મૂક્યા હતા. અને વિવિધ પ્રકારની પદ્ધતિના વપરાશ દ્વારા કેવી રીતે કાચા હીરાને સરસ આકાર આપી ટેન્ટ કિંમત માં વધારો થાય છે ? તે પણ સરસ રીતે સમજાવામાં આવ્યું.

ત્યારબાદ સૌ વિજ્ઞાન સાથે ગમ્મતના વિભાગમાં ગયા. ત્યાં વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક પધ્ધતિના વપરાશ દ્વારા આપણે ગમ્મત પણ કરી શકીએ અને તેના દ્વારા વૈજ્ઞાનિક શિક્ષણ પણ મેળવી શકીએ તે સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓને રોકેટના વિવિધ ભાગો વિશે વિસ્તારથી સમજાવવામાં આવ્યું હતું. ત્યા કૃત્રિમગ્રહો કેવી રીતે અવકાશમાં મોકલવામાં આવે છે તે પણ મમતા બેન દ્વારા ખૂબ જ સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સૌરમંડળના વિભાગમાં પ્રવેશ્યા. ત્યાં બધા જ ગ્રહો ખૂબ જ સરસ વિઝ્યુલ ઈફેક્ટ સાથે બતાવવામાં આવ્યા હતા. ત્યાં આપણી પૃથ્વી સૂર્યની આસપાસ કેવી રીતે પોતાનું ભ્રમણ પૂર્ણ કરે છે અને પોતાની ધરી પર કેવી રીતે ફરે છે ? તે સમજાવામાં આવ્યું. બધા ગ્રહો સૂર્ય સાથે ગુરુત્વાકર્ષણ બળ થી કેવી રીતે જોડાયેલા છે ? તે સમજાવ્યું. તે સિવાય વૈજ્ઞાનિકો અવકાશમાં સફર કરી આવ્યા હતા તેમનો પહરવેશ કેવો હોય તે પણ બતાવવામાં આવ્યું હતું.

આમ દરેક વિદ્યાર્થીઓ સાઈન્સ સેન્ટરની મુલાકાતથી ખૂબ જ ઉપયોગી માહિતીથી માહિતગાર થયા.








## વિદ્યામંગલ શાળામાં નવરાત્રી ઉત્સવની ઉજવણી

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં નવરાત્રી ઉત્સવનું આયોજન તા. ૧૫-૧૦-૨૦૨૩ થી તા. ૨૪-૧૦-૨૦૨૩ સુધી માતાજીની પૂજા આરાધના સાથે ખૂબ જ ધામધૂમ અને ભક્તિભાવથી કરવામાં આવી હતી. જેમાં શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ અને ઈન્ચાર્જ સહમંત્રીશ્રી કલ્પેશભાઈ પટેલ અને રસોડા વિભાગના તમામ સભ્યશ્રીએ હાજર રહી બાળકોને નવરાત્રી ઉત્સવ માટેની તમામ જરૂરી સાધનસામગ્રી અને સુવિધા તેમજ માર્ગદર્શન પૂરું પાડી પોતાની ફરજને બખૂબી નિભાવીને એક આદર્શ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. બાળકોને દરરોજ રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ સુધી ગરબા રમવાનો આનંદ અને આરોગ્યની સાચવણી કરતો પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો.

નવરાત્રી મહોત્વ દરમિયાન ત્રીજા નોરતાએ ક.પા.કે મંડળના મંત્રીશ્રી વિકાસભાઈ પટેલ, સહમંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, ખજાનચીશ્રી અમીષભાઈ પટેલ, જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહ મંત્રીશ્રી સમીરભાઈ પટેલ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન પટેલ તથા તેમનાં સાથી મિત્રોએ આપણી શાળાની આરતીમાં ભાગ લીધો હતો. અને સાથે સાથે બાળકોમાં નવરાત્રીનો જોમ જુસ્સો જળવાઈ રહે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ યુવક મંડળના કમિટી સભ્યશ્રીઓએ ખૂબ જ સુંદર સેવા બજાવી હતી.

શિક્ષણની સાથે બાળકોમાં આધ્યાત્મિકતાના ઓજસ પથરાય, સાથે સાથે ભારતીય સંસ્કૃતિનું જતન, સંરક્ષણ અને સંવર્ધન થાય એ હેતુ જળવાઈ રહ્યો હતો.

આમ, આ કાર્યક્રમમાં શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ, સહમંત્રીશ્રી કલ્પેશભાઈ પટેલ અને રસોડા વિભાગના ટ્રસ્ટી મંડળનાસભ્યશ્રી સતીષભાઈ, દીપકભાઈ, કિશોરભાઈ, અજીતભાઈ, રવિભાઈ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો અને પૂજા અર્ચના માટેની તમામ વસ્તુઓ પૂરી પાડી હતી.

ટ્રસ્ટી મંડળનો સહકાર વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતાનો અનુભવ કરાવતો, સંસ્કારોનું સિંચન કરાવતો માતાજીનો આ ઉત્સવ અવિસ્મરણીય બની રહ્યો હતો.












## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિજ્ઞાનમેળાની સિદ્ધિ

તા. ૧૭-૧૦-૨૦૨૩ ને મંગળવાર ના રોજ S.V.S.-11 (શાળા વિકાસ સંકુલ-૧૧) કક્ષાનો વિજ્ઞાનમેળો મલેકપુર મુકામે અંજુમન હાઈસ્કૂલમાં યોજય ગયો. જેમાં વિદ્યામંગલ નિવાસી શાળાના જ્ઞાનદીપ માધ્યમિક વિભાગ, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી વિભાગ-૪ અને વિભાગ-૫ માં બે કૃતિ મુકવામાં આવી હતી. જેમાં માધ્યમિક વિભાગમાંથી વિભાગ-૫ માં "સ્માર્ટ કાર પાર્કિંગ સિસ્ટમ" નો પ્રથમ નંબર આવ્યો હતો. જેના માર્ગદર્શક રાહુલભાઈ વઘાસીયા, વિરલભાઈ મિસ્ત્રી અને જીજ્ઞાસાબેન રણાની મહેનતથી સફળતા પ્રાપ્ત કરી હતી. અને તેના બાળવૈજ્ઞાનિકો (૧) રૂપેલીયા ઈશાંત અને (૨) વસાવા જયદિત્યએ ભાગ લીધો હતો.

જ્ઞાનસરિતા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી વિભાગ-૫ માં "તરંગનાં વ્યતિકરણથી મળતી શલાકાઓ" કૃતિ મૂકવામાં આવી હતી. જે કૃતિના માર્ગદર્શક શ્રી વિપુલભાઈ અને તેના બાળવૈજ્ઞાનિકો (૧) મરાઠે દિશા તથા (૨) પટેલ જીનલ અનિલભાઈએ ભાગ લીધો હતો. એ બદલ શાળા પરિવારે આ બંને વિભાગના માર્ગદર્શક શિક્ષકોને અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.








Automatic
Street





# જ્ઞાન ગંગા ઈંગ્લિંશ મિડિયમ સ્કૂલ આયોજિત

## નવરાત્રિ ઉજવણી

**યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ**

નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રધ્ધાના રંગમાં રંગાય જાય છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. ઘટસ્થાપના, દેવી સ્તુતિ, મધુર ઘંટડીઓના રણકાર, દીવા-બત્તી-ધૂપની સુગંધ, આ નવ દિવસ સુધી ચાલતા આ સાધના ઉત્સવ નવરાત્રિનું જ આ એક ચિત્ર છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રિના તહેવારનું એક વિશેષ મહત્વ છે. નવરાત્રિમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. આસો મહિનામાં આવતી આ નવરાત્રિમાં નવ દિવસ ગરબા અને રાસ રચાય છે. આ ઉપરાંત રામલીલા, રામાયણ, ભાગવત પાઠ, જેવા ધાર્મિક અનુષ્ઠાનો થાય છે. અને તેથી જ તો નવરાત્રિ દરમ્યાન દરેક વ્યકિત એક નવા ઉત્સાહ અને ઉમંગથી ભરેલો જોવા મળે છે.

અમારી શાળામાં પણ તારીખ ૨૦-૧૦-૨૦૨૩ ના રોજ બાળકોના ઉત્સાહ અને ઉમંગને જોઈ મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ તેમજ આચાર્યશ્રી આશિષ સરના સહયોગથી નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાસ ગરબાની રમઝટ માટે બાલભવનથી લઈને ધોરણ ૧૨ સુધીના તમામ બાળકો નવરાત્રીના ટ્રેડિશનલ કપડામાં આવ્યા હતા. શાળાના વિશાળ મેદાનને શણગારવામાં આવ્યું હતું. વચ્ચે માતાજીની પ્રતિકૃતિ મુકવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મા આદ્યશકિતની આરતીથી કરવામાં આવી હતી. આરતીમાં આચાર્યશ્રી આશિષ સર, તમામ શિક્ષક ગણ તેમજ બાળકો સામેલ થયા હતા. આખું વાતાવરણ આધ્યાત્મિકતાથી ઝરહરી ઉઠ્યું હતું.



આપણા દેશમાં ઉજવાતા તમામ તહેવારોની પાછળ ઘણી મુખ્ય અને પૌરાણિક કથાઓ રહેલી છે. જેની દરેકને માહિતી આપી. પૌરાણિક કથાઓ અનુસાર મહિષાસુર નામનો એક રાક્ષસ રહેતો હતો. જેમણે અઠાગ અને કઠિન તપસ્યા પછી બ્રહ્માજીને પ્રસન્ન કરી અમર બનવાનું વરદાન માંગ્યું. પણ દુનિયામાં જન્મેલા દરેક જીવે એક દિવસ દેહ છોડી દેવો જ પડે છે, તેથી તેને વરદાન ન મળ્યું. બદલામાં અજેય બનવાનું વરદાન માંગીને, તેણે માંગ કરી કે ન તો કોઈ ભગવાન કે અન્ય કોઈ પ્રાણી તેને હરાવી શકે, જો કોઈ તેને હરાવી શકે, તો તે ફક્ત એક સ્ત્રી હોવી જોઈએ, જેનું વરદાન બ્રહ્માજીએ તેમને આપ્યું હતું. વરદાન મેળવ્યા પછી, તેણે દેવતાઓ પર હુમલો કર્યો અને તેમની પાસેથી તેમનું રાજ્ય અને સત્તા છીનવી લીધી, તેણે તમામ જીવોને ત્રાસ આપવાનું શરૂ કર્યું. અને તેણે આ બ્રહ્માજીના વરદાનને લીધે કર્યું. જેના કારણે કોઈ તેનો સામનો કરી શક્યું ન હતું.



વરદાનમાં માંગેલા વરદાનના અહંકારમાં તેણે પોતાનો અત્યાચાર ચાલુ રાખ્યો અને તે જ સમયે તે પોતાને અમર માનવા લાગ્યો. તેનો વિચાર હતો કે એક લાચાર સ્ત્રી તેને કેવી રીતે હરાવી શકે ? આમ બીજું કોઈ તેને પડકારી શકે એવી સ્થિતિ માં નહોતું. આવી સ્થિતિ જોઈને બધા દેવતાઓએ માતાને અહ્વાન કર્યું અને રાક્ષસનો અંત લાવવાની ઈચ્છા કરી. જે પછી મા દુર્ગાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કર્યું અને દેવતાઓ અને અન્ય તમામ જીવોને તેના અત્યાચારોથી મુક્ત કર્યા. આમ, નારી એ લાચાર નહીં પરંતુ એક સર્વોપરી છે. વૈદિક યુગમાં પણ નારી નો મહિમા અનેરો હતો. અને ત્યાર બાદ આજ સુધી આપણે આ દિવસને નવરાત્રી તરીકે ઉજવીએ છીએ.

ત્યારબાદ ગરબાની શરૂઆત થઈ. બાળકો આપણા વિવિધ ધાર્મિક તહેવારોને આનંદ ઉલ્લાસથી ઉજવે તેમજ તેના મહાત્મય ને સમજે એ હેતુથી ગરબામાં મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ પણ જોડાયા હતા. આચાર્યશ્રી આશિષ સર તેમજ તમામ શિક્ષક ગણ પણ બાળકો સાથે ગરબામાં સામેલ થયા. દરેક રાસ ગરબાની રમઝટમાં મસગુલ થઈ ભાવ વિભોર થઈ ગયા. સૌના ચહેરા પર આનંદનો પાર ન રહ્યો.







નવરાત્રિમાં ઘરમાં ઘટની (ગરબાની) સ્થાપના કરવામાં આવે છે. ગરબામાં ૯ - ૯ ના કાણાં હોય છે. એ બ્રહમાંડનું પ્રતિક છે. એટલે નવરાત્રિમાં ગરબે ઘુમવાથી બ્રહમાંડની પ્રદક્ષિણા કર્યાનું ફળ મળે છે. એ વાતની માહિતી શ્રીમતી પિંકલબેન પટેલે બાળકોને આપી. અને પોતે પણ ગરબા રમીને આ પુણ્ય કર્મ પ્રાપ્ત કર્યું.

''માતા વિશ્વની પાલનહાર છે, માતા એ મોક્ષનું ધામ છે, માતા આપણી ભક્તિનો આધાર છે, માતા દરેકની રક્ષાનો અવતાર છે.'' આમ, અંતે દશેરાના દિવસે શ્રી રામ જ્યા પવિત્ર ભાવથી રાવણના પૂતળાનું દહન કરીને, કુવિચારોનું દહન કરી ને અનિષ્ટ પર સારાનો વિજય મેળવવો, એ વાત બાળકોને સમજાવવામાં આવી.



## જ્ઞાન ગંગા ઈંગ્લિંશ મિડિયમ સ્કૂલ આયોજિત

### ક્લબ ઉદ્‌ઘાટન સમારોહ

આજનું શિક્ષણ વિવિધ પ્રવૃત્તિ આધારિત શિક્ષણ બની રહ્યું છે. બાળકોનું જ્ઞાન માત્ર પુસ્તકો સુધી જ સીમિત બની રહે એ યોગ્ય નથી. પુસ્તકીયુ જ્ઞાન બાળકોને ગોખણપટ્ટી અને હાથમાં ડિગ્રી સિવાય વિશેષ કંઈજ આપતું નથી. આથી બાળક પોતાનામાં રહેલા વિવિધ કૌશલ્યોને અભિવ્યકત કરે એ હેતુથી અમારી શાળાના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ તેમજ અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી આશિષ સર દ્વારા બાળકના સર્વાંગી વિકાસ માટે વિવિધ ક્લબનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૧ થી ૯ તેમજ ધોરણ ૧૧ ના તમામ બાળકો સામેલ થઈ શકે છે. એમનું માનવું હતું કે દરેક બાળકમાં કંઈક ને કંઈક કૌશલ્ય હોય જ છે માત્ર તેને દિશા સૂચનની જરૂર છે તેમજ એમને જો તક આપવામાં આવે તો એમની રસ રુચિ અનુસાર પોતાના કૌશલ્યને બહાર લાવી શકે છે. એ માટે એમને જે પ્રવૃત્તિમાં વિશેષ પ્રમાણમાં રુચિ ધરાવતા હોય તે અનુસાર વિવિધ ક્લબો માંથી પોતાના મનપસંદ ક્લબની પસંદગી કરી શકે છે.

જ્ઞાનની સરવાણી એવી અમારી જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ શાળામાં English language club (અંગ્રેજી ભાષા ક્લબ), drama club (નાટક ક્લબ), photography club (ફોટોગ્રાફી ક્લબ), nature club (પ્રકૃતિ ક્લબ), dance and music club (નૃત્ય અને સંગીત ક્લબ), science and technology club (વિજ્ઞાન અને ટેકનોલોજી ક્લબ), management club (આયોજન ક્લબ), skating club (સ્કેટિંગ ક્લબ) આમ, વિવિધ ક્લબ તૈયાર કરવામાં આવ્યા છે. જેનું ઉદ્‌ઘાટન સમારોહ તારીખ ૨૮-૧૦-૨૦૨૩ ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય મહેમાનશ્રી કડવા પાટીદાર કેળવણી મંડળના મંત્રી શ્રી વિકાસભાઈ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, જ્ઞાન ગંગા અંગ્રેજી માધ્યમના મંત્રી શ્રીમતી પિંકલબેન પટેલ, સહમંત્રી શ્રી સમીરભાઈ પટેલ, ગુજરાતી માધ્યમના સહમંત્રી શ્રી કલ્પેશભાઈ પટેલ, મહિલા મંડળના પ્રમુખશ્રી નીતાબેન પટેલ પોતાનો અમૂલ્ય સમય ફાળવી ઉપસ્થિત રહ્યા હતા.

દરેક ક્લબોને સરસ મજાના શણગારવામાં આવ્યા હતા. જાણે કોઈ અલંકારથી સજ્જ સ્ત્રી શોભે એવા સુંદર મજાના ક્લબ શોભી રહ્યા હતા. સૌપ્રથમ ઈંગ્લિશ ક્લબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. બાળકોમાં અંગ્રેજી માધ્યમનું કૌશલ્ય વિકસે, પોતાનાં ભાવ, વિચારો અંગ્રેજી ભાષામાં રજૂ કરતા શીખે, તેથી અંગ્રેજી ભાષા ક્લબનું આયોજન કરવામાં

આવ્યું હતું. સૌપ્રથમ તમામ મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું મહેમાનો થકી રીબીન કાપવામાં આવી અને ક્લબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યાર બાદ નાના-નાના ભૂલકાઓ દ્વારા અંગ્રેજી ભાષામાં સ્પીચ રજૂ કરવામાં આવી હતી.






જીવન એક રંગ મંચ છે. આપણે સૌ કટપુટલી છીએ. ભગવાન તેનો સૂત્રધાર છે. જ્યાં સુધી નચાવે ત્યાં સુધી નાચવું નહીંતર કરંડીયામાં પડ્યા રહેવું. ત્યારબાદ કડવા પાટીદાર કેળવણી મંડળના મંત્રી શ્રી વિકાસભાઈ પટેલના હસ્તે નાટક ક્લબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવેલ નાનું એવું નાટક પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. નાટકોનો વિષય પણ આજના બાળકોને સ્પર્શે એવો હતો. આજનો યુગ ટેકનોલોજી યુગ. દરેક મોબાઈલમાં વ્યસ્ત થતાં જાય છે. મોબાઈલ વગરની જિંદગી, તેમજ મોબાઈલ આવ્યા પછીની જિંદગીને અનુરૂપ બોધદાયક નાટક રજૂ કરવામાં આવ્યું હતું.






ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણનો અનોખો મહિમા રહ્યો છે. તત્વોની પૂજા કરીએ છીએ. છોડ માં રણછોડ અને વૃક્ષમાં વાસુદેવની ભાવનાથી પૂજા કરીએ છે. વૃક્ષો પર્યાવરણ માટે અનિવાર્ય રીતે અગત્યના છે. જે હવામાંથી કાર્બન ડાયોકસાઈડ શોષી લેવાનું કામ કરે છે. વૃક્ષો, જંગલો, નદી-પર્વતો, સાગર, પશુ-પંખી, પ્રાણીઓ, ધરતી-આકાશ અને માનવીનું જીવન આ સહિયારા અસ્તિત્વની ભાવના છે. દિન પ્રતિદિન માનવી પકૃતિથી વિમુખ થતો જાય છે. આવનારી પેઢી પકૃતિને વિસરી ન જાય એ ઉદ્દેશ્ય થી બાળકો માટે પ્રકૃતિ ક્લબનું આયોજન કરવામાં આવ્યું હતું શ્રીમતી પિંકલબેન પટેલના હસ્તે પ્રકૃતિ ક્લબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તેમનું કહેવું હતું કે જો આપણે પ્રકૃતિનું જતન નહીં કરીશું તો પ્રકૃતિ આપણું રક્ષણ નહી કરે માટે પ્રકૃતિનું રક્ષણ કરવું જોઈએ.



ત્યારબાદ સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્લબનું ઉદ્‌ઘાટન સહમંત્રીશ્રી સમીર સરના હસ્તે કરવામાં આવ્યું હતું. સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્લબમાં પણ બાળકોના હાથે તૈયાર કરેલા પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. તમામ મહેમાન શ્રીઓએ બાળકોના પ્રોજેકટ ખુબજ ધ્યાન પૂર્વક નિહાર્યા તેમજ તેમણે આજના સમયમાં ટેકનોલોજીના મહત્વ વિશે સમજાવ્યું અને વિવિધ પ્રશ્નોતરી કરી બાળકોના ઉત્સાહને વધાર્યો.






આમ ક્રમશઃ ફોટોગ્રાફી ક્લબ, ડાન્સ એન્ડ મ્યુઝિક ક્લબ, સ્કેટિંગ ક્લબ નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. બાળકો દ્વારા ડાન્સ ક્લબમાં સરસ મજાનો ડાન્સ રજૂ કરવામાં આવ્યો. તેમજ વાંસળી વાદક વાંસળીના સૂર સાથે સુંદર એવું રસ તરબોર કરી મૂકે એવું સંગીત રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ સ્કેટિંગ વિસ્તારમાં બાળકોએ સ્કેટિંગ પણ પ્રદર્શિત કર્યું હતું. તમામ ટ્રસ્ટી ગણ તરફથી દરેક બાળકોને જીવનમાં ઉન્નતિ માટે પ્રેરણાદાય શુભ આશિષ મળ્યા હતા. બાળકોના કૌશલ્ય જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.












# વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ કેમ્પસમાં આવેલ જ્ઞાનગંગા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ૨૩ ડીસેમ્બર ૨૦૨૩ ના શનિવારના રોજ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ શ્રી સુનિલભાઈ પટેલ, સેક્રેટરી શ્રી વિકાસભાઈ પટેલ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી યોગેશભાઈ પટેલ, ખજાનચી શ્રી જતિનભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો અને અંગ્રેજી માધ્યમના સેક્રેટરી શ્રીમતી પિંકલબેન પટેલ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી સમીરભાઈ પટેલ અને ગુજરાતી માધ્યમના સેક્રેટરી શ્રી સુનિલભાઈ પટેલ, ડેપ્યુટી સેક્રેટરી શ્રી કલ્પેશભાઈ પટેલ મહેમાન તરીકે હાજર રહ્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન તરીકે શ્રી મુકેશભાઈ પટેલે (રાજ્ય મંત્રી શ્રી, ગુજરાત સરકાર) હાજરી આપી હતી અને આમંત્રણને માન આપી વાલીશ્રીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમના શરૂઆતમાં વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓએ સુરુચિ ભોજન લીધું હતું. ભોજન લીધા બાદ મહેમાન શ્રીઓને બેન્ડ સાથે માન આપીને સંસ્કાર ભવન સુધી લાવવામાં આવ્યા હતા. ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

મુખ્ય મહેમાન દ્વારા સરસ્વતી માતાની પૂજા કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નૃત્ય દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી. ગણેશ વંદના બાદ ઉપસ્થિત મહાનુભાવોનુ પષ્પગુચ્છ અને શાલ ઓઢાડી મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ હાજર મહેમાન સાથે શાળામાં આવનારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટેના શાળાપ્રવેશની જાહેરાત બલૂન ઉડાળીને કરવામાં આવી હતી. ત્યાર બાદ કડવા પાટીદાર કેળવણી મંડળના સેક્રેટરી શ્રી વિકાશભાઈ પટેલ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ સાથે અંગ્રેજી માધ્યમના સેક્રેટરી શ્રીમતી પિંકલબેન પટેલે સ્કૂલનો અહેવાલ રજૂ કર્યો હતો તેમાં તેમણે શાળાની સિધ્ધિઓ, શાળાનું ધ્યેય અને વિદ્યાર્થીઓને એક આદર્શ વિદ્યાર્થી બનાવવો હોય ત્યારે તેને માટે જરૂરી ગુણવત્તાયુકત શિક્ષણ વિશે પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે વધારે ને વધારે ગુણવત્તાયુકત અને વિશ્વાસનીય વહીવટ માટે સ્કૂલ પ્રયત્નશીલ છે. શાળાનું મેનેજમેન્ટ શાળાના વિદ્યાર્થીઓને વધારે સુવિધા મળે, નવિન શિક્ષણ પદ્ધતિ અપનાવવા અને જે સુવિધા છે તેને વધારવા માટે કટિબદ્ધ છે એવું જણાવ્યું હતું. ત્યારબાદ યોગેશ સરે પણ કાર્યક્રમને અનુલક્ષીને પ્રવચન આપ્યું હતું તેમણે પણ નવી શિક્ષણ નિતિને શાળા કઈ રીતે લાગુ કરવા જઈ રહી છે તેના વિષે માહિતી આપી હતી અને પોતાના અનુભવો જણાવ્યા હતા. ત્યારબાદ સંસ્થાના આચાર્યશ્રી આશિષ દેબનાથ સરે પણ શાળાની સિદ્ધિઓ જણાવી હતી અને આવનાર સમયમાં વિદ્યાર્થી ઓને એક આદર્શ વિદ્યાર્થી કઈ રીતે બનાવાય અને શિક્ષણમાં સુધારા કરીને વિદ્યાર્થીઓને કઈ રીતે આગળ વધારી શકાય તેની માહિતી વાલીઓને આપી હતી.

આ કાર્યક્રમના આમંત્રણને માન આપી સંસ્થાના માજી વડા શ્રી શાંતિલાલ કાકાએ હાજર રહી કાર્યક્રમ ની શોભા વધારી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નૃત્ય, દેશભક્તિ થીમ પર ડાન્સ, ગરબા, તથા પ્રકૃતિ, માતા-પિતા, ભાઈ-બહેન, શિક્ષક અને બીજા અન્ય સંબધો ને ધ્યાનમાં રાખીને કાર્યક્રમના નામ “અનમોલ રિસ્તે” ને અનુરૂપ કૃતિઓ રજૂ કરી વિદ્યાર્થીઓએ શ્રોતાઓના મન મોહી લીધા હતા. વર્ષ ૨૦૨૨-૨૩ ના વિવિધ શૈક્ષણિક, સાહિત્યિક, સાંસ્કૃતિક અને રમત-ગમત કાર્યક્રમોમાં વિજેતા રહેલ વિદ્યાર્થીઓ તથા ચૈમ્પિયન સદનને મુખ્ય અતિથિ દ્વારા પારિતોષિક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતા. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન બાદ સૌ છૂટા પડ્યા હતા.











GYANGANGA
ENGLISH MEDIUM
SCHOOL
ADMISSION
2024-25 OPEN
CBSE, NEW DELHI


























Aykash Sound


Google


D&G

## વિજ્ઞાનમેળો પ્રાથમિક વિભાગની સિદ્ધિ (B.R.C.)


તા. ૦૬-૧૨-૨૦૨૩ ને બુધવારના રોજ (B.R.C.) કક્ષાનો વિજ્ઞાનમેળો ટીંબા આશ્રમશાળા મુકામે યોજાય ગયો. જેમાં વિભાગ-૪ માં કુલ ૮ કૃતિઓ રજુ થઈ હતી. તેમાં વિદ્યામંગલ નિવાસી શાળાના જ્ઞાનદર્શન પ્રાથમિક વિભાગમાંથી વિભાગ-૪ પ્રત્યાયન અને વાહન વ્યવહાર માં જ્ઞાન દર્શન પ્રાથમિક શાળા માંથી "સ્માર્ટ રેલ્વે અકસ્માત નિવારણ" કૃતિ મૂકવામાં આવી હતી. જેના માર્ગદર્શક ઉર્વીબેન ડી. પટેલ અને બાળવૈજ્ઞાનિક (૧) પટેલ યુગ રાહુલભાઈ અને (૨) કલસરિયા વૈદિક શૈલેશભાઈએ ભાગ લીધો હતો.

આ કૃતિએ બીજોક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. આ માટે શાળા પરિવાર તરફથી માર્ગદર્શક શિક્ષિકાબહેન અને બાળવૈજ્ઞાનિકોની ટીમને શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ, સહમંત્રીશ્રી કલ્પેશભાઈ પટેલ, ઈન્ચાર્જ આચાર્યશ્રી ભુવનેશ્વરીબેન અટોદરિયા, શાળાના શિક્ષકગણે આગળની સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા.







## વિદ્યામંગલ શાળામાં ચંદીપડવોની ઉજવણી

કડવા પાટીદાર કેળવણી મંડળ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળામાં ચંદીપડવાનું આયોજન તા. ૨૯-૧૦-૨૦૨૩ ના રોજ સાંજના ૪ થી ૫ ના સમયગાળામાં શાળાના મંત્રીશ્રી સુનિલભાઈ પટેલ, સહમંત્રીશ્રી કલ્પેશભાઈ પટેલ, દિપેશભાઈ પટેલ અને રસોડા વિભાગના સભ્યશ્રીઓએ હાજર રહી બાળકોને ચંદીપડવાની ઉજવણી માટે ઘારી અને ચેવડો પૂરા પાડીને બાળકોની ઉજવણીનેસાર્થક કરવાનો પ્રયત્નો કર્યો હતો.

શિક્ષણની સાથે બાળકોમાં આધ્યાત્મિકતાના ઓજસ સતત પ્રકાશમય બની રહે, ભારતીય સંસ્કૃતિનું જતન સંરક્ષણ અને સંવર્ધન થાય, બાળકોમાં પર્વની ઉજવણીનો રસ જળવાઈ રહે, એ હેતુ ધ્યાનમાં રાખીને કાર્યક્રમનું આયોજન થયું હતું.

આમ, આવનાર સમયને ધ્યાને લઈ બાળકો સંસ્કૃતિના સુવાહક બને એ હેતુ પરિપૂર્ણ થયો હતો.







# મહિલા મંડળ

## સ્પોકન ઈંગ્લિશ કલાસ - ૨૦૨૩

નીતા પટેલ "આત્મન"

વર્તમાન જનરેશન, અંગ્રેજી માધ્યમમાં વધતા જતા શિક્ષણનો ક્રેઝ તથા દેશ દુનિયામાં કદમ સાથે કદમ મિલાવવા શ્રી લાલચુડા કડવા પાટીદાર મહિલા મંડળ તથા ટેસ્કા સ્પોકન ઈંગ્લિશ કલાસના સંયુકત ઉપક્રમે સ્પોકન ઈંગ્લિશ કલાસ - ૨૦૨૩ નુ આયોજન કરવામાં આવ્યું હતું. ટેસ્કા ૨૦૦૫ થી સુરતમાં ૬ બ્રાન્ચ ૨૬ સ્કૂલોમાં સ્પોકન ઈંગ્લિશ ચલાવે છે છેલ્લા ૧૦ વર્ષથી આજ સુધી ગુજરાતની નં-૧ સંસ્થા તરીકે અવિચળ પદ પ્રાપ્ત કરતી તથા અન્ય કોર્સ ચલાવતી સંસ્થા છે. જેમાં કામરેજ ચાર રસ્તા, અડાજણ, કોળી ભરથાણા, અલુરા, ડિંડોલી, નવાગામ, પીપોદરા, ધોરણ પારડી અને ખોલેશ્વર ગામના ઉત્સાહી શિક્ષણના ક્ષેત્રમાં અદકેરી સિદ્ધી મેળવવાના ભાવ સાથે ૫૬ જેટલા બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં સૌથી વધુ કામરેજ ચાર રસ્તાના ૩૧ બહેનો જોડાઈ કલાસને સફળતા અપાવી હતી.

તા. ૧-૧૨-૨૦૨૩ થી તા. ૭-૧૨-૨૦૨૩ સુધી દિન-૭ ઉમા મંગલ ખાતે બહેનો સમયસર હાજર રહી વિદ્યાર્થીની જેમ કલાસમાં હાજરી આપી આનંદથી ઈંગ્લિશ શીખવા પ્રેરણાદાયી શિક્ષણ લેતા જોવા મળ્યા હતાં.

ઉપરોકત કલાસમાં ૭ દિવસ દરમ્યાન ટેસ્કા કલાસના સફળ સંચાલક સ્ટાફ પૈકી કિરણભાઈ લાઠિયા, નિકુંજભાઈ ધાનાણી, વિશાલભાઈ તથા સ્વાતીબેન જેવા મિત્રોએ સરળ, સાદી ભાષામાં પ્રવૃતિ દ્વારા ઈંગ્લિશ બોલવાની પ્રેક્ટિસ, ટીમ વર્ક, હોમવર્ક, સતત બહેનોને પ્રોત્સાહિત કરી ભાર વગર આનંદદાયી વાતાવરણ ના અનુભવ સાથે અંગ્રેજી ભાષા કૌશલ્યો પૈકી કથન કૌશલ્ય વિકાસ કર્યો હતો. ખરેખર ટેસ્કાના મિત્રોએ બહેનોમાં નામ અને કામ માટે ભીતરથી જાગૃતિ લાવવા માટે કાબિલે તારીફ પ્રયાસ કર્યો હતો. જો કે બહેનોનો ઉત્સાહ પણ જબરદસ્ત હતો. આનંદ સાથે બહેનો હોમવર્કના વિડીયો બનાવી ગ્રુપમાં શેઅર કરતા હતા.

નોંધનીય બાબત એ હતી કે લગ્ન સીઝન હોવા છતાં ૭ દિવસ સુધી તમામ બહેનો સાથે મહિલા મંડળના પ્રમુખ શ્રી નીતાબેન પટેલ તથા મંત્રી શ્રી રાજેશ્રીબેન પટેલ પણ હાજર રહી બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.


છેલ્લા દિવસે બહેનોએ અંગ્રેજી ભાષામાં જ મહિલા મંડળ તથા ટેસ્કાનો ખૂબ સરસ રીતે આભાર વ્યક્ત કર્યો હતો. આ સાત દિવસના પ્રારંભિક શિક્ષણમાં બહેનોએ અંગ્રેજી ભાષા પર પકડ મેળવી લીધી હતી. સાત દિવસના બિલ્કુલ ફ્રીમાં ક્લાસ ચલાવવા બદલ મહિલા મંડળે ટેસ્કા ક્લાસને મોમેન્ટો અને બુકેથી સન્માનિત કરી આભાર વ્યક્ત કર્યો હતો. ટેસ્કાના શ્રી નિકુંજભાઈ ધાનાણીએ મહિલા મંડળની પ્રવૃત્તિ માટે અભિનંદન પાઠવ્યા હતા કે આવી પ્રવૃત્તિ ભાગ્યે જ કોઈ મહિલા મંડળ કરાવતા હશે.

અંતમાં શ્રી નીતાબેન પટેલે સૌ સહભાગી બહેનોનો આભાર વ્યક્ત કરી આગામી સમયમાં પણ સ્વ. જાગૃતિની પ્રવૃત્તિમાં જોડાવ અને ખૂબ આગળ વધો એવી શુભેચ્છા પાઠવી અલ્પાહાર લઈ ક્લાસની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

મા ઉમિયા સદૈવ સહાયતે...!



## ખાસકીયા પરિવારનું ગૌરવ



**ચિ. ડૉ. દર્શિતકુમાર ધર્મેન્દ્રભાઈ પટેલ**

ગામ સાંધીએર ના ચિ. ડૉ. દર્શિતકુમાર ધર્મેન્દ્રભાઈ પટેલે **S.R.M. Chennai** થી **Bachelor of Dental Surgery** ની ડીગ્રી **(3.77 / 4.00) G.P.A.** સાથે વર્ષ ૨૦૨૩ માં **First Class** પાસ કરી ડીગ્રી મેળવેલ છે. હાલ વધુ અભ્યાસ અર્થે **Master Degree** માટે **Rutgers the State Univercity of New Jersey U.S.A.** ગયા છે. ચિ. ડૉ. દર્શિત ઉચ્ચ સિધ્ધી પ્રાપ્ત કરી ખાસકીયા પરિવાર સાંધીએર ગામ તથા સમસ્ત સમાજ નું નામ રોશન કરે તેવી ઉમાવાણી તરફથી શુભેચ્છા સહ

**-: હાર્દિક શુભેચ્છા :-**

ધર્મેન્દ્રભાઈ ઠાકોરભાઈ પટેલ (પિતા) ઠાકોરભાઈ દુર્લ્લભભાઈ પટેલ (દાદા)
અમિષાબેન ધર્મેન્દ્રભાઈ પટેલ (માતા) કાન્તાબેન ઠાકોરભાઈ પટેલ (દાદી)

(સાંધીએર)

મહિમા સપનભાઈ પટેલ (બેન)
સપન પંકજભાઈ પટેલ (બનેવી)
કન્યાસી (હાલ U.S.A.)

(મો) ૯૯૨૪૩ ૬૫૮૨૮, ૯૭૩૭૭ ૬૫૮૨૮

**નોંધ : ઉપરોક્ત માહિતી જાહેરાત સ્વરૂપે છાપવામાં આવેલ છે.**

## કર્મ એટલે જ કૃષ્ણ

નીતા રાજેન્દ્રકુમાર ''આત્મન''
સહતંત્રી ઉમાવાણી
ગામ : છાપરાભાઠા, હાલ કા.ચા. રસ્તા

શ્રીમદ ભગવદ ગીતામાં કર્મનું મહત્વ બતાવવામાં આવ્યું છે.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોસ્ત્વકર્મણિ ॥

તારો કર્મ કરવામાં જ અધિકાર છે એના ફળોમાં કદીયે નહી અર્થાત ફલાપેક્ષાથી રહિત થઈને કર્તવ્ય બુદ્ધિથી કર્મ કર તથા તારી કર્મ ન કરવામાં પણ આશક્તિ ન થાઓ.

કર્મ વગર કશું શક્ય જ નથી. છઠ્ઠીના લેખ કે ભાગ્ય જેવું કશું હોતું નથી, પણ આપણે જેવું ઈચ્છીએ એવું આપણું ભાગ્ય કર્મયોગથી બનાવી શકીએ કર્મના પણ પ્રકાર હોય છે.

કર્મ દ્વારા ઈશ્વર સાથેનો યોગ એટલે ભક્તિયોગ. અષ્ટાંગ યોગ અથવા રાજયોગ પણ કર્મયોગ છે. પણ આસક્તિ વિના એનું આચરણ કરવું જોઈએ.

ગોસ્વામી તુલસીદાસજી રામાયણમાં લખે છે કે-

કર્મ પ્રધાન વિશ્વ કરિ રાખા
જો જસ કરાઈ સૌ તસ ફલ ચાખા

આ આખું વિશ્વ કર્મના કાયદાને આધારે બરાબર વ્યવસ્થિત રીતે ચાલે છે. અને એમાં જરા પણ ગરબડ નથી. આ કર્મના કાયદાની એક ખાસ ખૂબી છે દુનિયાના તમામ કાયદાઓમાં કંઈનો કંઈ અપવાદ હોય છે. પરંતુ કર્મના કાયદામાં કોઈ પણ ઠેકાણે જરા પણ અપવાદ કે બાંધછોડ નથી, ખુદ શ્રીરામના પિતા હતા છતાં રાજા દશરથને કર્મના નિયમ પ્રમાણે પુત્ર વિરહથી મૃત્યુને ભેટવું પડ્યું. તેમાં ખુદ રામ પણ કર્મના નિયમમાં પોતાના પિતા માટે બાંધ છોડ ન કરી શક્યા.

દરેક પરિસ્થિતિમાં જવાબદાર તમામે પોતાનું કર્મ બખૂબી કરવું જોઈએ. પ્રબળ કર્મ સાથે હૈયામાં અખૂટ હિંમત અને અદમ્ય બળ પણ જરૂરી છે ક્યારેય કોઈની સાથે સરખામણીમાં પડ્યા વગર માત્ર આપણે આપણું કાર્ય કરતા રહેવું. તમારું કર્મ જ તમારી સાચી ઓળખ છે બાકી દુનિયામાં એક નામના હજારો લોકો છે.

જિંદગીનો આખો પ્રોગ્રામ અગાઉથી જ સેટ થઈ ગયો હોય છે. આપણે તો ફક્ત બેસ્ટ પર્ફોમન્સ આપવાનું હોય છે. કર્મ બહુ જ સમજી વિચારીને કરજો. કારણ કે ન તો

કોઈની દુઆ ખાલી જાય છે. ન તો કોઈનો નિસાસો જે કર્મને સમજે છે એને કોઈ ધર્મ સમજવાની જરૂર નથી કર્મ એજ ધર્મ

લોકો વાતો તો ઘણી કરતા હોય છે કે કરેલું અહીયાં જ ભોગવવાનું છે જો તમે કોઈને ખોટા હેરાન કરશો તો તેનાથી ત્રણ ગણું તમારે ભોગવવાનું આવશે. કર્મ અને કુદરત કોઈને છોડતું નથી. કર્મનો સિધ્ધાંત જ છે કે સારુ કરો કે ખરાબ જેવું કરશો એવું અહીયા જ ભોગવવું પડશે.

કહેવાય છે ને કે ‘‘બારણે બાવળ વાવી કેરી કેમ ખવાય ?’’ જેવું વાવશું એવું જ લણશું જેથી આપણે સૌ આપણા કર્મથી બચી શકીશું નહિ, પછી એ પરિવાર હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય, એટલે જ કહેવાય છે કે...

‘‘કર્મ બદલો સાહેબ,
કિસ્મત આપોઆપ બદલાય જશે.’’

દરેક વ્યકિત પોતે શું છે એ જાણતો જ છે. એટલે જે કામ કરવાથી તમારા આત્માને આનંદ થાય તે કામો પ્રયત્નપૂર્વક કરવા અને બાકીના કામ ઈશ્વર પર છોડી દો. આપણને ઈશ્વરે અહીં આ ધરા પર કર્મ કરવા જ મુક્યા છે જે કરવું એ આપણી ફરજ છે. કલ્પના કરો કે.. ખેડૂત ખેતી જ ન કરે તો...

આ સમગ્ર સૃષ્ટિ કર્મયોગથી ચાલે છે. ક્ષત્રાણીની કલમે ખૂબ સુંદર રચના વાંચી હતી.

હે માનવ...
વાતોથી તો છે અહીં દરેક મહાન..
તું કર્મથી કાયર ન બન હે માનવ..!
તે ખોદેલ ખાડામાં અજાણતાં તું જ પડવાનો છે..
કર્તા હર્તા છોડશે પણ કર્મ નહી.
કુદરતના આ ન્યાયને ન અવગણ હે માનવ..
તારુ કરેલું તારે જ ભોગવવાનું.
ખરે ખબરું પડે ત્યારે ઈશ્વર પણ નહી બચાવે..
ફરજ મૂક, ગુણ મૂક, મહાનતા મૂક
પણ માણસાઈ સાચવી રાખજે.
તારે નહિ તો કાંઈ નહિ પણ ડુબાડશે નહિ બસ આટલું તું યાદ રાખજે...
પૂછશે તું જ ને તારું જ અસ્તિત્વ સવાલ સમય સાથે..

કદાચ મૌન બને તું પણ કર્મ આપશે જવાબ સમય ને સબૂત સાથે..
કર્મથી કિસ્મત બને જીવનનો આજ ધર્મ...
હે માનવ.. તારા જ હાથમાં તારુ પોતાનું કર્મ...

કૃષ્ણવાણીમાં આ જ કહેવાયું છે કે...
''કર્મ કરો તો હું સદૈવ તમારી સાથે છું.
સારા કર્મ કરો તો સાથે ને ખોટા કરો તો સામે.''

અર્થાત જ્યાં છો ત્યાં, જે જગ્યાએ છો ત્યાંથી માનવપયોગી આપણી ફરજો અદા કરીએ.

''આ ધરા પર આવ્યા છીએ તો કંઈક સંસ્મરણો મૂકતા જઈએ,
નહિતર પશુ-પંખી-પથ્થર ને આપણામાં શો ફેર...!''

શુભમ ભવતું...!

''આત્મન''
કેટલાક કહે છે ઘણું કરતા નથી કંઈ
કેટલાક જેટલું કહે છે એટલું કરી બતાવે છે.
કેટલાક કહ્યા વગર માત્ર કર્યા જ કરે છે.

આપણે કેવા છે ??

## ચિંતન

નટવરલાલ એન. પટેલ
કઠોદરા (અમેરિકા)
ફોન ૧-૯૦૮-૪૭૬-૩૪૧૮

### ચાલો વિચારોનું વાવેતર કરીએ

આ લેખ લખવાનો વિચાર મને સુરતના સૌરાષ્ટ્ર પાટીદાર સમાજના પ્રમુખ અને જાહેર જીવનના અગ્રણી શ્રી કાનજીભાઈ ભાલાળાનો ઓન લાઈન આમંત્રણ કાર્ડ આવ્યો. પ્રસંગ હતો દર ગુરૂવારે મહિલા વિંગ યોજિત વિચારનું વાવેતર નો પચીસમો કાર્યક્રમ આ કાર્યક્રમમાં વિધિ વિષયો પર તજજ્ઞોને આમંત્રણ આપી વિચારો રજૂ કરવામાં આવે છે. આપણા દરરોજ જીવાતા સમાજ જીવન પર નજર નાંખી ગંભીરતાથી વિચારીએ તો સમાજ વિચાર શૂન્ય રહી એક ઘરેડની જિંદગી જીવતો માલૂમ પડશે. વિનોબા ભાવે સમાજની વિચાર શૂન્યતાને રોગ ગણતા હતા. આ વિચાર શૂન્ય તા માંથી સમાજને બહાર કાઢી જીવન ને વિશાળતાથી, ઊંડાણથી અને ગંભીરતાથી જોતો થાય અને વિચારતો થઈ જીવનને ઉદાત્ત, ઊંચુ, સાર્થક બનાવવા તરફ ગતિ કરતો થાય એ માટે આ પ્રવૃત્તિ શરૂ કરી હોય એમ લાગે છે.

આમ જોઈએ તો આપણે વિચારની તાકાત વિશે કદી વિચારતા નથી પણ દુનિયાની સિકલ વિચારથીજ બદલાતી આવી છે. માણસ મૃત્યુ પામે છે પણ વિચાર મૃત્યુ પામતો નથી એ આપણે મહાન માણસોના જીવન પરથી જોઈ શકીએ છીએ. રામ, કૃષ્ણ, ઈશુ, મહંમદ, બુદ્ધ, મહાવીર, નાનક, જરથુષ્ટ્ર, લાઓત્સે, લિંકન, ગાંધી, વિનોબા, માર્ટિન લ્યૂથર, સોક્રેટીસ વગેરે આજે હયાત નથી પણ એ તમામ એમના વિચારોથી જીવતા રહ્યા છે અને રહેશે. આ છે વિચારની તાકાત !

કોઈ પણ સારા કે ખરાબ કાર્ય થાય તે પહેલા તેના મૂળમાં પ્રથમ તો એના વિશેનો વિચાર જ મહત્વનો છે. વિચારજ કાર્ય રૂપી વૃક્ષનું બીજ છે. સારો વિચાર બીજ સારું કાર્ય, ખરાબ વિચાર બીજ ખરાબ કાર્ય, એવું પણ નથી સારા વિચારવાળી વ્યકિત થી કોઈ અનિચ્છનીય કામ ન જ થાય અને ખરાબ વિચારવાળી વ્યકિત હંમેશા ખરાબ જ હોય છે.

વાલિયો લુટારો પણ વાલ્મીકિ બની શકે છે અને ધર્મ જાણનાર દુર્યોધન પણ કહે છે **न च में निवृत्तिः** હું નીકળી નથી શકતો.

કોઈપણ શોધ, સર્જન, કાર્યમાં પ્રથમ વિચાર જ બીજ હોય છે. પહેલા મકાનનો વિચાર પછી મકાન, પહેલા વિચાર પછી લગ્ન, પહેલા વિચાર પછી યુદ્ધ, પહેલા વિચાર પછી વિદેશ ગમન, પહેલા વિચાર પછી અભ્યાસની લાઈનની પસંદગી વિચાર સારાને ખરાબ બંને પ્રકારના હોઈ શકે એ બાબતમાં કટાર લેખક સૌરભ શાહ શું કહે છે ? ‘‘કચરાપટ્ટી ખોરાકની જેમ કચરાપટ્ટી વિચારોથી પણ દૂર રહો. જે વિચારો તમને દુઃખી કરતા હોય, વાસ્તવિકતાથી દૂર લઈ જતા હોય. તરંગી બનાવતા હોય, ક્રોધીત કરી લોહી બાળતા હોય, એને દુર કરવા પ્રયત્ન રાખે એવું જે કંઈ સાંભળ્યું હોય કે વાંચ્યુ હોય તે યાદ કરો એને જ યાદ કર્યા કરો અને તમારા પેલા મનહૂસ વિચારો પર હાવી થઈ જશે.’’

વિચાર નાનો અમથો હોય તો પણ એની તાકાત અણુબોંમ જેવી હોઈ શકે. ગાંધીજીને આફ્રિકાના સ્ટેશન પર જે અનુભવ થયેલો ને આત્મસન્માનને જે ઠેસ વાગેલી તે વિચારમાંથી આઝાદીની લડાઈ જન્મી અને દેશ સ્વતંત્ર થયો. વિચાર દહીની દડકીના મેળવણ જેવો છે. નાની દહીની દડકી દૂધના મોટા જથ્થાને દહીમાં રૂપાન્તર કરી નાખવાની તાકાત ધરાવે છે.

નવા વિચારો આપણને પુસ્તક વગેરેના વાંચનથી વ્યાખ્યાન સત્સંગ ચર્ચા સુવિચાર ઘટના વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. પુસ્તકો વિચાર ક્રાંતિ કરે છે. અંગ્રેજી લેખક જોન રસ્કિનનું **Unto the Last** વાંચીને ગાંધીજીને સર્વોદય અંત્યોદનના વિચાર આવેલા અમેરિકામાં હેરિયેટ બીચર સ્ટોના **Uncle Tom's cabin** નામના પુસ્તકની અસરથી ગુલામી નાબુદીની ચળવળ શરૂ થયેલી ફ્રાંસનો સરમુખત્યાર નેપોલિયન તેથી કહેતો ‘મને તલવાર નો નહિ પણ કલમનો ડર લાગે છે’ ફ્રાંસમાં રાજાશાહી સામે જે ક્રાંતિ થયેલી અને લોકશાહીની સ્થાપના થયેલી તેમાં ત્યાના લેખકોના લખાણમાં જે વિચારો પ્રગટ થયેલા તેનો બહુ મોટો ફાળો હતો.

એક વૃક્ષમાંથી લાખ દીવાસળી બનાવી શકાય એ હકારાત્મક વિચાર અને એક દીવાસળીથી લાખ વૃક્ષો બાળી શકાય એ નકારાત્મક વિચાર છે.

### સમાજમાં વિચારોનું વાવેતર કેવી રીતે કરાય ?

૧. આ માટે વિચાર પ્રેરે એવા વક્તાઓ, વ્યાખ્યાતાઓ, વગેરે સમાજનાં જુદા જુદાં ક્ષેત્રો જેવાં કે સામાજિક વિચારકો, શિક્ષણ, કૃષિ, તબીબો, વ્યાવસાયિકો, સાહિત્યકો,

રમત ક્ષેત્ર, કલાક્ષેત્ર, સંગીત ક્ષેત્રે, મનો વિજ્ઞાન, સમાજ શાસ્ત્ર વગેરે માંથી આમંત્રણ આપી શરૂઆતમાં વિદ્યામંગલ, ઉમામંગલ, કૃષિમંગલ જ્યાં પણ શ્રોતાઓને અનુકુળ હોય તે સ્થળે કાર્યક્રમ રાખી શકાય.

૨. કયા ક્ષેત્રમાંથી વકતાને આમંત્રણ આપવું અને કયા વિષય પર વકતવ્ય રાખવું એ નક્કી કરવા માટે એક સમાજ વિકાસ વર્તુળ (સમિતિ) બીજું નામ આપી શકાય સમિતિ બનાવવી જેમાં ટ્રસ્ટની કે ટ્રસ્ટ બહારની પણ વ્યકિત હોય જે વિચાર પ્રવૃતિથી માહિતગાર હોય. વિચારક્ષેત્ર હોય, શિક્ષિત વગદાર એવાની પસંદગી કરવી જે વકતા ઓને સરળતાથી સમાજ માંથી અન્ય સમાજો, ક્ષેત્રો, વ્યવસાયોમાંથી પસંદ કરી આમંત્રી શકાય.

૩. જો પ્રવૃત્તિને સારો આવકાર મળે તો પછી ગામવાર જે ઝોન બનાવ્યા છે તે લેવલે પણ લઈ જઈ શકાય.

૪. આ પ્રવૃત્તિથી સમાજના શ્રોતાઓને નવા વિચારો, નવી જાણકારી, નવા પરિચય, નવું વાતાવરણ, પ્રશ્ન પૂછવાની બોલવાની, રજુઆતની તાલીમ મળશે. જાહેરમાં વાણી વિચાર, વર્તનની તરાહ શીખવા મળશે. સમાજ વિચાર શૂન્યતાના વાતાવરણમાંથી બહાર આવશે. ટી.વી ની સીરિયલો, સીનેમા અને સેલફોનને લીધે જે માનસ પર એક આવરણ બાઝી ગયું છે તેમાંથી બહાર નીકળી જાતે વિચારવાની પ્રેરણા મળશે એવી મારી સમજ છે.

**A Will Will Find The Way. મન હોય તો માળવે જવાય. કદમ અસ્થિર હોય તેને રસ્તો નથી જડતો. અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો.**

## પીઝાની બીજી બાજુ

શારદાબેન એસ. પટેલ
સુરત

પત્નીએ કહ્યું : આજે ધોવા માટે વધારે કપડા નહિ કાઢતા કામવાળી બે દિવસ નહિ આવે...
પતિ : કેમ ???
પત્ની : ગણપતી ના તહેવાર માટે તે તેની દીકરી ના છોકરાઓ ને મળવા જવાની છે. અને હા ગણપતિ ના તહેવાર માં તેને ૫૦૦ રૂપિયા બોનસ ને ??
પતિ : કેમ ??? હમણાં દિવાળી આવે જ છે ને ત્યારે આપશું..
પત્ની : અરે ગરીબ છે બિચારી, દીકરી ને મળવા જાય છે તો તેને પણ સારું લાગશે... અને આ મોંઘવારી માં આટલા પૈસા થી એ શું તહેવાર ઉજવશે ?
પતિ : તું પણ જરૂર થી વધારે દયાળુ થઈ ગઈ છો...
પત્ની : ના હો, ચિંતા નહિ કરો, આજે તમે મને પીઝા ખાવા લઈ જવાના હતા એ પ્રોગ્રામ હું કેન્સલ કરી નાખું છું. તમારું બજેટ સલામત ને....? વાસી પાવ ના એ ૮ ટુકડા માં ખાલી ખોટા ૫૦૦ રૂપિયા તો ખર્ચાઈ જ જશે.
પતિ (મનમાં) : વાહ... અમારા મોઢા માંથી પીઝ્ઝા છીનવી ને બાઈ ને બોનસ...???
ત્રણ દિવસ પછી કચરું કાઢતી કામવાળી ને સાહેબે પીછ્યું : કેમ રહી તમારી રજા ?
કામવાળી : બહુ સારી રહી સાહેબ..., દીદી એ ૫૦૦ રૂપિયા આપ્યા હતા ને... તહેવાર નું બોનસ...
પતિ : તો જઈ આવી જમાઈ ને ત્યાં ?? મળી લીધું દીકરી અને છોકરાઓ ને..? મઝા આવી ને..?
કામવાળી : હા સાહેબ, બધાને મઝા આવી, બે દિવસ માં ૫૦૦ રૂપિયા ખર્ચી નાખ્યાં...
પતિ : એમ ?? શું કર્યુ ૫૦૦ રૂપિયા નું ???
કામવાળી : દીકરી ના છોકરા માટે ૧૫૦ રૂપિયા નો શર્ટ લીધો,
બેબી માટે ૪૦ રૂપિયા ની ઢીંગલી,
દીકરી ને ૫૦ રૂપિયા આપ્યા મીઠાઈ ના,
૫૦ રૂપિયા નો મંદિર માં પ્રસાદ ચઢાવ્યો,
૬૦ રૂપિયા તો આવવા જવા નું ભાડું થયું

૨૫ રૂપિયા ની બંગડી દીકરી ને આપી,
૫૦ રૂપિયા નો બેલ્ટ જમાઈ ને આપ્યો
અને વધેલા ૭૫ રૂપિયા દીકરી ના છોકરાઓ ને આપ્યા બુક અને પેન્સિલ લેવા માટે કચરા પોતા કરતી વખતે પુરેપુરો હિસાબ એના મોઢે હતો !!!
પતિ : ૫૦૦ રુપિયા માં આટલું બધું ???? મન માં જ વિચાર આવવા લાગ્યો....
તેની સામે ૮ ટુકડા કરેલા પીઝઝા ફરી રહ્યા હતા અને દરેક ટુકડો એને વ્યર્થ લાગી રહ્યો હતો...
પોતાના એ એક પીઝઝા ના ખર્ચ ની બરાબરી તે કામવાળી બાઈ ના તહેવાર ના ખર્ચ સાથે કરી રહ્યો હતો.
પહેલો ટુકડો છોકરા ની શર્ટ નો,
બીજો ટુકડો દીકરી ની મીઠાઈ નો,
ત્રીજો મંદિર માં પ્રસાદ નો,
ચોથો ભાડા નો,
પાંચમો ઢીંગલી નો,
છટ્ઠો બંગડી નો,
સાતમો જમાઈ ના બેલ્ટ નો
છેલ્લો આઠમો અને સૌથી ઉત્તમ, બાળકો ને બુક-પેન્સિલ નો.
આજ સુધી તેણે હંમેશા પીઝઝા ની એક બાજુ જ જોઈ હતી ક્યારેય પણ પીઝઝા પાછળ થી કેવો દેખાય છે એ જોવાનો પ્રયત્ન નહોતો કર્યો. પરંતુ આજે આ કામવાળી બાઈ એ પીઝઝા ની બીજી બાજુ દેખાડી હતી.
પીઝઝા ના એ આઠ ટુકડા આજે તેમને જીવન નો અર્થ સમજાવી ગયા હતા.
‘‘જીવન માટે ખર્ચ’’ કે ‘‘ખર્ચ માટે જીવન’’ એને એક ઝાટકે સમજાઈ ગયું હતું.
**किसी की मुस्कराहटों पे हो निसार किसी का दर्द मिल शके तो ले उधार ....**
**जीना इसीका नाम है।**

# ઈશ્વર મહાન ચિત્રકાર

મંજુલાબેન પટેલ

આપણને આપણાં બનાવેલા ચિત્રો બહુ ગમે છે. માનવ સર્જીત ચિત્રોને આપણે હોંશે હોંશે વખાણીએ છીએ પ્રદર્શન હોય કે સેમિનાર હોય ત્યાના ચિત્રો કે પ્રયોગો બનાવનારનું નામ આપવામાં આવે છે. સારૂંએ મારૂં છે અને મારૂં બધુ જ સારૂં છે. આ માનવીમાં બંધાયેલ ગ્રંથિ છે. ઈશ્વરે બનાવેલ કોઈપણ ચિત્ર કે આકૃતિ કે પ્રકૃતિ પર ઈશ્વરનું નામ લખાયેલું નથી વિશ્વના મહાન ચિત્રકાર પરમાત્મા અદૃશ્ય છે. તેને જોવા જાણવા કે સમજવા માટે આપણે કદી વિચારતા નથી. તેને જાણવા , માણવા કે અનુભવવા માટે આપણે પ્રયત્ન કરતાં નથી મોરનાં પીછામાં રંગ પૂરનાર કલાકાર વિશે આપણે કદી વિચાર્યુ નથી માનવ શરીરનો અભ્યાસ કરીશું તો જાણવા મળશે કે આપણા શરીરની રચના ગજબ પમાડે એવી છે. આપણા શરીરમાં હૃદય નામ નો પંપ સતત ધબકે છે. આજના કોન્ટ્રાકટરે એવો પંપ બનાવ્યો નથી જે સતત એક વર્ષ સુધી ચાલતો હોય. હૃદયની માવજત પણ સરસ કરવામાં આવી છે. તેમાં ધમની અને શીરા મારફત શુદ્ધ અને અશુદ્ધ લોહીનું ભ્રમણ સતત ચાલુ જ રહે છે. બાળકનો જન્મ થતાં જ માતાના સ્તનમાં લોહીની જગ્યાએ દૂધ બને છે. આપણને માતાના ગર્ભાશયમાં હવાની પણ સગવડ કરી આપી આપણે નાક વડે હવા પણ લેવા મંડયા આજ ઈશ્વરની ખૂબી છે. આપણા હૃદય, કીડની, ફેફસાં, કલેજુ, ગર્ભાશય જેવા અમૂલ્ય અવયવો કોઈ કારીગર બનાવી શકે નહિ. પંચતંત્ર અને રૂધિરા ભિસરણ તંત્રની ગોઠવણ તો એવી ગજબની છે કે જે સતત ચાલ્યા જ કરે છે. પતંગિયા ની પાંખમાં અસંખ્ય રંગ પૂરનાર ચિત્રકારને આપણે અળખતા નથી કે ક્યારેય તેની પ્રશંસા કરતા નથી (ધર્મલોક)

# આજનું ગામડું અને પહેલાનું ગામડું

સીમા અમીતકુમાર પટેલ
સીમલથુ

ચાલો વર્તમાનમાંથી પાછા ગામડાં તરફ વળીએ.... (લેખક સાઈરામ દવે...)
આપણું લોહી ગામડાની માટી સાથે જોડાયેલું છે. કે હાલો... ગામડે જઈએ.
ગામડામાં શું હોય તેની એક કવિતા રજુ કરૂં.
ચબુતરાને ચોરા હોય, ઘરના દૂધના ઘોળા હોય
ઘર, ખેતરને પાદર હોય, વળી પ્રેમ ભાવને આદર હોય.
હવા ઉજાસમાં જાના હોય, ઘી દૂધ તણા ખજાના હોય.
ગાય, ગોવાળ ને ગાંડા હોય, ઘન કુટને વાળી પાંડા હોય.
હુઈ, હુથાર ને મોચી હોય, વાળંદ લૂહારને ઘાંચી હોય.
રસ્તા કાચાપાકા હોય, શેરી એ ગલીએ નાકા હોય.
કેડી વાંકીચુંકી હોય, બાપુના કમરે પુંચી હોય.
કુવા તળાવને આરા હોય, વરસાદ થાય ત્યારે ગારા હોય.
ગામમા એક ગોર હોય, તે સારા કામમા મોર હોય.
રૂપ નિતરતી નારી હોય, તેની આંખુ તેજ કટારી હોય.
વળી, લાજ શરમની મારી હોય, જાણે પાદરની પનિહારી હોય.
જેનું આંગણ ગારથી લીપેલું હોય (તેનું આંગણ દિવેલથી દીપેલું હોય)
જેનાં આંગણે તુલસી ક્યારો હોય, તેના ઘેર સંતોનો ઉતારો હોય.
જે શહેર કરતાં સારૂં હોય તે ગામડું અમારૂં પ્યારૂં હોય.

નોંધ : દુઃખ સાથે કહેવું પડે કે આ વિસરાતા ગ્રામ્યચિત્રો નવી પેઢીના નશીબમાં ન હોય...

# ઈચ્છા અને સંતોષ

મગનભાઈ લ. પટેલ
સીથાણ

'ઈચ્છા' 'આશા' આપણા આજના સમયમાં તેની સીમા ઓળંગી ગઈ છે માનવી જે છે તેનાથી સંતુષ્ટ નથી અને જે નથી કે નથી પ્રાપ્ત થવાનું તેની પાછળ આંધળી દોડ મૂકી રહ્યો છે. ભૌતિક સુખોની લાંબી મેરેથોન દોડ ચાલી રહી છે આખા વિશ્વમાં એક રૂપિયો કમાનારને બીજા રૂપિયાનો ધક્કો છે ને એ ધક્કો એમ અંત વગર વિસ્તરી રહ્યો છે. આવી સ્પર્ધામાં મૂલ્યોનું સરેઆમ ધોવાણ થઈ રહ્યું છે. નીતિભ્રષ્ટતા અને ચારિત્ર્યહીનતા તેના છેલ્લા પગથિયે પહોંચી ગયા છે. કહેવાતા ધર્મ અને રાજકારણે બળતામાં ધી હોમ્યું છે. માણસને તેણે અનિયંત્રિત કરી મૂક્યો છે. શિક્ષણ પણ સદંતર માનવીય મૂલ્યો પરખે મુખ ફેરવીને બેઠુ છે. આવી પરિસ્થિતિ વચ્ચે માણસની ઈચ્છાઓ ઝેરીલી નાગણ બનીને ચારે તરફ તેની જીણને લપકાવી રહી છે. કહો કે તૃપ્તિ શમણું છે અતૃપ્તી વાસ્તવ છે. કૃષ્ણ, બુધ્ધ, મહાવીર, ગાંધી અને બીજા અનેકોએ ઈચ્છા, આશા, સુખ સંદભે મનુષ્ય જાતને માર્ગ ચીંધ્યો છે. પણ માણસ હજી છે ત્યાંથી એક ડગલુ આગળ વધવા પ્રયત્ન કરતો નથી. સત્તાના દંભના, જૂઠાણાનાં, કાવાદાવાના પ્રપંચોના નાટકો અગાઉ ક્યારેય ભજવાયા નથી તે રીતે ભજવાઈ રહ્યાં છે. આવા વિષમ સંજોગો વચ્ચે આપણે ઈચ્છાને નાથવાની છે, મનને સીધા માર્ગ પર ગતિ કરી રહે તે જોવાનું છે. એ.આઈ (આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ) પાસે ભૌતિક સુખોનો ઉકેલ કદાચ હશે, પણ માનવ જાતના ''સંતોષ'' માટે કે ''ઈચ્છાઓ'' ની સીમા માટે કોઈ નિરાકરણ નથી. પરિસ્થિતી તેથી વધુ ચિંતા ભરી છે.

આથી જ આપણે સ્વયં આપણા માર્ગદર્શક બનવું પડશે, સ્વયં આપણે અનુભવ લેખે લગાડી અભ્યાસને તેમાં પૂર્તિરૂપે જોડવો પડશે ''મન'' ને સ્થિર કરવું પડશે. પદ-સત્તા-સંપત્તિના દૂષણોથી વાકેફ થવું પડશે પોતાના જીવનનિર્વાહની રીતભાતમાં પરિવર્તન લાવવું પડશે. શકિત કે અધિકારથી લગીરે વધારે નહી તેવી સમજને વિસ્તારવી પડશે. સંતુષ્ટ મન જ આત્મીયતાનો બોધ શીખવે છે તે જ કરૂણાના મર્મ સુધી લઈ જાય છે, એજ માણસને વધારે માયાળુ બનાવી રહે છે. એ જ માણસને એના હુંપણામાંથી ઉગારી શકશે.

સર્વાંગે લોલુપ બની ગયેલા સમાજે જો ટકવું હોય તો તેની ઓળખ અવશ્ય બદલવી પડશે. ચાલો ઈચ્છાના સાચા રૂપને સમજીએ મનુષ્યતાના મહેલમાં પદાર્પણ કરાવી આપે તેવી ચાવી એની ખરી સમજણમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે.

ધનસુખભાઈ પી. પટેલ (ઉંભેળ)

## ચિંતન

વિચારોના વલયોમા
જીવનની અંકિત રેખા
ઓટમા વલય આકારે
દૃષ્ટિ સમક્ષ દૃષ્યમાન
ભરતી આવતા અદૃષ્ય
ઓટમા ફરી દૃષ્યમાન
મન તણા તરંગો
મનન ચિંતન ભાવમાં
અનંત સાગર પ્રકૃતિ
કુદરત તણી કૃતિ
કુદરત તણુ સર્જન
અંતે સર્જન વિસર્જન
જીવન શિવ રૂપાતિત

## સ્મરણ

આંતર મન ઝરૂખે
અંકિત સ્મૃતિ ચિત્રમા
બાળપણ ના સ્મરણ
ટોળેવળી વાતો કરતા
સંતા કુકડી રમતા
નિર્દોષતા અનેરી
સહજતા સ્વભાવમા
યુવાનીમા સ્ફુરણ
પ્રેમ તણુ પ્રાગટય
સહ સાથી સંગાત
આનંદમય જીવન
વૃધ્ધત્વ જીવન સંધ્યા
સુર્યાસ્ત પ્રકાશ
કુદરતમય દૃષ્ટિ
આંતર ચક્ષુ થકી
અનુભવુ પરમ તત્વ

## મિલન

પુનમ તણી રાત
સાગર મધ્યે મુજ નાવ
ચમકતા સાગર તણા નીર
નાવમાં સાથી સર્વેશ્વર
એકત્વ અનંત સાથે
આનંદ તણો અવિસ્કાર
પૂર્ણ ચંદ્ર તણો પ્રકાશ
પૂર્ણતા સહ ઓતપ્રોત
નિર્મળ અનંત આકાશ
અદ્વૈત આત્મા દર્શન
દર્શન મન ઝરૂખે
વિરાટ વિશ્વેશ્વર તણુ
અમુલ્ય એવી ક્ષણ
મિલન પરમ ઝરુખે




### શ્રી ઉમિયા માતાજી ની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

યુ.એસ.એ. માં આપણા કુળદેવી શ્રી ઉમિયા માતા ની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માં આપણા જ્ઞાતિજનો સહ પરિવાર લાભ લે એ માટે આમંત્રણ છે જેની નોંધ લેશો

**તારીખો ને યાદ રાખી લેવી**
**તા. ૨૧-૬-૨૦૨૪ થી**
**તા. ૨૩-૬-૨૦૨૪ સુધી**

**ADDRESS :**
**2241, HOBSON PIKE,**
**ANTIOCH, TN - 37013**

પન્ના પટેલ (પ્રીતુ)
કામરેજ ચાર રસ્તા

## સમાજ

## માફ કરી દેને હવે...!

### (છૂટાછેડા પહેલા)

હાઈવે પર એક મર્સિડીઝ ગાડી સડસડાટ જઈ રહી હતી. રોનક ગાડી ડ્રાઈવ કરતો હતો અને પાછળની સીટ પર રિયા ચૂપચાપ બેઠી હતી. બંને જણ કંપનીમાં જોબ કરતા હતા એટલે કામના લીધે નાના મોટા ઝઘડા ચાલ્યા કરતા. બાળકોના હોમવર્ક થી લઈને બંને વચ્ચે ઝઘડા ચાલ્યા કરતા. બમનેમાં ઈગો એ સ્થાન લીધું હતું. કોઈ સમજવા પણ તૈયાર ન હતું. આ દિવસે કોર્ટમાં તેમના છૂટાછેડા નો ચુકાદો હતો. ગાડી થોડી આગળ ગઈ ને રોનક નો પગ એકાએક બ્રેક ઉપર મુકાઈ ગયો. ગાડી થંભી ગઈ બંને જણાએ ફટાફટ નીચે ઉતરીને જોયું તો એક ગરીબ લાગતી સ્ત્રી ગાડી નીચે પોતાના મોતને નોંતરી રહી હતી. ફટાફટ તે સ્ત્રીના પતિએ તેને ખેંચી લઈ અને સમજાવતો હતો આ શું કરે છે.? ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું કે મારે હવે નથી જીવવું મને લોકોના મહેણાં ટોણાં નથી સંભળાતા બાળક વગરની જિંદગી કેવી રીતે જીવવી ? ત્યારે એનો પતિ સમજાવે છે કે એમાં શું થયું ? આપણે એકબીજાને બાળક જેટલો પ્રેમ આપી જીવન જીવી લઈશું. આ બાજુ રોનક અને રિયા આખી વાત સમજી ગયા કે આ લોકો ભલે ગરીબ છે પણ વિચારોથી કેટલા સમૃદ્ધ છે. ભારોભાર પ્રશ્ચાતાપની લાગણી પ્રસરી ગઈ

બંને જણાના પગ ફટાફટ ગાડી પાસે પહોંચી ગયા અને રોનકે રિયાને ઈશારાથી બાજુની સીટ પર બેસવા જણાવ્યું રિયા સમજી ગઈ અને બાજુની સીટમાં બેસી ગઈ ગાડી નો રસ્તો બદલાઈ ગયો ગાડી કોર્ટ તરફ જવાના બદલે ઘર તરફ જવા લાગી. ફટાફટ જાણે વર્ષો જૂનો પ્રેમ બાળકોને આપવા તત્પર થઈ ગયા. ગાડી ઘર પાસે આવીને ઊભી રહી. બંને જણ દોડીને ઘરમાં જઈને જોયું તો પોતાની ધોરણ પાંચમાં ભણતી દીકરી તેના ધોરણ એક માં ભણતા ભાઈને રડતો છાનો રાખતી હતી અને રમાડતી હતી. બંને જણા બાળકોને ભેટીને ખૂબ રડ્યા. ધ્રૂસકે ને ધ્રૂસકે રડ્યા. અને એકબીજા સામુ જોઈ એટલું જ બોલે છે માફ કરી દે ને હવે..' પછી બંને બાળકો સાથે બજારમાં ગયા અને બાળકોને રમકડાં મીઠાઈ વગેરે લાવી આપી અને તે દિવસથી એમનું જીવન બદલાઈ ગયું

ફરીથી બંને એકબીજાને ભેટીને બોલી ઊઠ્યા...
માફ કરી દે ને હવે...!

## વિશ્વાસ વિશે આત્મવિશ્વાસ

સંકલન
રાજુ એ. પટેલ

સૌથી મુખ્ય ચીજ છે વિશ્વાસ. બાળકને વિશ્વાસ બેસી જવો જોઈએ કે મા-બાપ જે કાંઈ નિર્ણય લેશે તે મારા હિતનો હશે.

મીરાં ભટ્ટ

મોટી ઉંમરનાં સંતાનો માતા-પિતાના નિર્ણયો સામે બંડ પોકારે કે મા-બાપની ઈચ્છા વિરૂદ્ધ વર્તે ત્યારે મા-બાપને ભારે આઘાત લાગે છે. સંતાનોએ શું કરવું જોઈએ તે બાબતમાં માબાપ સાચાં હોય તોપણ સંતાનો તેમને ગાંઠતાં નથી ત્યારે માબાપને ભારે નિરાશાનો અનુભવ થાય છે. સંતાનો માટે રાખેલી તમામ આશાઓ ધૂળમાં મળી ગયાની વેદનાનાં આંસુ તેમના જીવનને ખારું બનાવી દે છે. આમ કેમ બને છે ? આમ બનવાનું મૂળ સંતાનોના ખોટા ઉછેરમાં રહેલું હોય છે. બાળક નાનું હોય, અણસમજણું હોય, ત્યારે એના વિશેના તમામ નિર્ણયો માબાપે લેવા પડતા હોય છે. બાળકને અનુકૂળ નિર્ણય લેવાય ત્યારે કશો પ્રશ્ન હોતો નથી. જોકે મોટે ભાગે આપણે આપણને અનુકૂળતાનો મેળ આકસ્મિક હોય છે ! પણ બાળકને પ્રતિકૂળ નિર્ણયો ન જ લેવાય તે પણ ખોટો ખ્યાલ છે. પણ બાળક વિશે નિર્ણય લેતી વખતે પહેલાં તો પોતાના નિર્ણયની યોગ્યાયોગ્યતા અંગે આપણને સહેજે શંકા હોય તો અન્ય સહૃદય વ્યકિતની સલાહ લેવી જોઈએ. બાળકના હિત વિશેનો આપણો ખ્યાલ આપણા તરંગીપણામાંથી જન્મેલો ન હોવો જોઈએ અને બીજી વાત બાળક વિશે જે નિર્ણય લો તે એને ગળે ઉતરાવવો જોઈએ. 'આમ કર', 'આમ જ કર', 'આમ જ થશે', 'આ જ મળશે', 'આ નહિ મળે', 'આ નહિ જ મળે'. આવાં આજ્ઞાવાચક વાક્યો પ્રારંભમાં સરળતા કરી આપનારાં લાગશે. પણ પછી સર્જાનારા અંધાધુંધ જંગલ માટે આ જ વાક્યો જવાબદાર હશે. બાળક શું સમજે, તેણે તો આપણે કહીએ એમ જ કરવાનું હોય આવી માન્યતા આપણાં મનમાં દૃઢ થઈ ગઈ હોય છે. આપણે એનું હિત જ ઈચ્છાતાં હોઈએ એ ખરું, પરંતુ આપણે બાળકનું હિત જ ઈચ્છીએ છીએ એની બાળકને ખાતરી પણ થવી જોઈએ. એક દાખલો લઈએ બાળકની તબિયતને કારણે એને આઈસ્ક્રીમ આપી શકાય તેમ ન હોય અને બાળક આઈસ્ક્રીમની હઠ કરે તો શું કરો ? થાકીને આઈસ્ક્રીમ આપી દો ? ધમકાવીને ના પાડો ? તે ન જ માને તો શિક્ષા કરો ? કે પૂરી ધીરજથી એને સમજાવો ? આ પ્રશ્નોના ઉત્તરમાં માબાપ તરીકે આપણે ક્યાં છીએ એનો અંદાજ મળશે. ડગલે ને પગલે બાળક પર પોતાનો નિર્ણય ઠોકી બેસાડતાં માબાપ - બાળકો મોટાં થઈને એનો બદલો લે એવા ભવિષ્યનો પાયો નાખી રહ્યાં હોય છે.

# બાળઉછેર - સામાજિક સભાનતા સાથે

બાળક તરફ મોટાંની ફરજ માત્ર વાલી તરીકેની જ નથી.
સમાજના નાગરિક તરીકેની પણ છે.

મૂળશંકર મે. ભટ્ટ

મોસમી નિરવ પટેલ

જેની સાથે જોડાઈને 'શિક્ષક' શબ્દ સાર્થક થયો હતો એવા આપણા એક ઉત્તમ કેળવણીકાર સ્વ. મૂળશંકરભાઈ ભટ્ટે અહીં એક અત્યંત સૂક્ષ્મ અને મહત્ત્વની વાત કરી છે. આપણે બાળકનાં માતાપિતા, વાલી કે શિક્ષક જેમ વ્યકિત છીએ તેમ સમાજનું એક અંગ પણ છીએ. આપણી અંદર એક સ્વતંત્ર વિશ્વ છે, તો બાહ્ય વિશ્વ સાથે પણ આપણો અતૂટ નાતો છે. બાળક સાથે આમ તો આપણો અંગત સંબંધ હોય છે. બાળક માટે આપણા હૃદયમાં છલકાતા પ્રેમ પૂરતી આ વાત બરાબર પણ છે. પરંતુ બાળકના ઉછેર અને વિકાસને સામાજિક સંદર્ભ પણ છે. બાળક આવતીકાલે ઘરનો ઉંબરો ઓળંગી સમાજમાં જઈને ઊભશે. નાગરિક તરીકે એ કેવી રીતે વર્તશે એનો મોટો આધાર એનો વિકાસ અને ઉછેર કઈ રીતે થયો છે તેના પર હશે. બાળક માટે પ્રેમ હોવો એ પાયાની વાત છે. પણ ત્યાં વાત પૂરી થઈ જતી નથી. આપણી પોતાની સામાજિક જવાબદારીઓની સભાનતા બાળઉછેરમાં વ્યકત થવી જોઈએ. અન્ય મનુષ્યેતર પ્રાણીઓનાં બચ્ચાંની જેમ જ મનુષ્યના બચ્ચાનો જન્મ થાય છે. પણ એનો ઉછેર એને મનુષ્યેતર સૃષ્ટિથી જુદો પાડે છે. એકેએક બાળક સારા માણસ બનવાની સામગ્રી પોતાની અંદર લઈને જ જન્મે છે. પ્રેમ અને સમજના રસાયણમાં રસાઈને આ સામગ્રી બાળકને 'મનુષ્ય' સંજ્ઞાને લાયક બનાવે છે. જે સમાજમાં સારા મનુષ્યો વધારે હોય છે એ સમાજ સ્વસ્થ રહી શકે છે, વિકાસ સાધી શકે છે. મોટું થઈને બાળક સમાજને પરિતાપ કરાવે તો એની જવાબદારી એના ઉછેરના તમામ ભાગીદારોની ગણાય અને એ અર્થમાં તેઓ નાગરિક તરીકેની ફરજ ચૂક્યા ગણાય.

ઉપર કહી તે વાત સિદ્ધાંતમાં તો સર્વસ્વીકૃત બને તેવી છે. પણ બાળઉછેરમાં આપણે નાગરિકની ભૂમિકા કેવી રીતે અદા કરવી એ વાત દેખાય છે એટલી સહેલી નથી. આપણે નાગરિક તરીકે કેવા છીએ એ પ્રશ્ન આમાં અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. એક વાત બહુ નક્કી છે કે બાળકને વાણી દ્વારા ઝાઝું શીખવી શકાતું નથી. વર્તનના નક્કર આધારવાળી વાણી હોય તો જ બાળક કાને ધરે છે- અન્યથા ઠાલા શબ્દો માટે એના હૃદયમાં અભાવ ઉત્પન્ન થતો જાય છે ને ધીરે ધીરે એ અભાવ વિદ્રોહ સુધી પહોંચે છે. ઘરમાં હું બાળકના દેખતાં મારી પત્નીને, મારા માતાપિતાને, મારાં ભાઈબહેનોને ઉતારી પાડતો હોઉં, વાતવાતમાં જૂઠાણાંનો આશ્રય લેતો હોઉં, પાડોશી સાથે તકરારો કર્યા કરતો હોઉં, સ્વચ્છતા પ્રત્યે દુર્લક્ષ સેવતો હોઉ, મારા કામો બીજા કરી આપે એવી આશા રાખતો હોઉં, અને પછી મારું બાળક વિનયી, સત્યવાદી, સહયોગની ભાવનાવાળું સ્વચ્છ ને સ્વાવલંબી બને એવી આશા રાખું તો એવી આશા રાખવાનો મને અધિકાર નથી. નાગરિકપદ પ્રાપ્ત કરવાથી નાગરિકતા આવી જતી નથી. હું અ-નાગરિકતા મિટાવું નહિ

ને મારા બાળકમાં નાગરિકતા વિકસવાની આશા રાખું તો એ લીંબોળીનો ઠળિયો વાવીને આમ્રવૃક્ષ ઉગાડવાની આશા રાખવા જેવું વ્યર્થ છે.

કોડિયું ભલે સૂરજની જેમ આખી દુનિયાને અજવાળી ન શકે, પણ પોતાની આસપાસનું અંધારું તો એ ઉલેચી જ શકે. હું મારામાં જે કંઈ પ્રકાશ હોય, એનાથી મારી આસપાસના સમાજ તરફ મારાં કર્તવ્યો નિભાવું તો મારા બાળકમાં નાગરિકતાના સંસ્કારો અવશ્ય સંક્રાંત થશે. હું મારી જાતને સુધારું તો આ જગમાંથી ઓછામાં ઓછો એક બદમાશ ઓછો થશે એવું એક તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે. પણ મને લાગે છે કે હું જાતને સુધારું તો આ જગતમાંથી ઘણા બદમાશો ઓછા થાય

સાભાર બાલવંદના

## લાલચૂડા કડવા પાટીદાર સમાજ જોગ
## મરણોત્તર પ્રાર્થનાસભા માટે સમાજભવન વીના મૂલ્યે ફળાવવા બાબતે

સવિનય સહર્ષ જણાવવાનું કે આપણા સમાજની કોઈપણ વ્યકિતનાં અવસાન નિમીતે પ્રાર્થનાસભા માટે સમાજ ભવન (કૃષિમંગલ - ઉમામંગલ) નાં હોલ નીચે મુજબની શરતોને આધિન વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે તેની નોંધ લેવા વિનંતી છે.

(૧) પ્રાર્થનાસભા માટે હોલ બુક કરાવવા માટે જે તે અધિકૃત વ્યકિતએ જરૂરી ફોર્મમાં વિગતો ભરી જાણ કરવાની રહેશે.

(૨) સમાજનાં ઉમામંગલ, કૃષિમંગલનાં જે તે હોલ ખાલી હશે તો જ મળવા પાત્ર રહેશે.

(૩) જે તે વપરાશકારે પ્રાર્થનાસભા માટે હોલ બુક કરાવ્યો હશે તેને હોલ ભાડુ, ખુરશી, સ્ટેજ, માઈક વિગેરે જરૂરિયાતની વસ્તુઓ નિઃશુલ્ક આપવામાં આવશે ઉપરાંત વ્યવસ્થા માટે વધુમાં વધુ ૪ મજુરોની પણ વિનામૂલ્યે સગવડ પૂરી કરી આપવામાં આવશે.

(૪) એસી હોલમાં પ્રાર્થનાસભાનું આયોજન કર્યું હશે અને એસી ચાલુ કરવામાં આવે તો મહત્તમ રૂા. ૨,૫૦૦/- વિજળી વપરાશનાં ચૂકવવા પડશે.

(૫) હોલ વપરાશ દરમ્યાન સાધનોનો કાળજી પૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. આ આપણી ફરજનો એક ભાગ છે.

(૬) સમાજ હોલની આ યોજનાનો પ્રાર્થનાસભા માટે મહત્તમ લાભ લે એવી વિનંતી છે.

લી.
વિકાસભાઈ ગુલાબભાઈ પટેલ (મંત્રી)
કડવા પાટીદાર કેળવણી મંડળ
કૃષિમંગલ, સુરત

# શિક્ષણ

અનિતાબેન પટેલ
સુરત

## આભાર માનવાની ટેવ પાડીએ

રામાયણનો એક પ્રસંગ છે દશેરાના દિવસે રાવણનો વધ કર્યા બાદ દિવાળીના દિવસે રામ પોતાનો વનવાસ પૂરો કરીને જ્યારે અયોધ્યા પાછા આવ્યાં ત્યારે સૌથી પહેલા કૈકેયીને મળવા ગયાં આ એ જ કૈકેયી, જેના કારણે રામને રાજગાદીને બદલે ૧૪ વર્ષનો વનવાસ મળ્યો હતો..!! કૈકેયીને ચરણોમાં પ્રણામ કરીને રામે કહ્યું ‘‘મને વનમાં મોકલવા બદલ ઘણો ઘણો આભાર...! જો તમે મને વનમાં ન મોકલ્યો હોત તો પિતાના પ્રેમની ભરતના સ્નેહાદરની, લક્ષ્મણના સેવાભાવની સીતાના પતિ ધર્મની અને રાવણના બળની મને ખબર જ ન પડી હોત...!

રામાયણનો આ પ્રસંગ એક સરસ સંદેશ આપે છે કે, કોઈ તમારું બુરૂ ઈચ્છે કે અહિત કરે તો પણ એવું જ સમજવું કે ક્યાંક ને ક્યાંક આપણું સારું જ થવાનું હશે. આપણી મરજી મુજબ થાય તો ગમે, પણ મરજી મુજબ ન થાય તો એમ સમજવું કે ઉપરવાળાની મરજી મુજબ થાય છે એટલે આખરે સારું જ થશે ક્યારેક તો અન્ય દ્વારા જે દુ:ખ કે તકલીફ વેઠવી પડે એનાથી આપણે વધારે સક્ષમ બનીએ છીએ. એટલે વેરભાવ રાખ્યા વગર અહિત કરનારનો પણ આભાર જરૂર માનીએ...!

## :: અમેરિકા ઉચ્ચ અભ્યાસ જોગ વિદ્યાર્થી માટે ::

જે છોકરા ઓ એ ફાર્મ઼-D કર્યુ હોય અને એમને અમેરીકા ઉચ્ચ અભ્યાસ અને ત્યાં ફાર્મસી માં જોબ કરવી હોય તો તે માટે ઓફર લેટર અને જોબ માટેની મદદ નિ:સ્વાર્થ ભાવે કરીશું. ભરતભાઈ પટેલ લીડીયાત હાલ : કામરેજ ચારરસ્તા નો સંપર્ક કરી શકો છો

WhatsApp Mob. : +1 417 402 5249
+91 99786 25915
Email : bipatel3691@gmail.com
નોંધ : આ સેવા ફક્ત ફાર્મ-D ના સ્ટુડંટ માટે છે...

# આંતરિક વિકાસ

જિજ્ઞાબેન વિનોદભાઈ પટેલ
બારડોલી

કોઈ વ્યકિત બીજ રોપે ત્યારે તેને માટે માટી, પુરતો તડકો, હવા, પાણી આપતો રહે છે. તેનો સરસ વિકાસ થાય પૂરતું પોષણ મળી રહે એ માટે તેમાં ખાતર પણ નાખે છે. સમય જતાં એ બીજમાંથી છોડ બને અને ધીમે ધીમે એ છોડ મોટો થાય તેનો વિકાસ થાય અને એક ઘટાદાર વૃક્ષમાં ફેરવાય જાય. પરંતુ આ ક્યારે શક્ય બન્યું તેમાં જરૂરી ખાતર પણ નાખ્યું એટલે... ખરું ને મિત્રો...!

બસ આજ વસ્તુ મને ચિત્ર પરથી દેખાય છે કે જેમ વ્યકિતનો બાહ્ય વિકાસ જરૂરી છે તેટલો જ આંતરિક વિકાસ પણ ખૂબ જ જરૂરી છે. માણસો ખાસ કરીને બાહ્ય વિકાસ માટે એટલે કે શારીરિક વિકાસનો તો પૂરતો ખ્યાલ રાખે છે. શારીરિક બાહ્યવિકાસ માટે માણસ કસરત કરે, જિમ જોઈન્ટ કરે, યોગા કરે, સુંદર દેખાવા માટે પણ ઘણું બધું કરતો હોય છે. પરંતુ આંતરિક વિકાસ માટે આપણે જાગૃત છીએ...? આ સવાલ આપણાં જ મનને પૂછવો.

જો તન તંદુરસ્ત હશે તો મન પણ સાથે પ્રફુલ્લિત રહેશે એટલે શારીરિક વિકાસ તો જરૂરી છે જ વ્યકિતનો પરંતુ મન ખુશ નહિ હોય એ તણાવમાં રહેશે તો... તન પણ સરખું કામ નહી કરી શકે. એટલે વ્યકિતએ આ મનને પણ યોગ્ય ખાતર પૂરું પાડવું પડે છે. મનનો પણ આંતરિક વિકાસ કરવો પડે છે અને એ થાય છે સારા વાંચનથી, સારા શ્રવણથી, અને સારું ચિંતન કરવાથી, સારી વ્યકિતની સંગતથી. હવે, આંતરિક વિકાસમાં વ્યકિતનો બૌદ્ધિક વિકાસ, ભાવાત્મક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ પણ એટલો જ જરૂરી છે. જો વ્યકિતના આ વિકાસમાં કોઈપણ એક વિકાસની પણ જો ઉણપ રહી તો તે વ્યકિતમાં તરત જ દેખાય આવશે. નબળા સમયમાં વ્યકિત તરતજ તણાવમાં આવી જાય છે ઘણા તો ડિપ્રેશનનો ભોગ પણ બને છે અને બહુ નાની ઉંમરમાં જ મોતને ભેટી પડે છે આ બધું આંતરિક વિકાસનો અભાવ જ વ્યકિતમાં દેખાડે છે. વ્યકિત બૌદ્ધિક વિકાસ માટે અલગ અલગ કોયડાઓ ઉકેલે છે, ચેસ રમતા હોય, પેપરમાં આવતા શબ્દકોશ ભરતા હોય આવું ઘણું અલગ અલગ કરતા પણ હોય છે. આ બધાની સાથે સૌથી જરૂરી છે એ છે આધ્યાત્મિક વિકાસ. જેટલો આધ્યાત્મિક વિકાસ સારો હશે વ્યકિતમાં એટલો વ્યકિત મનથી પણ મજબૂત વધારે હશે. કોઈપણ સંજોગો સામે એ લડી પણ શકે છે. વ્યકિત સત્સંગદ્વારા, દાનપુન કરી, બીજાને મદદ કરી એક અલગ જ શાંતિ અને ખુશી અનુભવતો હોય છે પણ આ ક્યારે શક્ય બને છે... વ્યકિત બાહ્ય વિકાસની સાથે સાથે પોતાના આંતરિક વિકાસ પ્રત્યે પણ સજાગ રહે તો. વ્યકિતનાં સર્વાંગી વિકાસમાં બાહ્ય અને આંતરિક બંને વિકાસ હોવો જરૂરી છે. ત્યારે જ વ્યકિતનું વ્યકિત્વ ખીલી ઉઠે છે, જેની અસર તેની આજુબાજુના લોકો અને સમાજ પર પણ સારી પડે છે.

તનની સાથે કરીએ મનની જાળવણી,
નાનપણથી જ બાળકોને આપીએ સારી કેળવણી...

# વડીલો ને પગે લાગવાથી ખરેખર શુ થાય છે. ?

સંકલન : રાજેશ્રીબેન એમ. પટેલ

વડીલો ને પગે લાગવા એટલે કે પ્રણામ કરવાથી ખરેખર શું થઈ શકે તે સવાલ નો જવાબ કૃષ્ણલીલા માંથી જ મેળવીએ.

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું -

એક દિવસ દુર્યોધનના કટાક્ષથી દુઃખી થઈને, ભીષ્મ પિતામહ ''જાહેર કરે છે કે હું કાલે પાંડવોને મારી નાખીશ''

તેની જાહેરાતની જાણ થતાં જ પાંડવોની છાવણીમાં બેચેની વધી ગઈ. દરેક વ્યકિત ભીષ્મની ક્ષમતાઓ વિશે જાણતો હતો, તેથી દરેક વ્યકિત ભયથી પરેશાન થઈ ગયો...

પછી શ્રી કૃષ્ણે દ્રૌપદીને કહ્યું, હવે મારી સાથે આવો-

શ્રી કૃષ્ણ દ્રૌપદીને સીધા ભીષ્મ પિતામહની છાવણીમાં લઈ ગયાં. શિબિરની બહાર ઉભા રહીને તેમણે દ્રૌપદીને કહ્યું કે - અંદર જાવ અને પિતામહને પ્રણામ કરો

જ્યારે દ્રૌપદી અંદર ગયા અને ભીષ્મપિતામહને પ્રણામ કર્યા, ત્યારે તેમણે ''અખંડ સૌભાગ્યવતી ભવ'' આશીર્વાદ દીધા..

પછી તેણે દ્રૌપદીને પૂછયું કે !! ''વત્સ, તમે રાત્રે અહીં એકલા કેવી રીતે આવ્યા, શ્રી કૃષ્ણ તમને અહીં લાવ્યા છે''?

ત્યારે દ્રૌપદીએ કહ્યું કે - ''હા અને તેઓ રૂમની બહાર ઉભા છે.''

પછી ભીષ્મ પણ રૂમની બહાર આવ્યા અને બંનેએ એકબીજાને પ્રણામ કર્યા-

ભીષ્મે કહ્યું- ''મારા એક શબ્દને મારા બીજા શબ્દોથી કાપવાનું કામ (લીલા) ફક્ત શ્રી કૃષ્ણ જ કરી શકે છે''

શિબિરમાંથી પાછા ફરતી વખતે શ્રી કૃષ્ણે દ્રૌપદીને કહ્યું કે - ''એકવાર ભીષ્મપિતામહને પ્રણામ કરીને તમે તમારા પતિઓ માટે જીવનદાન મેળવ્યું છે''

જો તમે દરરોજ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, વગેરેને કાયમ પ્રણામ કરતા હોત તો આટલી બધી મુશ્કેલીઓ આવી ન હોત... અને દુર્યોધન - દુશાસન વગેરેની પત્નીઓ પણ પાંડવોને કાયમ પ્રણામ કરતા હોત તો કદાચ આ યુદ્ધ ન થયું હોત.

તાત્પર્ય.....આજની જનરેશનને આ બાબતે અનુરોધ કરવાનો કે અત્યારે આપણા ઘરોમાં ઘણી બધી સમસ્યાઓનું મૂળ કારણ એ છે કે જાણી જોઈને કે અજાણતા જ ઘરના વડીલોની ઉપેક્ષા કરવામાં આવે છે''

જો ઘરના બાળકો અને પુત્રવધૂઓ દરરોજ ઘરના તમામ વડીલોને નમન કરે અને તેમની આશીર્વાદ લે તો કોઈ પણ ઘરમાં ક્યારેય કોઈ મુશ્કેલી ન આવી શકે.''

વડીલોએ આપેલા આશીર્વાદ બખ્તરની જેમ કાર્ય કરે છે, કોઈ ''હથિયાર'' તેમને ભેદી શકતું નથી

| | |
|---|---|
| પ્રણામ પ્રેમ છે. | પ્રણામ નમવું શીખવે છે. |
| પ્રણામ એ શિસ્ત છે. | પ્રણામ ક્રોધ દૂર કરે છે. |
| પ્રણામ એ શીતળતા છે. | પ્રણામ આંસુ ધોઈ નાખે છે. |
| પ્રણામ આદર શીખવે છે. | પ્રણામ અહંકારનો નાશ કરે છે. |
| સારા વિચારો પ્રણામથી આવે છે. | એક પ્રણામ કંઈ પરિણામ બદલી નાખે છે. |

## માબાપ થવું તે એક સાધના

પારૂલબેન પટેલ

મા-બાપ થવું એ ખાવાના ખેલ નથી - ગુણવંત શાહ

મા-બાપ 'હોવું' કંઈ બહુ અઘરી વાત નથી મા-બાપ 'હોવું' એ કેવળ જીવશાસ્ત્રીય ઘટના છે નોર્મલ શારીરિક રીતે સ્ત્રી-પુરૂષની લગ્ન જીવનનું એ કેવળ આનુષંગિક પરિણામ છે. પણ મા-બાપ 'થવુ' એ કંઈ નાનીસૂની વાત નથી. દરેક નોર્મલ સ્ત્રી-પુરુષ મા-બાપ હોઈ શકે પણ દરેક મા-બાપ થઈ ન શકે મા-બાપ થવું એ તપ છે. સાધના છે.

'લાયક બનો પછી ઈચ્છા કરો' એ મતલબની અંગ્રેજી કહેવતનું સત્ય આમ તો જીવનની એકેએક બાબતને સ્પર્શે છે. પણ મા-બાપ થવાની બાબતને ઘણું વધારે સ્પર્શે છે ને કદાચ આ જ બાબતમાં આ સત્ય તરફ ઓછામાં ઓછું લક્ષ અપાય છે.

મા-બાપ હોવા માટે શારીરિક પરિપકવતા પર્યાપ્ત છે પણ મા-બાપ થવા માટે માનસિક પરિપકવતાની આવશ્યકતા છે. એટલે મા-બાપ થવાની યોગ્યતા કેળવ્યા વગર મા-બાપ હોવું એ ઈશ્વરનો ગુનો છે જે ક્ષણે દંપતી મા-બાપ બનવાનો નિશ્ચય કરે છે એ ક્ષણે એમના જીવનની ગંભીર ક્ષણ છે નવા જીવને આવકારવાની ક્ષણ છે સાથે સાથે મહાતપની તૈયારીની ક્ષણ છે લગ્નજીવનમાં પ્રવેશનાર દરેક દંપતી પોતાની આર્થિક સ્થિતિ નોકરી-ધંધાની સ્થિરતા, બાળક પાછળ પૂરતું ધ્યાન આપી શકવાની અનુકુળતા વગેરે તમામ પાસા વિચારીને પછી મા-બાપ બનવાનું આયોજન કરે તેવા વાતાવરણનું દરેક કુટુંબમાં નિર્માણ થવું જોઈએ.

બાળ ઉછેર એ મા-બાપની સહિયારી જવાબદારી છે એવી સમજદઢ થયા પછી જ મા-બાપ બનવાનો વિચાર થઈ શકે બાળ ઉછેરની જવાબદારી કેવળ માતા ઉપર નાખી દેવી એ માતા ને બાળક બંનેને અન્યાય કરનારી બાબત છે. એ જ રીતે બાળકને દાદા-દાદીનો ખોળો ખૂંદવા મળે એ બાળકનું મહાભાગ્ય છે પરંતુ બાળકને કેવળ દાદા-દાદી પર નાખી દઈને મા-બાપે છૂટી જવાનું નથી એ સમજ પતિ-પત્નીમાં દઢ થવી જોઈએ. મા-બાપ બનતા પહેલા બાળ ઉછેરનું પ્રમાણભૂત સાહિત્ય વાંચવું જોઈએ અને એમાં કહેતી વાતો મનમાં દઢપણે ઉતારવી જોઈએ.

મા-બાપ બન્યા પછી મા-બાપનો વધુમાં વધુ સમય બાળક માટે અનામત રહેવો જોઈએ. પતિ-પત્ની બંને નોકરી વ્યવસાયમાં હોય ત્યારે બાળકને શક્ય ત્યાં સુધી ઓછામાં ઓછો એકનો સથવારો સતત અને શક્ય એટલો વધુ મળતો રહેવો જોઈએ આનો અર્થ મા-બાપ સતત બાળકને પકડીને બેસી રહે એવો નથી મા-બાપની હાજરી બાળકને ઘણી હુંફ આપે છે બાળક મા-બાપને ઘરમાં જુએ એનાથી એ સલામતીનો ભાવ અનુભવે છે દાદા-દાદી કે અન્ય સ્વજન હોય ને મા-બાપનો શક્ય એટલો વધુ સથવારો મળી રહેતો હોય તો બાળકનો ઉછેર સમતોલપણે થાય છે

બાળકના જન્મથી જ એના આરોગ્યના શારીરિક વિકાસના પ્રશ્નો પર પતિ-પત્નીએ સતત ધ્યાન આપવું જોઈએ બાળકના ચિતતંત્રને લાગણીતંત્રને ક્યારેય સહેજે ઠેસ ન પહોંચે તેની કાળજી લેવી જોઈએ બાળકને પૂર્ણ સ્વાતંત્ર્યનો અનુભવ થાય, અને છતા એ બહેકી ન જાય એનામાં સ્વયંશિસ્ત પ્રગટે એ રીતે એનો ઉછેર થવો જોઈએ આ બધુ કરવું એ સહેલું નથી જ. આ અઘરું છે પણ આનંદથી ભરેલું છે બાળ ઉછેર માટે તપ જરૂરી છે પણ એ તપ આનંદથી છલકાતું તપ છે.

બાલવંદનામાંથી સાભાર....

**:: બાળ રમૂજ ::**

ચોથા ધોરણમાં ભણતો ચિંતુ ''બાળ ઉછેરની કલા'' પુસ્તક વાંચી રહ્યો હતો.
શિક્ષકે પૂછયું - ચિંતુ તું તો હજી નાનો છે આ પુસ્તક કેમ વાંચે છે ?
ચિંતુએ જવાબ આપ્યો - ટીચર હું જાણવા માંગુ છું કે મારા મા-બાપ મારો ઉછેર બરાબર કરી રહ્યા છે કે નહિ ?

## જીવનનું જરૂરી અંગ સમય

સંકલન - મગનભાઈ લ. પટેલ
સીથાણ

સમય એનું કામ કરીને વહી જાય છે. અમાસની અંધારી રાત પછી સોનેરી, પ્રભાત ઉગે છે. ઉનાળાના ઘોમ ધખતા તડકા પછી અષાઢી મેઘ શીતળ ઠંડક આપે છે. પાણી માટે વલખાં મારતો માનવી સમય બદલાતાં ચોમાસાના પૂરમાં તણાતો જણાય છે. આપણા જીવનમાં પણ કુદરતે એક અવિરત સમયચક્રનું જોડાણ કરેલ છે. જે પોતાની ગતિએ ચાલ્યા જ કરે છે તેમાં સમયાંતરે સુખ, દુખ, શોક આનંદ આવ્યા જ કરે છે. કુદરતના નિયમો બદલાતા નથી. આપણે એ નિયમોને અનુકુળ બનવું પડે છે. સમય વહી જાય છે.

શિયાળાની ઠંડીમાં ધાબળો શોધવો પડે છે. ઉનાળામાં ઠંડક શોધવી પડે છે અને સોમાસામાં છત્રી શોધવી પડે છે ત્યારે કુદરતના નિયમો અને સમયને યાદ કરીને ઈશ્વરનો આભાર માનીએ છીએ. જન્મ અને મરણ વચ્ચે સમયનું મહત્ત્વ છે. સમય આપણા જીવન સાથે વણાયેલો છે. માનવજીવનની હરઘડીમાં સમય અને સંજોગોનું મુખ્ય સ્થાન છે. બાળપણ યુવાની અને વૃધ્ધાવસ્થામાં સમયનો સાથ અનોખો છે. કોઈક વૃધ્ધને સમય વિશે પૂછો તો કહેશે કે સમય એનું કામ કરે છે. તે આપણી રાહ જોતો નથી. તે સતત ચાલ્યા જ કરે છે. બાળપણ ખેલકૂદમાં ગયું. યુવાની રંગેચંગે મનાવી અને આજે ઘડપણમાં સમયની કિંમત યાદ આવી. રાતભર પથારીમાં ઉહકારા ભરતો કોઈક વૃધ્ધ સવાર ક્યારે થશે તેની રાહ જોતા હોય છે.

માનવી સમયને ભૂલી જાય છે. પરંતુ સમય કદી તેની ફરજ અને કાર્ય ભૂલતો નથી. એટલે જ વિશ્વ પરિવર્તન પામે છે. દરેક ક્ષણમાં બદલાવ આવે છે. બીજમાંથી અંકુર ફુટે, તેમાંથી છોડ થાય, વિશાળ વૃક્ષ થાય અને તેમાંથી બીજ થાય ફરી તે પ્રમાણે બદલાતું જાય. આ પ્રમાણે પરંપરા યથાવત રહે છે. સમય બળવાન છે. એક સમયે અર્જુન જે ધનુષબાણ વડે અઢાર દિવસ સુધી કૌરવો સામે લડ્યો હતો તે જ અર્જુન સમય બદલાતાં જંગલમાં સામાન્ય માનવીના હાથે ઘનુષબાણ સાથે લૂટાઈ જાય છે. સમય બદલાય છે.

## આશા રાખીને જીવો

કિશોરનાના
મોરથાણા

હજારો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે તમારે આશા નામનું તત્વ મરી પરવારે તો માણસ એક ડગલુ આગળ વધી શકે નહી આશાતો પ્રવૃતિનો પ્રાણ છે તમારી પાસે શ્વાસ સિવાય કયુ તત્ત્વ તે તમોને જીવડાવીશકે એક લેખક કહે છે તમો ભોજન વગર ૪૦ દિવસ જીવી શકો, પાણી વગર ત્રણ દિવસ જીવી શકો પણ શ્વાસ વગરતો વધારે ૮ મીનીટ જીવી શકાય આમ જીવન જીવવામા શ્વાસ ને આશા બન્ને લગોલગ છે તમો વિચારોકે માણસ પાસે જે આશા નામનુ તત્ત્વ ન હોય તો શું થાય ? વિદ્યાર્થીને પાસ થવાની આશા હોય તો પરીક્ષા આપી શકે, જો નોકરી કરે તેને મહિને પગાર ની આશા હોય, તો ભિખારીને કોઈ ખાવાનું મળશે તે આશા હોય આમ માણસ આશાથી જીવતો હોય છે રાત્રે સુતા પછી સવારે ઉઠીશ તે આશા હોય જ આશા ન હોય તો ઊંઘ ઉડીજાય આશા થી તો જીવવાનુ બળ મળે છે તે આશા સાથે આગળ વધતો હોય છે તમારી જે આશા મરી પરવારેતો ખોટા વિચારથી આત્મ હત્યા તરફ લઈજાય સુર્ય નો પ્રકાશ બંધ થાય પણ સવારે સુર્યના દર્શન થશે તે આશા હોય જે રામકાળમાં જંગલમા શબરી ઝુંપડીમાં રહેતી હતી તેની આશા ટકી હતી કે એક દિવસ રામ મારી ઝુપડી એ આવશેજ તેની આશા રામ ને ખેચી લાવી પ્રભુતો શકિતમાનછે જેમ કીડીને કણ અને હાથી ને મણ આપેજ છે આમ દરેકનુ ભાગ્ય હોયજ વહેલુ કે મોડું તેને મળેજછે પ્રભુ અન્યાય થવાદેતો નથી જ્યારે કોરોના વાતાવરણમાં હોસ્પીટલોમાં જગ્યા પણ મળતી ન હતી બધા દર્દીથી હોસ્પીટલમા ખુબ ભીડ હતી એક ભાઈને કોરોના બિમારી માં હોસ્પીટલ મા દાખલ કરેલો બે-ત્રણ દિવસ તો બરોબર હતુ પછી તબિયત વધુ બગડવા લાગી ત્યારે હોસ્પીટલમાં દર્દી માટે બેડ પણ ન હતા એકજ રૂમમાં ચાર દર્દી નીચે પથારીમા રાખેલા હતા આમતો કેટલાક દરરોજ મૃત્યુ થતા હતા આ ભાઈ ના રૂમમાં આજુ બાજુ ચારેક દર્દી હતા તે બધા અવરનવર રોજ મૃત્યુ થવા લાગ્યા ત્યારે આ ભાઈ વિચારે કે નજીકમાં બધા મરતા જોયા હવે આપણો વારો આવશે ત્યારે આમ ગમે તેટલો મજબુત મનનો માણસ પણ મોત ના તાંડવ વચ્ચે અડગ હતો તેનુ મન મક્કમ હતુ મોતની બીક ન હતી આમ તબિયત ધીરે ધીરે વધુ બગડવા લાગી જ્યારે ડોકટરે પણ આશા છોડી દીધી હતી ઘરના સભ્યો પણ બધા ચિંતામાં હતા પણ તેને એકજ આશા હતી તે હું બેઠો થઈશ પણ તમારું નશીબ ક્યારે પલટાય જાય તે ખબર ન પડે તે આશા રાખીને બેઠો હતો ભગવાન મને બેઠો કરશે આમ ધીરેધીરે ટ્રીટમેન્ટ ચાલુ જ હતી ને રીકવરી આવવા લાગી દવા બાટલા બધુ જ ચાલુજ હતુ આમતે ૧ ૨ દિવસમાંથી બેઠો થઈ ગયો પછી ઘેર જવાની રજા આપી બધાને ખબર કે આ

બેઠો થાય તેમ નથી પણ એમણે આશા ગુમાવી દીધી ન હતી મન મક્કમ હતુ મારે હજુ વધુ જીવવાની આશા છે મારીતો પ્રભુપર પુરી શ્રધ્ધા હતી જેણે મને રોગ મોકલ્યો તે મને પાછો બેઠો કરશે મારે મારા પરિવાર સાથે સુંદર જીંદગી જીવવી છે મને તો શ્વાસ લેવાની પણ તકલીફ હતી હુ આશાથી જીવતો હતો હુ મોત સામે લડીને ઘેર આવ્યો મારી અંદરની આશાથી ટકી રહ્યો આશા વગર પગલું ભરીશકાય નહી આજે યુવાનોમાં આશા ખોઈ બેઠા છે જરા પણ અગવડ આવી કંઈ તકરાર થાય લગ્ન ના છુટાછેડા થાય કોઈ લીધેલા પૈસા ન આવે ત્યારે ઘોર નિરાશામાં તે આપઘાતનુ પગલું ભરે આશા પર ભરોસો રાખતા નથી તમારામાં એકજ નાની આશાથી જીવો તે મનોબળ મજબુત કરશે તમારે ખોટી આશા કે વધુ પડતી આશા મા વિનય વિવેક જરૂરી છે. તમારે સમય સંજોગ ક્ષમતા એ ધ્યાનમાં રાખીને આશા બાંધી શકાય વિદ્યાર્થીને પહેલા નંબરે પાસ થવાની આશા હોય છે, વેપાર ધંધામાં કરોડપતિ થવાની આશા હોય, ઘડપણમાં મા-બાપને દિકરા હમારી કાળજી રાખશે તે આશા હોય છે આ જીવન આશાથી ભરેલુંજ છે નિરાશા કે કંઈ અગવડમાં તમો આનંદથી જીવોને ખોટા વિચાર ન કરો આજે અગવડ છે તે કાયમ નથી રહેવા ની આવતી કાલ તમારી ઉજજવળ છે તે આશા થી જીવો દુઃખો સામે મન મક્કમ કરીને તમો તેનો સામનો કરો વડીલ ઘરમાં સુખ શાંતિ ટકી રહે તે આશાથી જીવતા હોય છે માટે આશા તો અમર છે. તે ધ્યાનમાં રાખો ને શાંતિથી જીવો આશાને મરવાન દેવ.

## સમજણનુ સુખ

અરવિંદભાઈ પટેલ
કારેલી

લગભગ ૬૦ વર્ષના એક સજ્જન વ્યકિત ડિપ્રેશનથી ગ્રસ્ત હતા... તેથી તેમની પત્નીએ એક મનોચિકિત્સક ની એપોઈન્ટમેન્ટ લીધી જે જ્યોતિષવિદ્યા પણ જાણતા હતા. એમને કહ્યું કે તેમના પતિ ભયંકર હતાશામાં છે, કુંડળી પણ જુઓ... અને તેઓએ એમ પણ કહ્યું કે મારા પતિને કારણે મને પણ સારુ લાગતું નથી. જ્યોતિષે કુંડળી પર ખૂબ ગંભીરતાથી જોયું અને બધું ઠીક લાગ્યું. હવે તેમણે કાઉન્સલિંગ શરૂ કરી. તેમણે કેટલીક અંગત બાબતો પણ પૂછી અને સજ્જનની પત્નીને બહાર બેસવાનું કહ્યું. સજ્જન બોલતા ગયા હું ખૂબ પરેશાનછું. ચિંતાઓથી દબાઈ ગયો છું... કામનું દબાણ... ચિલ્ડ્રન્સ એજ્યુકેશન અને આખા પરિવારનું ટેન્શન... હોમ લોન... કાર લોન... કંઈ મન લાગતું નથી. દુનિયા મને તોપ સમજે છે... પણ મારી પાસે કારતૂસ જેટલા સંસાધનો પણ નથી. હું હતાશામાંછુ... એમ કહીને આખા જીવનન ની કિતાબ જ્યોતિષની સામે રાખી.

વિદ્વાન મનોચિકિત્સકે કંઈક વિચારીને પછી પૂછયું તમે વર્ગ ૧૦ માં કઈ શાળામાં અભ્યાસ કર્યો છે ? સજ્જને તેને તેની સ્કૂલનું નામ કહ્યું... કાઉન્સેલરે કહ્યું કે તમારે તે શાળામાં જવું પડશે. અને ત્યાથી, તમારે દસમા વર્ગનું જૂનું રજિસ્ટર લાવવું પડશે. સજ્જન શાળાએ ગયા... રજિસ્ટર લાવ્યા...

પછી કાઉન્સેલરે કહ્યું કે રજીસ્ટર માંથી તમારા સાથીઓના નામ લખો અને તેમને શોધો અને તેમની હાલની પરિસ્થિતિ વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરો. ડાયરીમાં બધી માહિતી લખી અને એક મહિના પછી મળવું કુલ ૪ રજીસ્ટર હતા જેમાં ૨૦૦ નામો હતા. આખા મહિના દરમ્યાન દિવસ રાત પ્રવાસ કર્યો નસીબ જોગ તેમના ૧૨૦ કલાસના મિત્રો વિશેની માહિતી એકત્રિત કરવામાં સફળતા મળી. આશ્ચર્યજનક રીતે૨૦% મૃત્યુ પામ્યા હતા. ૧૩ છોકરીઓ છૂટાછેડા લીધેલી અથવા અલગ રહેતી હતી. ૧૫% નશો કરેલા હતા જે વાત કરવા જેટલી હાલત માં પણ નહોતા. ૨૦% મિત્રોની ખબર ન મળી કે તેઓ હાલમાં ક્યાં છે. ૫% એટલા એટલા બધા ગરીબ નીકળ્યા કે વાતજ ના પૂછો ૫% એટલા સમૃદ્ધ બન્યા હતા કે જેઓ તેમને મળવા પણ માગતા ન હતા. કેટલાક લકવાગ્રસ્ત, ડાયાબિટીસ, અસ્થમા અથવા હૃદયના દર્દીઓ હતા, ૩-૪% અકસ્માતમાં તેમના હાથ - પગ અથવા કરોડરજ્જુની ઈજાઓ સાથે પથારીમાં હતા. ૨ થી ૩% ના બાળકો પાગલ અથવા નકામા નીકળ્યા. ૧ જેલમાં હતો.. અને એક ૬૦ વર્ષની ઉંમરે સેટલ થયો તેથી હવે લગ્ન કરવા માગે છે... એક હજુ સેટ થયેલ ન હોત. બે વાર છૂટાછેડા થયા પછી પણ ત્રીજા લગ્ન ની વેતરણમાં હતો મહિના ભર... દસમા વર્ગના બધા રજિસ્ટર ભાગ્યની વેદના જાતેજ જણાવી રહ્યા હતા.. કાઉન્સિલરે પૂછ્યું, હવે મને કહો કે ડિપ્રેશન કેવું છે ? હવે આ સજ્જન ખૂબ સારી રીતે સમજી ગયા છે કે તેમને કોઈ જ બીમારી નથી... પોતે ભૂખે તો મરી નથી રહ્યા, દિમાગ એકદમ સારું છે., કોર્ટ-કચેરી-પોલીસ-વકીલો સાથે કોઈ દિવસ પનારો પડ્યો નથી.. પત્ની અને બાળકો ખૂબ સારા છે, સ્વસ્થ છે, તેઓ પોતે પણ સ્વસ્થ છે. ડોકટર કે દવાખાના સાથે પણ પનારો પડ્યો નથી.

પછી તેમને લાગ્યું કે દુનિયામાં ખરેખર ઘણી બધી મુશ્કેલીઓ છે. અને હું ખૂબ જ ખુશ અને ભાગ્યશાળી છું.

વિશ્વાસ કરો...

તમારી પાસે જે છે તેટલુપણ આ દુનિયામાં ખૂબ ઓછા માણસો ના નસીબમાં હોય છે... એટલા માટે ખુશ રહો,, સ્વસ્થ રહો અને હંમેશા મસ્ત રહો... ઉપરવાળા ને હંમેશા યાદ કરતા રહો... સંતોષથી મોટી કોઈ સંપત્તિ નથી....!!

**जिन्दगी गुजर जाती है, ये ढुँठने में कि ढूंठना क्या है.**
**अंत में तलाश सिमट जाती हे, इस सुकून में कि जो मिला,**
**वो भी कहाँ साथ लेकर जाना है.**

ડૉ. હની પટેલ

# આરોગ્ય

## બીમારીને બાય બાય

આમ તો ભગવાને આપણા શરીરની રચના એવી સુંદર બનાવી છે કે આપણે એના નીતિ-નિયમો મુજબ ચાલીએ તો ક્યારેય બીમાર ના પડીએ. પણ આજનો કોઈ માણસ એ નીતિ-નિયમ પાળતો નથી એટલે બીમાર પડે છે. બીમારીમાં સૌથી મોટો હાથ માણસની જીવનશૈલીનો અને જીભનો છે. માણસ પોતાની જીભને કાબૂમાં નથી રાખી શકતો અને ચટર પટર ખાવા માંડ્યો છે. એ જ રીતે માણસ જીવન પણ અનિયમિત જીવે છે એટલે એ બીમાર પડે છે. પછી એ ડોકટર પાસે જઈને દવા લે છે. પણ જો માણસ જીવનશૈલી અને આહાર - વિહાર પર થોડું ધ્યાન આપે અને નીચે જણાવ્યા મુજબના કેટલાક નીતિ-નિયમોનુ પાલન કરે તો એને ક્યારેય બીમાર પડવાનો વારો નહી આવે. આવો જાણીએ બીમાર ન પડવાના મુસખાઓ...

૧. સવારે વહેલા ઉઠો અને સાંજે વહેલા સૂઈ જાઓ.
૨. નિયમિતપણે હળવી કસરત કરવાનું રાખો.
૩. દરરોજ કમ સે કમ બે કિલોમીટર ચાલો.
૪. દરરોજ કમ સે કમ ચારથી પાંચ લિટર ઉકાળેલું પાણી પીઓ.
૫. બહારનું ખાવાનું ટાળો અને હંમેશા પૌષ્ટિક આહાર લો.
૬. ભૂખ કરતા બે કોળિયા ઓછા જમો.
૭. અઠવાડિયે કમ સે કમ એક ઉપવાસ કરો જેથી પેટને રાહત મળે.
૮. ચિંતા કરવાનું ટાળો, સૌ સારા વાનાં થશે.
૯. દારૂ, સિગારેટ, ગુટખા જેવા વ્યસનોથી દૂર જ રહો.
૧૦. ધૂળ અને ધુમાડો શ્વાસમાં ના જાય એનું ધ્યાન રાખો. અને
૧૧. હંમેશા હસતા રહો

તો તમારી કમાણી બચી જશે અને બીમારી પણ ગાયબ થઈ જશે.

**सर्वे भवन्तु सुखिनः । सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु । मा किश्चत् दुःख भाग्भवेत् ।।**

બીમારીને બાય બાય

## ડાયાબિટીસ

ડૉ. સંજીવ

**ડાયાબિટીસ મેલિટસ :**

એ સ્વાસ્થ્યની સામાન્ય સ્થિતિ છે. યુકેમાં લગભગ ૩.૬ મિલિઅન લોકોને ડાયાબિટીસનું નિદાન થયું છે એટલે કે દર ૧૦૦ માંથી ૬ વ્યકિતઓ. જેમને ડાયાબિટીસ થયો હોવાની ખબર નથી એવા નિદાન વિનાના લોકોનો સમાવેશ કરવામાં આવે ત્યારે આ આંકડો વધીને ૪૦ લાખથી વધારે થાય છે.

**ડાયાબિટીસ મેલિટસ :**

એ એવી સ્થિતિ છે જેમાં લોહીમાં ગ્લુકોઝ (શર્કરા) નું પ્રમાણ બહુ વધારે હોય છે, કારણ કે શરીર તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતું નથી.

ગ્લુકોઝ સ્ટાર્ચયુકત ખોરાકના પાચનમાંથી મળે છે, જેમ કે બ્રેડ, ભાત, બટેટા, રોટલી, કંદ અને કેળા, શર્કરા અને અન્ય મીઠી ચીજોમાંથી અને યકૃતમાંથી મળે છે જે ગ્લુકોઝ બનાવે છે.

ઈન્સુયુલિન જીવન માટે જરૂરી છે. તે સ્વાદુપિંડ દ્વારા બનાવવામાં આવતો અંતઃસ્ત્રાવ છે જેનાથી ગ્લુકોઝ કોષોમાં દાખલ થઈ શકે છે, જ્યાં તેનો ઉપયોગ શરીર દ્વારા શકિત માટેના બળતણ તરીકે થાય છે.

સારવાર કરાઈ ન હોય એવા ડાયાબિટીસનાં મુખ્ય લક્ષણોમાં તરસમાં વધારો, વારંવાર મૂત્રત્યાગ કરવા જવું (ખાસ કરીને રાત્રે), અત્યંત થાક, વજન ઘટવું, સામાન્ય ખંજવાળ અથવા યીસ્ટના ચેપ અને દૃષ્ટિમાં ઝાંખપની નિયમિત ઘટનાઓનો સમાવેશ થાય છે.

**ડાયાબિટીસના બે મુખ્ય પ્રકાર છે**

ટાઈપ ૧ ડાયાબિટીસ

ટાઈપ ૨ ડાયાબિટીસ (ડાયાબિટીસ હોય એવા દસમાંથી નવ લોકોને ટાઈપ ૨ હોય છે.)

**ટાઈપ-૧**

ડાયાબિટીસ ત્યારે થાય છે જ્યારે શરીર ઈન્સ્યુલિન બિલકુલ બનાવી શકતું નથી. આ પ્રકારનો ડાયાબિટીસ સામાન્ય રીતે ૪૦ ની ઉંમર પહેલા દેખાય છે. તેની સારવાર ઈન્સ્યુલિન ઈન્જેકશન દ્વારા થાય છે અને આહાર તેમજ નિયમિત કસરત કરવાની ભલામણ કરવામાં આવે છે.

ટાઈપ-૧ ડાયાબિટીસ ત્યારે થાય છે જ્યારે સ્વાદુપિંડમાં ઈન્સ્યુલિન બનાવતા કોષોનો નાશ થાય. આ શા માટે થાય છે તેનું કારણ કોઈને ખબર નથી, પરંતુ કોષોને થતું નુકસાન મોટેભાગે રોગપ્રતિકારક તંત્રની અસામાન્ય પ્રતિક્રિયા હોવાની સંભાવના વધારે છે જે વાઈરસ અથવા અન્ય ચેપને કારણે થઈ હોઈ શકે છે. ટાઈપ ૧ ડાયાબિટીસ ક્યારેક જેનેટિક પ્રભાવવાળાં કુટુંબોમાં ચાલ્યો આવતો જોવા મળે છે. આ પ્રકારનો ડાયાબિટીસ સામાન્ય રીતે યુવા લોકોને અસર કરે છે.

**ટાઈપ-૨**

'પરિપકવતાના પ્રારંભ' સમયનો ડાયાબિટીસ કહેવાતો હતો, કારણ કે સામાન્ય રીતે તે મધ્યવયસ્ક લોકો અથવા મોટી ઉંમરના લોકોમાં થાય છે, તેમ છતાં તે ક્યારેક અને હવે મોટી સંખ્યામાં યુવા લોકોમાં થાય છે. ટાઈપ ૨ ડાયાબિટીસ ત્યારે થાય છે જ્યારે શરીર હજીયે થોડું ઈન્સ્યુલિન બનાવી તો શકે છે, પરંતુ પૂરતું હોતું નથી, અથવા જે ઈન્સ્યુલિન બન્યું હોય એ બરાબર કામ કરતું ન હોય (જે ઈન્સ્યુલિન પ્રતિકારકશકિત તરીકે ઓળખાય છે.) આ પ્રકારનો ડાયાબિટીસ સામાન્ય રીતે ૪૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં થાય છે, જોકે તે ૪૦ વર્ષની ઉંમર પહેલા થઈ શકે છે. જેમનુ વજન વધારે હોય એવા લોકોને ટાઈપ ૨ ડાયાબિટીસ થવાની સંભાવના વધારે હોય છે. તે કુટુંબોમાં વારસાગત ચાલ્યો આવે છે અને દક્ષિણ ભારતીય અને આફ્રિકન - કેરિબિયન સમુદાયોમાં વધારે સામાન્ય છે, જ્યાં તે સામાન્ય રીતે ૨૫ વર્ષથી મોટી ઉંમરના લોકોમાં જોવા મળે છે.

ટાઈપ ૨ ડાયાબિટીસની સારવાર માત્ર આહાર અને કસરતથી થાય છે અથવા આહાર, કસરત અને ટેબ્લેટ્સ દ્વારા થાય છે અથવા આહાર, કસરત અને ઈન્સ્યુલિનનાં ઈન્જેકશનો દ્વારા થાય છે. બંને પ્રકારના ડાયાબિટીસની સારવારનો મુખ્ય હેતુ એ લોહીમાં ગ્લુકોઝ અને રકતદાબનાં સ્તરો સામાન્યની શક્ય એટલી નજીક આવે એવા પ્રયત્નો કરવાનો છે.

આની સાથે સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી જોડવાથી સુખાકારીમાં સુધારો કરવામાં મદદ મળશે અને આંખો, મૂત્રપિંડો, જ્ઞાનતંતુઓ, હૃદય અને મુખ્ય ધમનીઓને થતાં લાંબા ગાળાના નુકસાન સામે રક્ષણ મળશે.

કેટલાક લોકો ટાઈપ ૨ ડાયાબિટીસને ખોટી રીતે 'હળવો' ડાયાબિટીસ માને છે. હળવા ડાયાબિટીસ જેવી કોઈ વસ્તુ જ નથી. કોઈ પણ પ્રકારના ડાયાબિટીસને ગંભીરતાથી લેવા જોઈએ, નિયમિતપણે દેખરેખ રાખવી જોઈએ અને યોગ્ય રીતે સારવાર કરવી જોઈએ.

**Diabetes UK** એ 'તમારા પરનું જોખમ જોણો છો ? કહેવાતું એક મફત કેલ્કયુલેટર પ્રકાશિત કર્યું છે જે તમને ટાઈપ ૨ ડાયાબિટીસ થવાના જોખમની ગણતરી કરે છે.

આ વિડિયો ''ડાયાબિટીસ શાના કારણે થાય છે ?'' પણ તેની સારી સમજૂતી આપે છે.

ડાયાબિટીસ થવાનાં અન્ય કારણો

ડાયાબિટીસ થવાનાં કેટલાક અન્ય જવલ્લે જ જોવા મળતાં કારણો છે.

**આમાં નીચેનાનો સમાવેશ થાય છે :**

૧. સ્વાદુપિંડગ્રંથિના રોગો જેમ કે ક્રોનિક પેનક્રિએટાઈટિસ
૨. સ્ટિરોઈડ્ઝ જેવી દવાઓને કારણે થતો ડાયાબીટિસ
૩. સિસ્ટિક ફાઈબ્રોસિસ અથવા કશિંગ સિન્ડ્રોમ જેવી એન્ડોક્રાઈનની સ્થિતિ જેવી અન્ય સ્થિતિના ભાગરૂપે થતો ડાયાબિટીસ
૪. મોનોજેનિક ડાયાબિટીસ જે ચોક્કસ જનીનમાં ખામી સાથે સંબંધિત હોય છે અને સામાન્ય રીતે બહુ મજબૂત ફેમિલિ હિસ્ટ્રી સાથે તેનો સંબંધ હોય છે. ડાયાબિટીસ જીન્સ પુષ્કળ માહિતી ધરાવતી ઉત્તમ સાઈટ છે. **http://www.diabetesgenes.org.**
૫. નિઓનેટલ ડાયાબિટીસ એ નવજાત શિશુઓમાં ૬ મહિનાની ઉંમર પહેલાં થતા ડાયાબિટીસનો એક ખાસ પ્રકાર છે
૬. લેટન્ટ ઓનસેટ ઓટોઈમ્યુન ડાયાબિટીસ ઓફ એડલ્ટહૂડ **(LADA)** કે જે ટાઈપ ૧ ડાયાબિટીસ જેવી સ્વયંપ્રતિવર્તી (રોગપ્રતિકારક તંત્ર પોતે શરીર પર હુમલો કરે તે) સ્થિતિ છે તે મોટી ઉંમરે થાય છે, જેમાં સામાન્ય રીતે ઈન્સ્યુલિનની વધારે ઝડપી (પરંતુ તાત્કાલિક નહિ) એવી જરૂરિયાત રહે છે, સામાન્ય રીતે નિદાનના એક વર્ષની અંદર, ક્યારેક વધારે ઝડપથી.
૭. જેસ્ટેશનલ ડાયાબિટીસ એ કેટલીક સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા દરમિયાન થાય છે અને તે જન્મ બાદ દૂર થઈ જાય છે. જેસ્ટેશનલ ડાયાબિટીસ થયો હોય એવા લોકોને જીવનમાં પાછળથી ટાઈપ ૨ ડાયાબિટીસ થવાની સંભાવના વધારે હોય છે

ટાઈપ ૨ ડાયાબિટીસ વિશે વધુ માહિતી માટે આ વેબસાઈટ પર જાઓ : ટાઈપ ૨ ડાયાબિટીસ

# ક્રોધાગ્નિ શાંત કેવી રીતે થાય ?

જ્યોતિબેન એ. પટેલ

એસિડ ચામડીને બાળી નાખે છે લીંબુ દૂધને ફાડી નાખે છે. કીચડ પગને બગાડી નાખે છે, ધૂળ શરીરને ગંદુકરી નાખે છે પરંતુ ક્રોધ તો સ્વાસ્થય ને, સ્વસ્થતાને અને વિશેષ કરીને સંબંધોને પણ બગાડી નાખે છે. ક્રોધનું પરિણામ જાણવા છતાં આપણે ક્રોધને ટાળવા પ્રયત્ન કરતા નથી, આપણે આપણા દોષોને ટાળવા છે એવો ધ્યેય બનાવ્યો જ નથી. આપણામાં રહેલા દોષોને આપણે હજુ શત્રુ માન્યા જ નથી. દોષોને શત્રુભાવ મનાશે તો તેને ટાળવાનો ઉપાય કરવામાં આવશે તો એક દિવસ વિજય થશે. ક્રોધ અજ્ઞાનથી ઉપજે છે અને અહંકારથી વૃધ્ધિ થાય છે. પોતાનું ધાર્યુ ન થાય ત્યારે માણસ ક્રોધ કરે છે. ક્રોધએ નિર્બળ મનનીજ નિશાની છે ધીર માણસ ગમે તેવા સંજોગોમાં પણ પોતાના મનસ્થિતિ ગુમાવતો નથી. ક્રોધાગ્નિના સમયે માણસ કેટલી ધીરજ રાખી શકે છે તેના ઉપરથી માણસની કિંમત થાય છે. જેમણે ક્રોધ પર કાબૂ મેળવી લીધો છે એવા સંત શ્રી તિરવલ્લુવરનુ જીવન આપણે વિચારીએ દ. ભારતનું કાર્ય કરતા હતા વણકરનું કાર્ય કરતા હતા. સ્વભાવે શાંત હતા અક્રોધી હતા. તેમના ત્યાં કપડા ખરીદવાના બહાને એક સુંદર કપડાને હાથમાં લઈ કિંમત પૂછી સંતે કહ્યું બે રૂપિયા યુવાને કપડાનાં બે કટકા કરી ફરી કિંમત પૂછી સંતે કહ્યું ''એક રૂપિયો'' યુવાને ફરી કટકા કર્યા અને કિંમત પુછી... સંતે કહ્યું આઠ આના એમ કરતા ચાર આના સુધી આવ્યો... પણ યુવાનના પ્રયાસ સફળ ન થાય એટલે તેણે ર રૂપિયા આપ્યા સંતને ગુસ્સો ન આવ્યો... છેલ્લે સંતે કહ્યું ભાઈ તારે આ કપડું કઈ કામ નહિ આવે હું એને ફરીથી સીવીને તૈયાર કરી લઈશ એમ કહી યુવાન જોડે પૈસા ન લીધા યુવાનને પોતાની ભુલ સમજાઈ અને તેણે માફી માગી આપણે ક્રોધને જીતવો હોયતો ક્રોધમાં રહેલા દોષોને વિચાર કરવો જોઈએ

ક્રોધ મૂર્ખતાથી શરૂ થાય છે. અને પશ્ચાતાપથી પરિણમે છે. ક્રોધએ અશાંતિનું આમેદાય પત્રિકા છે ક્રોધ કરવો એ અન્યની ભૂલની સજા આપણી જાતને આપવા બરાબર છે તેથી જયારે ક્રોધ આવે ત્યારે ધીરજ રાખવી જોઈએ કોઈ કારણોસર કોઈને આપણું અપમાન કર્યુ હોય તો તેને સમજણ થી ભૂલવાનો પ્રયત્ન કરવો જોઈએ.

# અન્ય લેખો

## ''શ્રી ઉમિયા દ્વારેથી''

તા. ૨૦-૧૧-૨૦૨૩, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા
સંપાદન અને આલેખન
શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
**હપ્તો - ૨૬૫**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા આપ સૌને જય માતાજી પાઠવે છે. મા ઉમિયાના આશિષથી આપ સૌ સુખી, સમૃધ્ધ અને આબાદ રહો તેવી શુભેચ્છા.

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ

આજની ૨૧ મી સદી જ્ઞાન-વિજ્ઞાન અને શિક્ષણની સદી છે. શિક્ષણ થકી સમાજોત્થાન એ સૂત્રને સાર્થક કરવાના હેતુથી મા ઉમિયાની પ્રેરણાથી સંસ્થાએ ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ મારફતે કડવા પાટીદારના તેજસ્વી તારલાઓને સહાયરૂપ બનવા છેલ્લા ૨૯ વર્ષથી આ યોજના શરૂ કરી છે. જેમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં વગર વ્યાજની લોન દર વર્ષે આપવામાં આવે છે. આજનું શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે. તેથી ઉચ્ચ શિક્ષણ સહાય નિધિમાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને વગર વ્યાજે વાર્ષિક ૩૦,૦૦૦ થી ૫૦,૦૦૦ સુધીની લોન આપવામાં આવે છે. દર વર્ષે ફેબ્રુઆરી માસમાં લોન આપવામાં આવે છે. તેના ઓનલાઈન ફોર્મ ભરવાનું ૧ લી ઓગષ્ટ થી ૩૧ ડીસેમ્બર સુધી ઓનલાઈન WWW.maaumiya.com વેબસાઈટ પર ભરી શકાશે. ટેલીફોન નં. ૦૨૯૬૭-૨૪૫૪૭૨ તથા મો.નં. ૮૫૧૧૦૧૬૦૦૦ ઉપર આ અંગે માહિતી મળશે. ફકત નવા વિદ્યાર્થીઓને પ્રથવાર રૂબરૂ જરૂરી કાગળો ઉપર સહી કરવા એક જ વાર હાજર રહેવાનું હોય છે. તે પછી દર વર્ષે ઓનલાઈન ફોર્મ ભરી વિદ્યાર્થીઓને ઘરેબેઠા લોનની સહાય મળી રહેશે. દર વર્ષે ફોર્મ ભરવું ફરજીયાત છે. નીચે મુજબના અભ્યાસક્રમોમાં લોન આપવામાં આવે છે.

**(1) M.B.B.S. (2) B.D.S. (3) Physiotherapy (4) B.V.Sc. & A.H (5) M.V.Sc. & A.H (6) B.Sc. Nursing (7) B.A.M.S. (8) B.H.M.S. (9) B.Pharm (10) M.Pharm (11) B.E. Degree (12) M.B.A. (13) M.C.A. (14) M.Sc. IT (15) Architecture (16) Hotel & Management (17) Fine Arts (18) B.Sc. Agriculture (19) Diploma to Degree (D to D)**

આજના સંજોગોમાં ઉચ્ચ શિક્ષણ ખૂબ મોંઘુ થયુ છે વ્યાજદર ઘટી ગયા છે. રૂા. ૨૫,૦૦૦/- ના આશરે ૨૩૦૦ દાતા સભ્યો નોંધાયા છે. સમાજના સુખી સક્ષમ ભાઈઓને ઉચ્ચ શિક્ષણ નિધિ યોજનાના દાતા સભ્ય બનવા વિનંતી છે.

**ઉમિયા માતાજી ઊંઝામાં અભૂતપૂર્વ દિપાવલી મહોત્સવ**

શ્રી ઉમિયા માતાજી સંસ્થામ-ઊંઝામાં ઊજવાતા તહેવારોમાં દિપાવલીનું અનોખું અદભૂત મહત્વ રહ્યું છે. કારતક સુદ-૧ ના દિવસે વહેલી પરોઢથી જ યાત્રિકોનો ભારે ધસારો રહે છે. માતાજીના આશીર્વાદ લઈ યથાશકિત ભેટ સોગાદ પ્રસાદ લઈ ધંધા રોજગારીની શરૂઆત કરવાની પરંપરા રહી છે. દિવાળીના મહોત્સવમાં લાખો દર્શનાર્થીઓ પધાર્યા. પાર્કિંગની જટીલ સમસ્યા હોવા છતાં કોઈ તકલીફ ન પડે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું. રાત્રિ રોકાણ હાઉસફૂલ પથિકાશ્રમો નાના પડયા. મંદિર પરિસરમાં ગર્ભગૃહ, ચાચરચોક, ભોજનાલય, પથિકાશ્રમ મળી સમગ્ર સંકૂલ લાઈટીંગથી ઝળહળી ઊઠયું. ધન તેરસથી લાભપાંચમ સુધીના દિવસોમાં અન્નપૂર્ણા ભોજનાલયમાં મીઠાઈ ફરસાણ સાથે ભોજન પિરસવામાં આવ્યું. આ દિવસોમાં આશરે ૭૦ હજાર યાત્રિકોએ ભોજનપ્રસાદને લાભ લીધો. સવારે ૧૦-૦૦ થી ૨-૩૦ સુધી શુધ્ધ-સાત્વિક ભોજન પ્રસાદથી યાત્રિકને સંતોષ થયો. ધાર્મિક સાહિત્ય કેન્દ્ર સુંદર આકર્ષક કેલેન્ડર, ફોટા, સ્ટીકર, કી-ચેન, ટોપી, પુસ્તકોનું વેચાણ થયું. માતાજીને ચડાવેલ સાડીઓના વેચાણમાં ભારે ભીડ જોવા મળી. લક્ષચંડી હવનની સ્મૃતિમાં પવિત્ર ઈંટ, ભસ્મ, ટોપી, ટી-શર્ટનું ભારે વેચાણ થયું

માનદમંત્રીશ્રી દિલીપભાઈ પટેલ, હોદેદારશ્રીઓ દ્વારા વિવિધ દિપાવલી મહોત્સવની સફળતા માટે અગાઉથી વિવિધ કમિટીઓની મિટીંગ કરી કામોની વહેંચણી કરી. દર્શન વ્યવસ્થા કમિટી, ભોજનાલય કમિટી, સ્વાગત કમિટી, વિશ્રાંતિગૃહ કમિટી, ધાર્મિક સાહિત્ય વેચાણ કેન્દ્ર, પાર્કિંગ વ્યવસ્થા, સોશ્યલ મિડીયા કમિટી, ઉમા માઈ મંડળ, મહિલા સંગઠન તમામે સુંદર જવાબદારી નિભાવી તે બદલ સહુને માતાજીના આશીર્વાદ

"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના"

આપ સર્વનો સહકાર એ જ અભિલાષા સહ

જય શ્રી ઉમિયા

આશા રાખું છું કે...

આપ સૌએ આગળના અંકમાં પ્રાર્થનાસભા.. ઉત્તરક્રિયા.. ના શીર્ષકથી.. છપાયેલ લેખ.. વાંચ્યો હશે.. જેમાં આપણે પ્રાર્થનાસભા.. ઉત્તરક્રિયા વિધિ સંબધિત સઁવાદ કર્યો... શક્ય છે. આપ સહમત હશો.. ન હોવું પણ એટલુંજ સ્વાભાવિક છે. જે હું સમજુ છું. આપને યાદ હશે.. મેં પ્રાર્થના સભામાં સદ્દગત ના ફોટા સમકક્ષ ગુરુ, ભગવાન, કે પછી ઈશ્વરીય શકિત નો ફોટો મૂકીએ છીએ જે ન મુકવો જોઈએ તથા ઉત્તરક્રિયા ન કરવાના નિર્ણયને આલોચન પાત્ર ન ગણીએ પણ વધાવી લેવા જેવું પણ નથી.. ના સંદર્ભમાં સત્વરે મારાં વિચારો અને મંતવ્ય રજુ કરવા અંગે ઉલ્લેખ કર્યો હતો.. તો આજે.. એ ૨ વિષય પૈકી ૧ વિષય ના વિશે વિસ્તૃત ચર્ચા કરીએ.

પ્રથમ તો.. એ સમજીએ કે મારણોત્તર વિધિ વિધાનમાં પ્રાર્થનાસભા. જેને આપણે અમલમાં લાવ્યા.. જેમાં આપણે સર્વ સામાન્ય પણે ગુરુવરીય શક્તિ નો ફોટો સદ્દગતના ફોટા ની સમક્ષ મુકીએ છીએ.. જે મારા મતે યોગ્ય નથી.. પ્રથમ તો એ સ્વીકારવું પડે કે આપણે અને ગુરુ, ભગવાન, કે ઈશ્વર એક નથી અલગ અલગ છીએ ગુરુની વાત કરીએ તો ક્યાંએ કોઈને પૂછવાની કે અભિપ્રાય લેવાની જરૂર નથી ગુરુને આપણે ભગવાનની જેમ પૂજીએ છીએ પરભ્રમ માનીએ છીએ. સદભાગ્યે આપણા ઘરે પધારે છે ત્યારે, અને સત્સંગ કે ભક્તિ સમારોહ માં પણ આપણે એને ઉચ્ચ અને અલગ સ્થાન આપીએ છીએ.. આપણે એની સમક્ષ નહિ સમીપ સ્થાન લઈએ છીએ તો પછી.. પ્રાર્થના સભામાં એનો ફોટો, આપણા સદ્દગત ની સમકક્ષ કેવી રીતે..? રાખી શકીએ...!

ખરેખર તો એકવીસમી કદીમાં ગુરુ પરંપરા એટલી વિશ્વસનીય અને પારદર્શક નથી. તોયે અહીં વિષય અલગ છે.. એટલે આપણે ગુરુ પરંપરા વિષે સકારાત્મ અભિગમ રાખીએ વિવાદ અને પ્રશ્નોને બાજુ પર મૂકીએ યોગ્ય સમયે ''ગુરુ'' વિષે નિષ્પક્ષ પણે સઁવાદ કરીશું...

હવે વાત કરીએ ભગવાન અને ઈશ્વરની... આપણે સો જીવ જન્મ-મરણ ના બંધન થી મુક્ત નથી.. આપણે પુર્વજન્મના બંધન લઈને આવીએ છીએ. અને પુનઃ જન્મ બંધનો લઈને પાછા જઈએ છીએ.. ટૂંકમાં આપણે માનવ છીએ આપણને પાપ અને પુણ્ય લાગુ પડે છે. જ્યારે ભગવાન એટલે. ઈશ્વરીય શક્તિનું અવતાર સ્વરૂપ છે. જેમકે.. ''સીતારામ'' અને રાધા કૃષ્ણ'' એ લક્ષ્મી વિષ્ણુ ના અવતાર છે.. જે પૃથ્વી પર અવતર્યા. અવતાર કાર્ય પૂર્ણ કરી પુનઃ ઈશ્વરીય શકિતમાં સમાઈ ગયા. કોઈ પાપ કે પુણ્ય ના બંધન હોતા નથી પુનઃ જન્મ હોતો નથી. અને શંકર પાર્વતી એ ''શિવ શક્તિ'' નું દેહીક સ્વરૂપ છે. જે પૃથ્વી પર જન્મ્યા નથી પણ એના સંસારિક

જીવનની શાસ્ત્રમાં નોંધ છે. ક્યાં આ ''ભગવાન'' અને ''ઈશ્વરીય શક્તિ'' અને ક્યાં આપણું સદ્દગત સ્વજન.. કોઈ સરખામણી થઈ શકે એમ છે....? કે ખુબ જ સહજતાથી આપણા સદ્દગતની સમકક્ષ ફોટો મૂકીએ છીએ....!

જે સહજતાથી પ્રથા સ્વીકારી હતી એટલીજ સહજતાથી મુક્ત થઈએ તો સારૂ. આવતા એંકે ઉત્તરક્રિયા ન કરવાનો નિર્ણય અંગે નિષ્પક્ષ સઁવાદ કરીશું.

નમ્ર નિવેદન

આ લેખ માત્ર વાંચન સામગ્રી કે ચર્ચાનો વિષય નહીં બની રહે. આપ સૌનો સહયોગ સામાજિક સુધારાનુ માધ્યમ બની શકે છે....

ડિસક્લિમેર

આ લેખન મારી અંગત વિચાર ધારા અને અભિપ્રાય આપ અલગ હોય શકો ''આપ સૌનો નિષ્પક્ષ અભિપ્રાય આવકાર્ય''


વિજય સીયારામ
વિજયકુમાર નવીનચંદ્ર પટેલ
(લાલચુડા કડવા પાટીદાર)
ગામ : સિથાણ
હાલ : સુરત (વેસુ)
મોબાઈલ નં. **Whats app +91 9924305030**


આપણે અહીં પણ મળી શકીએ...

| | | |
|---|---|---|
| **facebook** | **-** | **Facts of Life 9** |
| **Instagram** | **-** | **facts_of_life_9** |
| **YouTube** | **-** | **facts_of_life_9** |
| **Twitter** | **-** | **Vijay Siyaram** |
| **Pratilipi** | **-** | **Vijay Siyaram** |


ઋણ સ્વીકાર.. ''ઉમાવાણી''

## ''આત્મન'' વિચાર માળા

- ❋ મને એક શબ્દમાં આખી દુનિયા લખવાનું કહે તો હું ''મા'' લખી નાખું.
- ❋ ઈશ્વરથી સૃષ્ટિમાં બધે પહોંચી વાળાયું નહિ એટલે એણે ''મા'' ની સૃષ્ટિ રચી.
- ❋ રોમે રોમે હેત ભર્યું, જેના વેણે વેણે વરદાન ઘેર-ઘેર એજ બિરાજે, ''મા'' રૂપે ભગવાન
- ❋ વાત્સલ્યમૂર્તિ, કરૂણામૂર્તિ અને પ્રેમમૂર્તિનો ત્રિવેણી સંગમ એટલે ''મા''
- ❋ ભગવાનને ભજવાથી ''મા'' મળતી નથી, પરંતુ ''મા'' ને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.
- ❋ જેની કોઈ ઉપમા નથી તે ''મા''
- ❋ મા કહેતાં મોઢું ભરાય ને મા એટલે મીઠાં મેવા.
- ❋ યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય, મિત્રતા ખરી પડી છે, પણ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો જ રહે છે.
- ❋ રેતીના કણને કદાચ ગણી શકાય, પણ માની મમતાને ન ગણી શકાય.
- ❋ માતાનો ખોળો એટલે દુનિયાની સૌથી સલામત જગ્યા
- ❋ ત્રણ જગતનો નાથ પણ મા વિના અનાથ
- ❋ આખો સાગર નાનો લાગે, જ્યારે 'મ' ને કાનો લાગે.
- ❋ માતૃપ્રેમ વહેંચવાનો વિષય નથી, માતૃપ્રેમ મુક્ત મને માણવાનો વિષય છે.
- ❋ ''મા'' શબ્દના ઉચ્ચાર માત્રથી નવી ચેતનાનો સંસાર થાય છે.
- ❋ પ્રેમનો સાક્ષાત્કાર એટલે જ ''મા''
- ❋ જેના પ્રમને ક્યારેય પાનખર ન નડે એનું નામ છે ''મા''
- ❋ કવિતા હોય કે કલાકૃતિ, પુસ્તક હોય કે નાટક, દરેક સર્જક નામ પોતાનું આપે છે પણ ''મા'' જેવું કોઈ સર્જક નથી. સંતાનને જન્મ આપી નામ પિતાનું આપે છે.
- ❋ માતા જૂના કે નવા જમાનાની હોતી જ નથી, માતા એ માતા છે, સર્વકાલીન, સર્વદા એ જ સમાન માતા
- ❋ મા એટલે લાગણીને લહેકો,<br>મા એટલે વહાલની વિરાસત,<br>મા એટલે બલિદાનનું બળ,<br>મા એટલે ત્યાગની તપસ્યા,<br>મા એટલે મા બીજું કોઈ નહિ.
- ❋ ઝવેરચંદ મેધાણીના શબ્દોમાં ''મા'' મારી જનનીના હૈયામાં પોઢતા પોઢતા પીધો કસુંબીનો રંગ..<br>એવા ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ, પામ્યો કસુંબીનો રંગ..<br>સૃષ્ટિ સર્જક સર્વે માતાના ચરણોમાં સાદર અર્પણ...!!!

''આત્મન''

# રામ એટલે શું ?

સંકલન : વિપુલ એમ. પટેલ
ઉંભેળ

પરાણા સુઈ રહે તેને આ-રામ કહેવાય
જે સુઈને ફરી કદી ઉઠતો જ નથી, તેને હે રામ કહેવાય.
મિત્ર જેવો લાગે એને સખા રામ કહેવાય.
જે રાજાને આદર્શ માનીને રહે છે તેને રાજા રામ કહેવાય.
હૃદયને જાણતો હોય તેને આત્મા રામ કહેવાય અને
એક પત્નીવ્રત પ્રમાણે વર્તતો હોય તેને સીતા રામ કહેવાય.
ભગવાન પણ જેના પગ પૂજે તેને તુકા-રામ કહેવાય.
કોઈ પ્રસંગે હાથમાં શસ્ત્ર ઉપાડીને અન્યાય અને
અધર્મી સામે લડનારાને પરશુ રામ કહેવાય.
જે અખંડપણે ભગવાન શ્રીરામનો દાસ બનીને રહે
તેને રામદાસ કહેવાય.
આજના યુગમાં જે સવારના પહોરમાં ઉઠાડે છે.
તેને તો એલા રામ કહેવાય.
જે સેવાનું વ્રત કરે છે તેને સેવા રામ કહેવાય.
જે પ્રસાદ પણ ગળ્યો મેવાનો બનાવે છે તેને મેવા રામ કહેવાય.
બીજું, આ લેખમાં લખેલું જેઓને સમજાયું હશે તે
સર્વેને રામ-રામ, રામ-રામ.
આમ જોવા જઈએ તો આ જેણે વાંચ્યું હશે,
તેણે અજાણતા જ અઢાર વાર રામ-રામનું નામ
ઉચ્ચારણ કર્યું કહેવાય. જાણકારી મેળવવામાં જ
વીસ વાર રામ-રામ લેવાયું કે નહીં ?
આમ જુઓ તો કુલ હવે એકવીસ વાર તમે રામ-રામ કહ્યું.
માટે મારા આપ સહુને જય જય શ્રીરામ.
ચાલો, એમ કરીને આટલીવાર ‘રામ’ શબ્દ વાંચીને કે
મનમાં ઉચ્ચારીને પણ રામ-નામ તો લેવાયું.
સર્વે મિત્રોને રામ-રામ.

## આજની વિડંબણા

સંકલન : મગનભાઈ લ. પટેલ
સીથાણ (જનકલ્યાણ માંથી)

માણસ હવે માણસને મળતો નથી,
ને જો મળે તો, એ હવે હસતો નથી.
બેસી રહે છે 'ફેસબુક' ના જ ફળિયે,
કોઈ તમારા આંગણે જડતો નથી.
દેખાઈ છે એ 'ઓન લાઈનો' ઉપર,
એકલો પડે પણ એ સૂનો પડતો નથી.
રોજ મજા માણે છે 'સેલ્ફી' હાથે લઈ,
સેલ્ફ સિવાય એ બીજેને ચાહી શકતો નથી.
મારી - તમારી સૌની છે એ સ્થિતિ
માણ હવે માણસને ઓળખતો નથી.

જો જીવનમાં શાંતી જોઈતી હોય
તો જીવનમાંખી કોણ શબ્દ કાઢી નાખો
કોણ શું કરે છે ?
કોનો કોની જોડે સંબંધ છે ?
કોણ કોના ઘરે આવે છે ?
કોણ કેટલું કમાય છે ?
કોણ ક્યારે આવ્યું, ક્યારે ગયું ?
કોણ કોના માટે કામ કરે છે ?
કોણે મારા માટે શું કર્યુ ? અને
છેલ્લે મારું કોણ છે આ દુનિયામાં ?
જિંદગી સરળ થઈ જશે.

# આ છે દોસ્તીની ઉદારતા...!!!

રસિકભાઈ ટી. પટેલ
ઉંભેળ

મિત્રતા - જીવનનો એક મહત્વ પૂર્ણ સંબંધ... આ એક જ સંબંધ એવો છે જે આપણે પસંદ કરી શકીએ છીએ. જેની ઈમારતનો પાયો બાળપણમાં ગલી મહોલ્લામાં રમતા રમતા કે પછી દરરોજ બસ કે ટ્રેનમાં એકસાથે મુસાફરી કરતાં પણ નંખાયો હો, અને પછી જીવનપર્યંત પણ ચાલે... ક્યારેક તો છેલ્લા શ્વાસ સુધી ચાલે.. એટલે જ કહેવાય છે કે ''મૈત્રી એ વરઘોડામાં પ્રગટ થતો ઉન્માદ નથી, પણ સ્મશાનની રાખમાંથી અસ્થિ વીણતો હાથ છે.''

મૈત્રી એ કંઈ ભાદરવાના ભીંડા જેવી થોડી હોય, કે બે છાંટા પડ્યા નથી ને ફટાફટ ઊગી નથી અને પછી... હું કોણ ને તુ કોણ ?!!।.. દોસ્તો સંબંધમાં સ્વાર્થની ગેરહાજરી એટલે મિત્રતા. વગર વિચાર્યે મન ખાલી કરવાનું ટસ્ટબીન એટલે મિત્રતા. મૈત્રી એટલે ગુલાબનું ફૂલ, જેમાં રંગ હોય, સુગંધ હોય તો સાથે કાંટાની સૌગાત પણ હોય, મૈત્રી ઉદાર હોય છે. એ દોસ્તને જેવો હોય એવો સ્વીકારે છે. અને નિરંતર ચાહે છે. આમ તો કૃષ્ણ - સુદામાની દોસ્તી જગજાહેર છે. પણ, મહાભારતમાં કર્ણનુ પાત્ર પણ દોસ્તીના નામે એક મિસાલ હતી. જેને કહેવામાં આવેલુ કે, ''દૂર્યોધન તો દુશ્મનપક્ષે છે. એની દોસ્તી છોડીને પાંડવોના પક્ષે રહીને લડે તો યુધ્ધ પૂરું થતાંજ પાંચેય પાંડવોથી મોટો હોવાને નાતે તને રાજગાદી મળી શકે છે.'' જો કે આવા તો અનેક પ્રલોભનો અને ખુદ કૃષ્ણનો હાથ ઠુકરાવતાં, એનો એક જ જવાબ હતો કે ''એ મારો મિત્ર છે. અને એકવાર મિત્ર કહ્યાં પછી એ કેવો છે એ બાબત બહુ ગૌણ બની જાય છે. હું પાટલી બદલી ને મારાં મિત્રની હાર માટે કાવતરાંખોરી નહી કરુ !!!'' આ છે દોસ્તીની ઉદારતા...!!!

બાકી જીવનમાં ઉતાર-ચઢાવ આવે ત્યારે તાળી મિત્રો અને થાળી મિત્રો આપણને છોડીને જતાં રહે છે. પણ સાચો મિત્ર એ વખતે પણ આપણી પડખે ઊભો રહે છે. આ છે સાચી અને ગાઢ મૈત્રીનું રહસ્ય. જો કે, આપણે ઈચ્છીએ એટલે કંઈ સારા મિત્રો આપણને મળી જતાં નથી. સારાં મિત્રો મેળવવા માટે આપણને પોતાને પણ સારાં અને સંનિષ્ઠ મિત્ર થતાં આવડવું જ જોઈએ. સો વાતની એક વાત... માણસ સામાજીક પ્રાણી છે એટલે એકલો નથી રહી શકતો. એને હસવા માટે, રડવા માટે, અને લડવા માટે પણ દોસ્ત જરૂરી છે...!

## શ્રદ્ધાંજલિ

**નીચેનાં જ્ઞાતિજનોની અવસાનની નોંધ લેતા ખેદ થાય છે. પ્રભુ એ સર્વના આત્માને ચિરઃ શાંતિ આપે.**

| ક્રમ | નામ | ગામ | મરણ તારીખ |
|---|---|---|---|
| ૧ | ઈશ્વરભાઈ લલ્લુભાઈ પટેલ | ઉંભેળ | ૦૨-૧૧-૨૦૨૩ |
| ૨ | અશોકભાઈ હીરાભાઈ પટેલ | કન્યાસી | ૦૪-૧૧-૨૦૨૩ |
| ૩ | જગદીશભાઈ ઠાકોરભાઈ પટેલ | ઉમરા | ૦૬-૧૧-૨૦૨૩ |
| ૪ | હંસાબેન અમૃતભાઈ પટેલ | કુડસદ | ૦૭-૧૧-૨૦૨૩ |
| ૫ | જશુબેન બાલુભાઈ પટેલ | બૌધાન | ૦૮-૧૧-૨૦૨૩ |
| ૬ | પુષ્પાબેન બળવંતભાઈ પટેલ | માંકણા | ૧૫-૧૧-૨૦૨૩ |
| ૭ | સુમનબેન મોહનભાઈ ખાસકીયા | સાંધીએર | ૧૮-૧૧-૨૦૨૩ |
| ૮ | હસમુખભાઈ ઈશ્વરભાઈ પટેલ | ઉમરા | ૨૦-૧૧-૨૦૨૩ |
| ૯ | આશાબેન ઠાકોરભાઈ પટેલ | નવાગામ | ૨૦-૧૧-૨૦૨૩ |
| ૧૦ | સરલાબેન કેશવભાઈ પટેલ | ડુંગરા | ૨૩-૧૧-૨૦૨૩ |
| ૧૧ | કાંતિલાલ મુળચંદભાઈ પટેલ | ગોથાણ | ૨૫-૧૧-૨૦૨૩ |
| ૧૨ | લતાબેન ડાહ્યાભાઈ પટેલ | સાયણ | ૨૭-૧૧-૨૦૨૩ |
| ૧૩ | નિશાકુમારી જીજ્ઞેશભાઈ ઠાકોરભાઈ પટેલ | પીપોદરા | ૨૯-૧૧-૨૦૨૩ |
| ૧૪ | છીતુભાઈ કેવળભાઈ પટેલ | માંકણા | ૩૦-૧૧-૨૦૨૩ |
| ૧૫ | બ્રિજેશકુમાર રાજુભાઈ પટેલ | પીપોદરા | ૦૨-૧૨-૨૦૨૩ |
| ૧૬ | નવિનભાઈ ઈશ્વરભાઈ પટેલ | ઉમરા | ૦૭-૧૨-૨૦૨૩ |
| ૧૭ | ગૌરીબેન છોટુભાઈ મગુના | છાપરાભાઠા | ૧૨-૧૨-૨૦૨૩ |
| ૧૮ | નિમિષાબેન હિરેનભાઈ પટેલ | ડુંગરા | ૧૨-૧૨-૨૦૨૩ |
| ૧૯ | ઈશ્વરભાઈ કાલીદાસ પટેલ | ભેસ્તાન | ૧૬-૧૨-૨૦૨૩ |
| ૨૦ | રમણભાઈ કાંતીભાઈ પટેલ | અબ્રામા | ૧૬-૧૨-૨૦૨૩ |
| ૨૧ | લક્ષ્મીબેન ભીખાભાઈ પટેલ | સીથાણ (U.S.A.) | ૨૧-૧૨-૨૦૨૩ |

# શ્રદ્ધાંજલિ

નીચેનાં જ્ઞાતિજનોની અવસાનની નોંધ લેતા ખેદ થાય છે. પ્રભુ એ સર્વના આત્માને ચિરઃ શાંતિ આપે.

| ક્રમ | નામ | ગામ | મરણ તારીખ |
|---|---|---|---|
| ૨૨ | ઠાકોરભાઈ કલ્યાણજી પટેલ | કામરેજ | ૨૨-૧૨-૨૦૨૩ |
| ૨૩ | અમૃતભાઈ દયાળજી પટેલ | દેલાડ (U.S.A.) | ૨૩-૧૨-૨૦૨૩ |
| ૨૪ | સવિતાબેન બાલુભાઈ પટેલ | જોખા (U.S.A.) | ૨૩-૧૨-૨૦૨૩ |
| ૨૫ | કમુબેન જયંતીભાઈ પટેલ | અઠવા ઉમરા | ૨૪-૧૨-૨૦૨૩ |
| ૨૬ | લલીતાબેન રમેશભાઈ પટેલ | કઠોદરા | ૨૪-૧૨-૨૦૨૩ |
| ૨૭ | રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | ઉંભેળ | ૨૫-૧૨-૨૦૨૩ |
| ૨૮ | ભગુભાઈ ડાહ્યાભાઈ પટેલ | મોરથાણા | ૨૮-૧૨-૨૦૨૩ |
| ૨૯ | મધુબેન નગીનભાઈ પટેલ | નવાગામ | ૨૮-૧૨-૨૦૨૩ |
| ૩૦ | સંગીતાબેન મહેશભાઈ પટેલ | સીથાણ | ૦૩-૦૧-૨૦૨૪ |
| ૩૧ | ઠાકોરભાઈ રણછોડભાઈ પટેલ | કઠોદરા | ૦૪-૦૧-૨૦૨૪ |
| ૩૨ | સુખદેવભાઈ બેચરભાઈ પટેલ | નનસાડ (U.S.A.) | ૦૫-૦૧-૨૦૨૪ |
| ૩૩ | રેખાબેન જગદીશભાઈ પટેલ | કુડસદ | ૦૭-૦૧-૨૦૨૪ |
| ૩૪ | ચીમનભાઈ નરોત્તમભાઈ પટેલ | કુડસદ | ૧૦-૦૧-૨૦૨૪ |
| ૩૫ | કુંજનભાઈ રમણભાઈ પટેલ | કુડસદ | ૦૯-૦૧-૨૦૨૪ |
| ૩૬ | સુશીલાબેન છોટુભાઈ પટેલ | ભેસ્તાન | ૧૪-૦૧-૨૦૨૪ |
| ૩૭ | ગજરાબેન ગોવિંદભાઈ પટેલ | ધોરણ પારડી | ૧૬-૦૧-૨૦૨૪ |
| ૩૮ | પ્રતિકકુમાર અરુણભાઈ પટેલ | કન્યાસી | ૧૮-૦૧-૨૦૨૪ |
| ૩૯ | જમનાબેન વિઠ્ઠલભાઈ પટેલ | કન્યાસી | ૧૯-૦૧-૨૦૨૪ |
| ૪૦ | લલ્લુભાઈ રણછોડભાઈ પટેલ | કારેલી | ૨૨-૦૧-૨૦૨૪ |
| ૪૧ | રેવાબેન વનમાળીભાઈ પટેલ | હરિપુરા | ૨૨-૦૧-૨૦૨૪ |
| ૪૨ | મનુભાઈ કેશવભાઈ પટેલ | પરબ | ૨૩-૦૧-૨૦૨૪ |
| ૪૩ | સંગીતાબેન સમીરભાઈ પટેલ | ઉમરા | ૨૫-૦૧-૨૦૨૪ |

**LAKOD ENTERPRISE**

*One Stop Solution for Digital Marketing Needs*

*Climb the Crest*

કૃતાર્થ પટેલ

(+91) 7984847221

**તમારા બિઝનેસને ઓનલાઈન લઈ જવા માટેની ઉત્તમ તક !**

**વેબસાઈટ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સાથે**

**સર્વિસીસ:**

- વેબસાઈટ ડિઝાઈન
- ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટવીટર પર માર્કેટિંગ
- બ્રોશર, ફ્લાયર, વિઝિટિંગ કાર્ડ, લોગો, સોશિયલ મીડિયા પોસ્ટ, બેનર, તમામ પ્રકારની ગ્રાફિક્સ ડિઝાઈન
- બ્રાન્ડ બિલ્ડીંગ
- ઈમેલ માર્કેટિંગ
- પેઈડ માર્કેટિંગ
- અને અન્ય ડિજીટલ માર્કેટિંગ સેવાઓ

**તમારી પ્રોડક્ટ્સ ઓનલાઈન વેચો તમારી વેબસાઈટ પર અમેઝોન, ફ્લિપકાર્ટ જેવી વેબસાઈટ બનાવો**

lakodenterprise.com

support@lakodenterprise.com, lakodenterprise@gmail.com

ફોલો કરો: @lakodenterprise



**Amar J. Patel** (M) 98250-55477

**Email : multimediaprintary@rediffmail.com**

# મલ્ટી મીડિયા

## પ્રિન્ટરી

## સ્કુલ અને કોલેજ નોટબુક

**સ્કુલ, સંસ્થા, ટ્રસ્ટ તથા સેવાભાવી સંસ્થાઓનું તેમના નામ સાથે પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.**

**All Types Of**

**Offset printing & Screen printing**

સાંઈબાબા પાર્ક, સાંઈ સદન, DCB બેંકની ગલી, સરદાર કોમ્પ્લેક્ષ ની પાસે, કડોદરા ચાર રસ્તા, તા. પલસાણા, જી. સુરત - ૩૯૪ ૩૨૭

॥ શ્રી ગણેશાય નમઃ ॥

## તીર્થયાત્રા & હોલીડેઝ પેકેજ

## Summar & Winter Special

અક્ષયભાઈ – Mo. : 98251 56665
અતુલભાઈ – Mo. : 98240 16669
(ડુંગરાવાળા)

# શ્રી KRISHNA HOLIDAYS

યુ/૨૬, કાશી પ્લાઝા,
કામરેજ ગામ રોડ, કામરેજ ચાર રસ્તા.



### સ્પે. કાશ્મીર

વૈષ્ણોદેવી દર્શન, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહલગામ, વાઘા બોર્ડર, ગોલ્ડન ટેમ્પલ

પ્રવાસ દિવસ – ૧૨

તારીખ : 25-02 / 12-04 / 05-05 / 15-05 / 25-05-24

₹ 18,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 19,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### સ્પે. લેહ લડાખ સાથે કાશ્મીર

શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, કારગીલ, લેહ, નુબ્રાવેલી, પૈંગોગલેક

પ્રવાસ દિવસ – ૧૫

તારીખ : 05-05-2024 / 16-05-2024

₹ 27,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 28,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### સ્પે. હિમાચલ

સિમલા, કુલ્લુ મનાલી, ડેલહાઉસી (મીની સ્વિટ્ઝલેન્ડ) અને અમૃતસર

પ્રવાસ દિવસ – ૧૧

તારીખ : 14-05-24 / 23-05-24

₹ 18,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 19,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### સ્પે. કેરાલા

કોચિન, મુન્નાર, થેકડી, એલેપ્પી, કોવાલમ, પુવાર બેક વોટર

AC બસ પ્રવાસ દિવસ – ૧૦ AC હોટલ

તારીખ : 28-02-24 / 15-05-24

₹ 16,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 17,800/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### સ્પે. ભુતાન

થીમ્પુ, પુનાખા, પારો જલદાપારા

પ્રવાસ દિવસ – ૧૨

તારીખ : 16-05-2024 / 24-05-2024

₹ 31,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 32,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### વૈષ્ણોદેવી દર્શન, પટનીટોપ, શિવખોડી અને અૃમતસર

પ્રવાસ દિવસ – ૦૯

તારીખ : 05-05-24 / 20-05-24

₹ 10,000/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 11,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### તિરૂપતિ, કન્યાકુમારી, રામેશ્વરમ, વેલ્લુર ગોલ્ડન મંદિર, (ત્રિવેન્દ્રમ, મદુરાઈ સાથે)

AC બસ પ્રવાસ દિવસ – ૧૦ AC હોટલ

તારીખ : 08-03-24 / 07-05-24

₹ 16,400/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 18,000/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### કલકત્તા, ગંગાસાગર, જગન્નાથ પુરી, કામાખ્યા દેવી

પ્રવાસ દિવસ – ૧૧

તારીખ : 13-03-24 / 05-05-24

₹ 14,900/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 16,400/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### ચારધામ યાત્રા

હરિદ્વાર, યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ

પ્રવાસ દિવસ – ૧૪

તારીખ : 14-05-2024 / 25-05-2024

₹ 23,500/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૪ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)



### સ્પે. નેપાળ

કાઠમંડુ, પોખરા, ચિંતવન, લુમ્બીની, વારાનસી, પ્રયાગરાજ

AC બસ પ્રવાસ દિવસ – ૧૨ AC બસ

તારીખ : 12-03-24 / 14-05-24

₹ 17,200/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૩ વ્યક્તિ)

₹ 18,900/-* વ્યક્તિદીઠ (એક રૂમમાં ૨ વ્યક્તિ)

(રહેવા–જમવા સાથે)

- અમારી યાત્રામાં ટ્રેનની ટીકીટ (નોન એસી), યાત્રા બસ, રહેવા માટે ડિલક્ષ હોટલ અને ગુજરાતી જમવાનું સાથે રહેશે. (ટ્રેનમાં જમવાનું સ્વખર્ચે)
- દરેક યાત્રામાં બુકીંગ માટે આધારકાર્ડ ઝેરોક્ષ (આઈ.ડી.પ્રુફ) અને ૨ ફોટો અને 35% યાત્રા ફી જમા કરાવવાની રહેશે.

**૧૨૦ દિવસ પહેલા ટ્રેનનું બુકીંગ કરવું જરૂરી છે માટે વહેલા તે પહેલા બુકીંગ કરાવો...**

## EUROPE GROUP TOURS

Starting from 11 NIGHT / 12 Days

**DEPARTURE DATES**
29 APRIL 2024
01, 08, 20, 25 MAY
01, 05, 19, 22 JUNE
3,15 JULY

**ADULT COST**
Starting @ 3,38,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
**SUMMER SPECIAL**

## USA GROUP TOURS

Starting from 07 NIGHT / 08 Days

**DEPARTURE DATES**
25,30 APRIL 2024
8,15,30 MAY
13,19,26 JUNE
3,11,16 JULY

**ADULT COST**
Starting @ 1,75,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **SUMMER SPECIAL**

## CANADIAN ROCKIES

09 NIGHT / 10 Days

**DEPARTURE DATES**
24 MAY 2024
14 JUNE
12 JULY
02 AUG

**ADULT COST**
Starting @ 3,17,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **SUMMER SPECIAL**

## KASHMIR GROUP TOURS

07 NIGHT / 08 Days

**DEPARTURE DATES**
21 MARCH 2024
04 APRIL

**ADULT COST**
Starting @ 89,000
PER PERSON-Incl. GST

***SPECIAL ATTRACTIONS***
- **SUMMER SPECIAL**
- **FLIGHT INCLUSIVE**

## SCENIC SRI LANKA GROUP TOUR

07 NIGHT / 08 Days

**DEPARTURE DATES**
26 JAN 2024
10 FEB

**ADULT COST**
Starting @ 1,02,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **SUMMER SPECIAL**
- **FLIGHT INCLUSIVE**

## ASSAM NORTH EAST TOUR

09 NIGHT / 10 Days

**DEPARTURE DATES**
11 MARCH 2024

**ADULT COST**
Starting @ 1,01,500
PER PERSON-Incl. GST

- **FLIGHT INCLUSIVE**

## SINGAPORE, MALAYSIA WITH CRUISE

08 NIGHT / 09 Days

**DEPARTURE DATES**
14,22,28 JANUARY 2024
06,18,25 FEBRUARY
10,17,24 MARCH

**ADULT COST**
Starting @ 1,50,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **INCL FLIGHT TICKET**

## JAPAN - CHERRY BLOSSOM

10 NIGHT / 11 Days

**DEPARTURE DATES**
22,24,29 MARCH 2024
06,07,09 APRIL
10,14,21 MAY

**ADULT COST**
Starting @ 3,90,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **CHERRY BLOSSOM**
- **MAHARAJ TOURS**

## DUBAI

06 NIGHT / 07 Days

**DEPARTURE DATES**
13,19,22 JANUARY 2024
03,18,26 FEBRUARY
06,13,20 MARCH
10,17,24,APRIL

**ADULT COST**
Starting @ 89,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
**SUMMER SPECIAL**

## SOUTH AFRICA

13 NIGHT / 14 Days

**DEPARTURE DATES**
22 FEBRUARY 2024
14 MARCH

**ADULT COST**
Starting @ 2,94,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **KRUGER NATIONAL PARK**
- **FLIGHT INCLUSIVE**

## BALI

06 NIGHT / 07 Days

**DEPARTURE DATES**
05,16,28 JANUARY 2024
11,20,FEBRUARY
15,23 MARCH

**ADULT COST**
Starting @ 91,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

## VIETNAM

08 NIGHT / 09 Days

**DEPARTURE DATES**
26,31 JANUARY 2024
21,23 FEBRUARY
15,22 MARCH

**ADULT COST**
Starting @ 1,25,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

***SPECIAL ATTRACTIONS***
- **MAHARAJ TOUR**

## AUSTRALIA WITH NEWZEALAND

17 NIGHT / 18 Days

**DEPARTURE DATES**
02,21, MARCH 2024
02,28 APRIL
09,14 MAY
04 JUNE

**ADULT COST**
Starting @ 5,24,000
PER PERSON-Incl. GST
TCS EXTRA**

**OTHER DESTINATION :**
**EUROPE, MALDIVES, SPAIN, SEYCHELLS, PHILIPPINES, ICELAND, MAURITIUS, THAILAND, OMAN**

**OTHER SERVICES :**
**PASSPORT, AIR TICKETS, VISA, DOMESTIC (INDIA) PACKAGES**

**FLAMINGO Flyers**

**M-1, Jolly Square, Opp. Ram Chowk Mandir, Near Croma, Ghod dod Road, Surat-395007**
**Mob. : 98794 77633**



પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા
સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો
ગુરુ
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www. niramayayurveda.com
રી–સર્ચ ફોર આયુર્વેદા
ગુરુ
'' પ્રતિક હાઉસ '' ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧–૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
વૈદ્ય નરસિંહાકાકા
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦
ડો. પી. યાદય્યા
સંધિવાત - ઘુંટણના ઘસારા (Osteoarthritis)
લકવો (Paralysis - Hemiplegia)
ગરદનના મણકાના ઘસારા (Cervical Spondylosis)
કમરના મણકાના ઘસારા (Lumbar Spondylosis)
સર્વાંગ સંધિવાત (Polyarthritis)
ઘુંટણની ગાદી ફાટી જવી (Meniscus tear - ACL tear)
ખભો જામ થઈ જવો (Frozan Shoulder)
એડીનો દુઃખાવો (Calcaneal spur)
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦
● આમવાત - Rheumatoid Arthritis ● કંપવાત - Parkinson's
અન્ય રોગોમાં લાભદાયી અગ્નિકર્મ
● વિવિધ કેન્સર ● કણી ● મસક ● રસોળી
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
પાઈલ્સ અને પથરીના
રોગોથી પરેશાન છો ? ?
અર્શ–મસા–ભગંદર, જુનો મરડો, કબજયાત
પેશાબની પથરી, કીડનીની પથરી
રી–સર્ચ આયુર્વેદિક જડીબુટ્ટી ઔષધ સારવાર
કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ-જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ-સહાયક આયુર્વેદિક સારવાર
સુરત રત્ન એવોર્ડ
કામરેજ : ૩૫, રત્નપુરી સોસાયટી, યાદગાર જયુસ પાછળ, સંકલ્પ હોસ્પિટલની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. ફોન : ૭૫૭૪૮૬૧૮૫૮ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર ગરૂવારે -૧૦.૦૦ થી ૧.૦૦
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેકટરી–અસ્તાન રોડ, બારડોલી.
ફોન : ૦૨૬૨૨–૨૨૦૦૨૬,૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦
વડોદરા : શોપ નં: ૮, મેબલ એપાટમેન્ટ, દીપ ચેમ્બર રોડ, માજલપુર, વડોદરા.
સમય : દર મહીના ના ૧ લો અને ૩ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન: ૭૫૭૪૮ ૬૧૮૬૬
ભરૂચ : A-૨૨, અમરદીપ, કોમ્પ્લેક્ષ, ફલશ્રુતિ નગર, બસ ડેપો પાસે, ભરૂચ.
સમય : દર મહીના ના ૨ જા રવિવારે - ૧૦.૦૦ થી ૩.૦૦, ફોન: ૭૫૭૪૮ ૬૧૮૬૬


વિદ્યામંગલ નિવાસી શાળા


જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ શાળા


ઉમામંગલ


કૃષિમંગલ

## પંચસૂત્રી કાર્યક્રમ

### આટલું તો કરીએ જ

- ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની છબી રાખીએ.
- કડવા પાટીદાર સગપણ (ચાંલ્લો) પ્રસંગે માતાજીનો ચાંદીનો સિક્કો આપીએ.
- દીકરા-દીકરી ના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.
- કડવા પાટીદાર દંપતીને લગ્ન કર્યા પછી દર વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવવી.
- આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશકિત ફાળો દર વર્ષે માતાજીને ભેટ રૂપે મોકલીએ.

વ્યવસ્થાપક કમિટિ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા (ઉ.ગુ.) ૩૮૪ ૧૭૦

PRINTED MATTER

To, ______________________________

______________________________

______________________________

______________________________

From :-
**કડવા પાટીદાર કેળવણી મંડળ**
'કૃષિમંગલ' જે. પી. રોડ, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૭૫૫૨૫, મો.: ૯૮૨૫૩ ૦૫૧૪૬
Gujarat (INDIA), krushimangalhall@ymail.com

ઉમામંગલ : ૯૯૦૯૫ ૮૩૩૮૧
વિદ્યામંગલ ગુજરાતી માધ્યમ : ૯૫૩૭૧ ૯૩૯૩૯, vidyamangalschool@yahoo.com
જ્ઞાનગંગા અંગ્રેજી માધ્યમ : ૯૫૩૭૧ ૯૪૯૪૯, contact@vidyamangalschool.org

મલ્ટી મીડિયા
કડોદરા - ૯૮૨૫૦ ૫૫૪૯૭